પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૫૮ ॥

पंच मंगल महासुयक्खंध सुत्तं ।




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।


પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# નવપદથી પરમપદ

યોગ અસંખ્ય છે જિન કહ્યાં, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે.




નવપદ તત્ત્વત્રયી સ્વરૂપ જ છે:
અરિહંત - સિદ્ધ = દેવતત્ત્વ,
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ = ગુરુતત્ત્વ,
સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ = ધર્મતત્ત્વ.
આત્મશુદ્ધિ માટે નવપદનું ધ્યાન (૧૬ સ્વરો સહિત) સર્વશ્રેષ્ઠ છે.

---

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે**
**'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

---

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૫૮॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 58

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.


---


## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com


---


## ☐ SPONSOR

Shri C. K. Mehta
Vadodara | Mumbai


---


## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra


---


## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મનમોહનસૂરીશ્વરજી મહારાજ સાહેબને મેં હમણાં પૂછ્યું કેઃ ''સાહેબજી, આપ જ્યારે સાત વર્ષ પૂર્વે સૌ પ્રથમ વાર આ રોજનીશીઓ વાંચતા હતા, ત્યારે આપને અપૂર્વ ભાવો થતાં. હવે રોજ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના વાંચનથી કેવા ભાવો થાય છે?'' ત્યારે સાહેબે કહ્યું કેઃ ''હેમપ્રભ મહારાજ, મને તો રોજેરોજ આત્મજાગૃતિનો ખજાનો પ્રાપ્ત થઈ રહ્યો છે તથા નવા નવા ભાવોથી ભાવિત બનતો જાઉં છું! મને આંખની તકલીફ છે, સાંભળવામાં પણ થોડી ખેંચ પડે છે, છતાં દરરોજ તમો સૌ અલગ-અલગ મહાત્માઓ મને હસ્તાક્ષરનું ચિંતન સંભળાવો છો, તે સાંભળી એનું ચિંતન કરૂં છું, ત્યારે લાગે છે કે જાણે પંન્યાસજી મહારાજ સ્વયં મારી ઉપર અનુગ્રહ કરે છે, તેથી અંતરથી અત્યંત ભાવિત થાઉં છું.''

એ પછી મને કહ્યુંઃ ''તમો આ ચિંતન વાંચો...'' અને મેં તે વાંચ્યા, આનંદ છવાઈ ગયો! સર્વ જીવરાશિ ઉપરના પ્રેમના તે ભાવોથી હવે તો સદા માટે ભાવિત થઈ જ જવું છે, તેમ લાગ્યું! આવો, પ્રેમની એ રસધારમાં આપણે સૌ સાથે જ ભીંજાઈએઃ

'પ્રેમમાં સૌ પરાજય ઈચ્છે છે. જ્ઞાનમાં બીજાને પરાજય કરવા ઈચ્છનારો પણ પ્રેમમાં બીજાથી પરાજિત થવા ઈચ્છે છે. માતા પાસે જ્ઞાન નથી - પ્રેમ છે, તેથી તેને જીતી ન શકાય. માતાનું ગૌરવ પિતા કરતાં હજાર ગુણું, આચાર્ય કરતાં લાખ ગુણું અને ઉપાધ્યાય કરતાં ૧૦ લાખ ગુણું વધી જાય છે, તે બતાવે છે કે પ્રેમનો ૧ અંશ જ્ઞાનના ૧૦ લાખ અંશને ય ટપી જાય છે. તીર્થંકર પરમાત્માનું પૂજ્યતમત્વ તેમના જ્ઞાનના કારણે નહીં પણ તેમના પ્રેમના કારણે છે.

જ્ઞાન અથવા શક્તિના વિષયમાં તીર્થંકરોની બરાબરી કરી શકે તેવા તો ઘણા છે, પરંતુ પ્રેમના વિષયમાં તેમની બરાબરી તેમના સિવાય બીજા કોઈથી થઈ શકે નહીં. જેમ સૂર્યની બરાબરી સૂર્યથી, ચંદ્રની ચંદ્રથી, મેરૂની મેરૂથી, સમુદ્રની સમુદ્રથી અને રામની બરાબરી રામથી જ થાય, તેમ માતાના પ્રેમની બરાબરી માતાથી જ થાય અને તીર્થંકરોના પ્રેમની બરાબરી તીર્થંકરોથી જ થઈ શકે.

તીર્થંકરો પ્રેમના ભંડાર, માધુર્યના સાગર છે. તેઓ ચંદ્રની જેમ નિર્મળ છે, મેરૂની જેમ ધીર છે, પૃથ્વીની જેમ સ્થિર છે, સાગરની જેમ ગંભીર છે, કુસુમની જેમ કોમળ છે અને વજ્રની જેમ કઠોર છે. પ્રેમમાં માધુર્યનો સાગર છે, પાવિત્ર્યનો પર્વત છે, કુસુમની કોમળતા, ગંગાની નિર્મળતા, ચંદ્રની રમણીયતા, સાગરની અંનતતા અને પૃથ્વીની ક્ષમતા છે. માત્ર પ્રેમની દ્રષ્ટિએ જોવાથી ભક્તિના સાગર ઉછળશે. તીર્થંકરોનો પ્રેમ સર્વથી અધિક છે, માટે તેમના ઉપર ભક્તિ પણ સૌથી વધુ પ્રગટવી જોઈએ. તીર્થંકરોમાં જ્ઞાન, શક્તિ, ચારિત્ર અને તપ બધું હોવા ઉપરાંત સર્વ જગ-જંતુ ઉપર સમાન અસ્ખલિત પ્રેમ છે. તીર્થંકર પરમાત્મા જો સર્વ જીવો પ્રત્યે પ્રેમ આપે, તો સર્વ જીવોએ બદલામાં તેમને શું આપવું જોઈએ? માતા પ્રેમ આપે છે, તો તે માતા પ્રત્યે ભક્તિ કોને નથી જાગતી? એક ક્રોડ માતાનો પ્રેમ એકઠો કરીએ, તો પણ તીર્થંકરના પ્રેમને ન પહોંચે, કેમકે તેમનો પ્રેમ અનંતાનંત જીવો પ્રત્યે છે.'

પરમાત્માના પ્રેમના પ્રકર્ષને વર્ણવતી ચિંતનધારા તો ઘણી લાંબી છે, પણ અહીં ફક્ત હાઈલાઈટ કરી છે. આવા જ ભાવોમાં ભાવિત બની જતાં મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન ગુરૂભકતાત્મા **સી.કે.મહેતા**ની અપ્રતિમ ઉદાત્તવૃત્તિનું દરેક ભાગ આવતાં સ્મરણ થાય છે, જેઓ સદૈવ પોતાની યશોગાથાથી કોશો દૂરે રહેવા ઈચ્છે છે, કિન્તુ સમસ્ત સંઘ ઉપર તેઓનો મહત્તમ આ ઉપકાર અવિસ્મરણીય રહેશે. ઘરમાં અચાનક પ્રગટ થયેલાં નિધાનને પામીને કોઈ રંકને જેટલો આનંદ થાય, તેનાથી કઈ ગણો આનંદ આપણે પામી રહ્યા છીએ અને એ નિધાનને આવી સુંદર રીતે પ્રગટ કરવા અનુમોદન કરવું જ પડે અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમની ટીમનું, જેઓની અનહદ - અમાપ ભક્તિપૂર્વકની મહેનતથી આપણે સૌ અનવરતપણે અંતિમ છ વર્ષથી પ્રત્યેક મહિને આ નિધાન પામવા સદ્ભાગી બની રહ્યા છીએ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# સાધનાશિખર ઉપરનો સુવર્ણકળશ - સાક્ષીભાવ!



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણી વિષે જ્યારે પ્રથમ વાર મારી પાસે વાત આવી, ત્યારે મનમાં થયેલું કે આ તો ખૂબ દીર્ઘકાળનું અને અઘરૂં આયોજન થવાનું છે, કિન્તુ પછી ગુરૂ મહારાજનાં જ શબ્દો સ્મૃતિવંત થયાં કેઃ 'શબ્દકોષમાં એક પણ અક્ષર એવો નથી કે જેનો મંત્ર ન બને!' ...અને એમ થયું કે તેમની તો પ્રત્યેક અનુપ્રેક્ષા, પ્રત્યેક ઉદ્‌ઘોષિત્ શબ્દ કે પ્રત્યેક લેખિત અક્ષર મંત્ર સમાન જ છે! તેથી નિર્ણિત કર્યું કે સાક્ષીભાવે હું તેમના મંત્ર સમા આ હસ્તાક્ષરોની સર્જનયાત્રાને નિહાળીશ!

આજે આ શ્રેણીનું ૫૮મું પુષ્પ જ્યારે સુરભિત બની રહ્યું છે, ત્યારે આ સુદીર્ઘ અને અઘરાં આયોજનને ગુરૂકૃપાની અનરાધાર વર્ષા થકી જ પરિશ્રમલાધ્ય રીતે પણ આસાનીથી પાર પડતું જોઈને આ વાઙમય શકિતમાં નખશીખ ભીંજાઈ રહું છું.

અંતિમ વર્ષોમાં તેઓની જે મૌન ભીતરયાત્રા મારવાડના તીર્થસ્થળોમાં જોયેલ, તેમાં સૌથી વધુ મુજ હૃદયસમીપ રહ્યો હોય, તો તેઓની જીવનભરની સાધનાનાં શિખર ઉપર જાણે સુવર્ણકળશ સમો શોભતો તેઓનો સાક્ષીભાવ! આજે અષ્ટદાયકા સમીપ પહોંચી હું પણ તેવા જ સાક્ષીભાવની પ્રાર્થના કરૂં છું... અને મને તો તેઓ તરફથી સદૈવ પાણી માંગતાં દૂધ જ મળ્યું છે! તેઓની આ અપૂર્વ હસ્તાક્ષરનાવ દ્વારા થતી આપણી આ ક્ષીરસમુદ્રયાત્રા આપણને સૌને ભવપાર ઉતારે, તે જ મનોરથ સહ...

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












રે રે લક્ષણ - કાવ્ય - નાટક - કથા, ચમ્પૂ - સમાલોકને,
ક્વાયાસં વિતનોષિ બાલિશ! મુધા, કિં નમ્રવક્ત્રામ્બુજઃ।
ભક્ત્યાઽઽરાધય મન્ત્રરાજમહસાઽનેનાનિશં ભારતીં,
યેન ત્વં કવિતાવિતાન - સવિતા - ઽદ્વૈતપ્રબુદ્ધાયસે ॥

સં. ૨૦૩૧, કારતક વદી ૩, સોમવાર, તા. ૨-૧૨-૧૯૭૪

મુંડારા (રાજસ્થાન), 'દીક્ષા દિન'

અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનં ।
દેહાન્તે તવ સાન્નિધ્યં, દેહિ મે પરમેશ્વર ! ॥

## રાજા કુમારપાળની આરાધના

(૧) ૧૪૪૪ નવા મંદિર - ૧૬૦૦ જુના મંદિર.

(૨) ૨૧ જ્ઞાનભંડાર (૨૧ ક્રોડ રૂપિયા).

(૩) એક પીઠ ઉપર ૩૨ જિનમંદિર - ૩૨ પ્રકાશ.

(૪) ત્રિકાળપૂજામાં મધ્યાહ્ને કાળે મહોત્સવ.

(૫) સાધર્મિક ઉદ્ધાર માટે ક્રોડ દિનાર,
ઉચિતદાનમાં ૯૮ લાખ, નિઃસંતાનનો ૭૨ લાખ કર માફ.

(૬) અમારિપટહ તથા ૭ વ્યસનનો દેશનિકાલ.

(૭) વર્ષમાં સાત વાર તીર્થયાત્રા.

(૮) નિત્ય સાધુવંદન - સામાયિક - પ્રતિક્રમણ.

(૯) ચાતુર્માસમાં નિત્ય એકાશન તપ ઉપરાંત
સચિત્તત્યાગ - વનસ્પતિનો ત્યાગ - પાંચ વિગઈત્યાગ.

(૧૦) નિત્ય રાત્રિભોજન - કંદમૂળ અને અભક્ષ્યત્યાગ.

(૧૧) અષ્ટમી - ચતુર્દશીએ પૌષધ, રાત્રે કાયોત્સર્ગ.
પારણે ભોજન પૂર્વે સાધર્મિક ભક્તિ.

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

'કર્મનો બોજો ઉતારવાનો સુંદરમાં સુંદર અને
સહેલામાં સહેલો ઉપાય એ નવકાર છે.'
આ વિચારથી પણ ઘણો બોજો ઉતરી જાય.
નવકાર જેને મળ્યો, તે કર્મના બોજથી હળવો બને.
નવકાર મંત્રના સ્મરણની સાથે એમાં શું રહેલું છે,
તેના ચિંતનનો પણ ચાલતાં જ રહીએ.
નવકાર મંત્રમાં જે છે, તે જો સમજાય તો જગતમાં
સારું ગણાતું બધું જ એની દૃષ્ટિમાં તુચ્છ બની જાય.
આખો સંસાર અને એના ગણાતાં સુખો
વિષય-કષાયના ક્લેશથી ભરેલાં છે.
જગતમાં જે કાંઈ છે, તે બધો રોગ છે અને
નવકારમાં જે છે, તે બધું રોગરહિત આરોગ્ય છે.
નવકારમાં જે છે, તે બધું સદ્ગતિમાં લઈ જનાર છે.
સંસારમાં જે કાંઈ છે, તે બધું દુર્ગતિમાં લઈ જનાર છે.
નવકારનો જાપ એ માટે કરવાનો છે કે:
નવકારમાં જે છે, તે બધું મને મળે અને
એમાં જે નથી, તે બધું છૂટી જાય તથા
હું એમના સહિત પંચ પરમેષ્ઠિ જેવો થાઉં.

નવકાર ગણનારને 'નવકારમાં શું લખ્યું છે?'
તે જાણવાની ઇચ્છા હોય જ અને
જાણીને તે જીવવાની પણ ઇચ્છા હોય જ.
અરિહંતની આરાધના જ મોક્ષપ્રાપ્તિ કરાવે તથા અરિહંતની
આરાધના જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ બની શકાય.
નવકાર એ અરિહંતની ભક્તિનું જ પ્રતીક છે.
'આપવું એ જ પુણ્ય છે, તેમ લેવું એ પાપ છે'
એમ ન માનીએ, તો નવકાર ન સ્પર્શે.
'લેવું એ બંધન છે - પરાધીનતા છે અને
આપવું એ જ પુણ્ય છે' એ વિશ્વાસ હોવાથી જ
નયસારના ભવમાં વીર વિભુ સમકીત પામ્યાં હતાં.
લેવાની ઇચ્છામાત્ર પાપ છે,
બીજાને આપવાનો પ્રયત્ન તે ધર્મ છે.
દેવ-ગુરુ પાસે પણ કાંઈ માંગવાની ઇચ્છા ન રાખો,
તેમની સેવા કરો એટલે આપોઆપ મળશે.
નવકાર = અહંકારને નમવું નહિ તે. બીજાની આશા
રાખવી, તે તો ભિખારીપણું છે, માટે સ્વાશ્રયી બનો.
નમવા યોગ્યને નમવું, સમગ્ર વિશ્વવ્યવસ્થા, નમસ્કારને
યોગ્ય છે, એમ માનીને નમ્ર રહેવું, તે ભાવનમસ્કાર છે.

નમસ્કાર એટલે... પ્રત્યેક સારા અને નરસા
બનાવો પ્રત્યે નમ્રતા - વિરોધનો અભાવ.
Non - resistence, Total surrender.
કર્મ છેદે તેમ પુણ્ય વધે. અહંકારથી જે સહન કરે,
તેના હજારમા ભાગે નમસ્કારથી સહન કરે,
તેનાં ઘણાં કર્મ ખપી જાય.

જેનામાં જયણા હોય, તે જૈન છે.

ખાવા - પીવા - બેસવા - ઉઠવા -
સુવા તથા ચાલવામાં જે યતનાવાળો છે, તે જૈન છે.

નમસ્કાર એટલે...
ભૂલનું મિચ્છામિ દુક્કડં હર્ષથી આપવું તે.
સુકૃતને હર્ષથી વધાવી લેવું, તે નમસ્કાર છે.
સંસારને અસહાય માનવો અને
મોક્ષમાર્ગે રહેલાને સહાયક માનવા, તે નમસ્કાર છે.
આખા સંસારના પાપની જે અનુમોદના થઈ રહી છે,
એક નિયમ ધારવાથી તે દરેક પાપ અટકી જાય છે.
પાપનો માલિક મિથ્યાત્વ, બધા પાપોનો તે રાજા છે.
પુણ્યના માલિક શ્રી તીર્થંકર ભગવાન,
તેમનું તીર્થ અને તેમનો ઉપદેશ છે.

ગમે તે સ્થિતિમાં સમતાથી રહેવું, તે જીવન જ ખરૂં જીવન છે, અને કલ્યાણસ્વરૂપ નમસ્કારભાવ છે અને મુક્તિનું પરમકારણ છે.

ૐમાં જે ૩।। આવર્ત છે, તે કુંડલિનીના ૩।। આંટા છે. તેમાં પરમેષ્ઠિ ભગવંતોનો ન્યાસ છે, સ્થાપના છે. તે વડે ૨૪ તીર્થંકરોનું ધ્યાન થાય છે.

અઢાર પાપસ્થાનકોમાં રતિ - અરતિ પંદરમું પાપ છે. સર્વ અવસ્થામાં રતિ - અરતિ ન કરવી, તે સમાધિ છે. નવકારથી રતિ - અરતિરૂપી પાપ ટળે છે, તેથી સમાધિનું સુખ મળે છે. રાગ - દ્વેષ મર્યાદા તોડનારા છે, તે ન થાય, તે માટે સાગરવર ગંભીર બનવું.

રાગ - દ્વેષમાં ઉદાસ મનોવૃત્તિરૂપ ચંદન અને પુષ્પથી પ્રભુની પૂજા કરવાની છે.

પરમેષ્ઠિનું શરણ એટલે દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મનું સેવન, તે જ તાત્વિક શરણ છે.

આત્મા એ ઐક્યદર્શન છે, જગત એ વિવિધતા છે. ઐક્યદર્શનમાં વિવિધતા વડે જ કરુણતા પ્રકટે છે. જગતની વિચિત્રતા વડે રાગી - દ્વેષી ન બનવું, તે જ ઐક્યદર્શનમાં વિશેષતા પ્રકટાવવાનો ઉપાય છે.

આત્માને પરમાત્મા બનાવનાર જગત સાથે
ઔચિત્યપૂર્વકનો અને રાગ-દ્વેષ વિનાનો સંબંધ રાખવો,
એ દૃષ્ટિ કેળવવા માટે જગત ઉપકારી છે.

બહિરાત્મા માટી છે, તેમાં રત્ન પડ્યું છે.
અંતરાત્મા દ્વારા પરમાત્મદશા પ્રગટાવવાની છે.

શરીરાદિ ઉપર મમત્વ તે બહિરાત્મભાવ,
શરીરાદિ ઉપર નિર્મમત્વ - નિર્મોહિતા તે અંતરાત્મભાવ
અને સંપૂર્ણ આત્મભાવ તે પરમાત્મદશા.

નમસ્કારમય ક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય,
તે વિના પાપાનુબંધી પુણ્ય બંધાય.

કર્મનું ઋણ છે, તેથી છૂટવા માટે જે ક્રિયા થાય, તે
સર્વ ક્રિયા નમસ્કારમય છે.

ઉપવાસ કાયિક ક્રિયા છે, વિનય માનસિક ક્રિયા છે,
તેથી છ મહિનાનાં ઉપવાસ કરતાં પણ અભ્યંતર તપમાં
સમાવિષ્ટ એવા વિનયનું ફળ અધિક છે.

નિમિત્તો આપણને નિર્મળ બનાવનારા છે,
તેને આપણે અવિનયથી ખરાબ કરીએ છીએ.
'અવિનય' એટલે વિરોધ, નાખુશી.

કર્મનો ભાર વધારવો કે ઘટાડવો, તે આપણા હાથમાં છે.

ઔચિત્ય ગુણ સર્વ ગુણોનો અલંકાર છે.

શરીર નિત્ય મિત્ર કહેવાય છે, પરન્તુ રાગીને તો તે નિત્ય શત્રુ બને છે. શરીર ઉપરનો અહંકાર-મમકાર એ તપ-સંયમાદિ બધા ગુણોને ધૂળ ભેગા કરી દે છે.

આરોગ્ય એટલે કર્મરોગથી છૂટવું તે.

બોધિલાભ એટલે શ્રેષ્ઠ બુદ્ધિ, જે પ્રાપ્ત થતાં આત્મામાં નવનવા પ્રકાશ ઉત્પન્ન થાય છે, તેમાંથી આત્મરમણતા અને સમાધિનું સુખ પ્રાપ્ત થાય છે.

સ્વાધ્યાયથી મનોગુપ્તિ અને વચનગુપ્તિ સધાય છે.

જેમ નદીમાં તરંગો હોય, ત્યાં શુદ્ધ તળીયું ન દેખાય,
તેમ મન-વચન-કાયાના યોગો ચંચળ હોય,
ત્યાં શુદ્ધ આત્માનું પરમાત્મસ્વરૂપ ન દેખાય.

મન-વચન-કાયાની ગુપ્તિથી શુદ્ધ આત્મદર્શન થાય.

ભગવાનની આજ્ઞા છે કે
પોતે દુઃખ વેઠો અને બીજાને સુખ આપો.
અકામપણે પણ આ આજ્ઞા પાળવાથી
પુણ્ય બંધાય છે અને જીવ ઊંચો આવે છે.

અહંકારનું લક્ષણ : મારું સારું, બીજાનું ખોટું. શરીરમાં અનેક દોષ છતાં મારું માન્યું, માટે દોષ દેખાતાં નથી.

ભગવાનમાં અનંત ગુણ હોવા છતાં આપણે
ભગવાનને પરાયાં માન્યા, માટે ગુણ દેખાતાં નથી.
મન - વચન - કાયાના યોગો ચંચળ છે,
તે જો સ્થિર થાય - વિશુદ્ધ બને, તો જ
પારદર્શકની જેમ આત્મારૂપી ભગવાનનું દર્શન થાય.

## કરેમિ ભંતે નવ વાર - ત્રણ કાળ

જે પ્રતિક્રમણમાં છ વાર, સંથારાપોરિસી કરતી વખતે
ત્રણ વાર - કુલ મળીને નવ વાર યાદ કરાય છે.
નવકાર અને કરેમિ ભંતે મળીને અનુક્રમે
યોગોની વિશુદ્ધિ - યોગોની સ્થિરતા થાય છે.
અશુદ્ધિ મટે છે નવકારથી અને
ચંચળતા મટે છે કરેમિ ભંતેના પ્રતિજ્ઞાથી.
દૂધની મલાઈ હલકી છે અને માવો ભારે છે,
નવકાર દ્વાદશાંગીની મલાઈ છે, સામાયિક માવો છે.
ચારિત્રરૂપી માવો પચાવવા નવકાર એ પાચકચૂર્ણ છે.
ચારિત્રને પામ્યા અનંતા મોક્ષે ગયાં અને એથી અનંતગુણા
સંસારમાં રખડી ગયાં, કેમકે તેને પચાવવું ભારે છે.
વૈરાગ્ય જ્ઞાનગર્ભિત જોઈએ.
નવકારના ગર્ભમાં ભક્તિ - કરેમિ ભંતેના ગર્ભમાં વૈરાગ્ય છે.

## પ્રભુઆજ્ઞા મુજબનું મુનિપણું શા માટે?

આજ્ઞા મુજબનું મુનિપણું એ એકાંતે
કર્મક્ષયનું અનુપમ સાધન છે. એ સાધન પામ્યા પછી
જો અસનાદિ આદિને વશ થવાય, તો એ આપણી
પામરતા અને તીવ્ર પાપોદય સિવાય બીજું કંઈ જ નથી.
આપણે આપણી પામરતા ખંખેરી નાખીએ, તો મોટે
ભાગે તો બિચારી કર્મસત્તા પણ રંક બની જાય છે.
સંયમ જ્ઞાનસ્વરૂપ છે, સંયમલિંગ વચનસ્વરૂપ છે.

આરાધનાને જ જીવનમંત્ર બનાવી
તેની જ સાધનામાં વીર્યોલ્લાસવાળા બની
મુક્તિપંથના સાચા પ્રચારક બનો, એજ અભિલાષા.

શ્રી નવકાર મંત્રમાં સ્થાન પામવા સાધુપણું જોઈએ.

સાધુપણું પામીને સ્વાધ્યાય અને સંયમમાં લીન
બનનારા જ સાચા ઉપાધ્યાય અને આચાર્ય બની શકે.
અરિહંતપણું પણ ભાવસાધુપણાં વિના આવે જ નહિ.
સિદ્ધપણું પણ ભાવસાધુપણાંથી જ આવે.
નવકાર ગણનારને તો સાચું લક્ષ સાધુપણાંનું જ હોય.
ઇન્દ્ર, અહમિન્દ્ર કે ચક્રવર્તીપણું પણ
સાધુપણાંની આગળ તુચ્છ છે, અસાર છે, અવાંછનીય છે.

તેને મન પરમેષ્ઠિપણું જ મુખ્ય છે અને તેમાં પણ સિદ્ધપણું મુખ્ય છે, તે સાધુપણાં વિના શક્ય જ નથી.

**નવકારનો સાચો મહિમા હૃદયમાં વસ્યો ક્યારે ગણાય?**

નવકારમાં જે છે, તેનો મહિમા મનમાં વસવો જોઈએ.

પાંચ પરમેષ્ઠિઓમાં જે છે, તે સિવાયનું જાણું કાંઈ જ ગમે નહિ, ત્યારે નવકાર ગમ્યો ગણાય.

સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રો અસંખ્યાત તીર્થંકરોનો મહિમા કરે છે અને અસંખ્યાતાને મોક્ષે જતાં જુએ છે, ત્યારે પોતાના ઇંદ્રપણાને અંતરાયભૂત માનીને જે ખિન્ન થાય છે, તેનું નામ ભાવથી નમસ્કારને પામ્યા ગણાય.

**સાચો સેવક કોણ ગણાય?**

નમસ્કારભાવ = દાસભાવ, સેવકભાવ, સમર્પણભાવ.

સેવક તે છે કે જે સ્વામીને સમર્પિત હોય.

મન-વચન-કાયાનું સમર્પણ તે નમસ્કાર છે. મન સમર્પિત હોય, તેના વચન-કાયા પણ સમર્પિત હોય જ.

એ સમર્પણભાવ વિકસાવવા માટે અરિહંતની ભક્તિ છે.

'જે મળ્યું છે, તે શ્રી જિનની સેવામાં અને શ્રી જિનની આજ્ઞાની સેવામાં વપરાય, તો જ સફળ' એમ જે માને, તે જ સાચો સેવક ગણાય.

## નમસ્કાર કર્મ રોગોને મૂળમાંથી નાશ કરવાની દવા!

દ્રવ્ય નમસ્કાર એટલે કાયાને નમ્ર બનાવવી અને
ભાવ નમસ્કાર એટલે મનને નમાવવું, અહંકાર મૂકવો.
નમ્ર કાયા - નમ્ર ભાવ, ઉભયથી થાય તે નમસ્કાર સાચો.
વૃક્ષને અહંકાર નથી, કેમકે માથું નીચે છે.
મનુષ્યને અહંકાર છે, કેમકે માથું ઊંચું છે, તેથી
અહંકાર હટાવવા માથું અને મન બંને નમાવવાં જોઈએ.
સંસારનું મૂળ કર્મ, તેનું મૂળ અહંકાર,
અહંકારનું મૂળ મમકાર, તેનું મૂળ રાગ-દ્વેષ.
આ સૌ રોગોને મૂળમાંથી નાશ કરવાની દવા નમસ્કાર.
નમસ્કાર એટલે 'જે કાંઈ સારું - નરસું બની રહ્યું છે,
તે પ્રભુઆજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ છે'
એવા અટલ શ્રદ્ધાપૂર્વક આજ્ઞાને સમર્પણપૂર્વક રહેવું તે.

### ધર્મધ્યાન - શુક્લધ્યાન એટલે...

'જગતમાં જે કાંઈ બની રહ્યું છે અને
જે કાંઈ બનવાનું છે, તે બધું બરાબર જ છે'
એમ જોવું અને એ રીતે વર્તવું તે.
તે સિવાયનું બધું આર્તધ્યાન - રૌદ્રધ્યાન છે, રાગદ્વેષરૂપ છે.
નમસ્કારનો આ તાત્વિક અર્થ છે.

નિરંજન - નિરાકાર પ્રભુનું પણ એક શાસન ચાલે છે.
સર્વનું કલ્યાણ કરવું, તે તેનો હેતુ અથવા કાર્ય છે.
તે શાસન જે આત્માનો ભંગ કરનારને શિક્ષા થાય છે.
જૈનશાસન એ ત્રીજું સામ્રાજ્ય છે.
તેના રાજા ભગવાન છે પણ રાજ્ય કાયમ રહે છે.
જ્યાંસુધી રાગ-દ્વેષ છે, ત્યાંસુધી તેના પર અંકુશ ભાવનારૂં
આ શાસન પણ છે અકૃત્રિમ અને અનાદિ છે.
જગતમાં જે બને છે, તે જીવનું કરેલું જ બને છે.
આયુષ્ય જેટલું બાંધેલું તેટલું પુરૂં થાય, તેમાં શોક શાનો?
વધારે જીવવું હોય તો વધારે આયુષ્ય બાંધવું જોઈએ.
૦ અહંકારને તોડવા માટે નમસ્કાર છે, તેમાં
પંચપરમેષ્ઠિની ભક્તિ છે. વંદન - નમસ્કાર એક જ છે.
૦ જેમ નવકારના તેમ દેવવંદનના પણ ઉપધાન છે.
દેવવંદનના ૧૨ અધિકાર.
૦ જેમાં ચાર નિક્ષેપ ઘટે, તે સત્ ઈત્યાદિ અને
જેમાં ન ઘટે, તે અસત્ ઈત્યાદિ.
જેનું નામ પૂજ્ય, તેનાં બાકી ત્રણે નિક્ષેપા પણ પૂજ્ય.
જેનું દ્રવ્ય અપૂજ્ય, તેના બાકીના ત્રણે અપૂજ્ય.
જેનું દ્રવ્ય ઉપકાર કરે, તેના બાકીના ત્રણે ઉપકાર કરે.

જેનું દ્રવ્ય ઉપકાર કરે, તેના ભાવ પણ ઉપકાર કરે.

મહાવિદેહમાં અનેક તીર્થંકરની માફક

ભાવ ૮૩ જિન દ્રવ્યનિક્ષેપે વિદ્યમાન હોય.

## બધા વાદોથી છૂટવાનું દ્વાર કયું?

આત્મા, અભેદ ધ્યાન, નિશ્ચયનય વગેરેની ચર્ચામાં પડ્યા વિના સીધે સીધું વ્યવહારનયગમ્ય દેવાધિદેવનું બાહ્ય સ્વરૂપ સમજતાં જ બધા વાદોથી છૂટી જાય છે. અને પ્રત્યક્ષ ગુરુઓની બાહ્ય આકૃતિનું ધ્યાન કરતાં જ અંદર રહેલ મહાન પરમગુરુતત્ત્વ સાથે સંબંધ સ્થાપિત થાય છે, તેમ અશોકવૃક્ષ વગેરે બધી જ બાહ્ય લોકોત્તર સમૃદ્ધિ મનમાં આવતાં જ તે પરમ અલૌકિક મહાન સાકાર પરમાત્મતત્ત્વ સાથે સંબંધ થાય છે, જે વ્યવહારથી અનંત સિદ્ધોની અપેક્ષાએ બહુ પરોપકારી છે અને તે કારણે નવકારમાં પ્રથમપદે બિરાજમાન છે તથા જેના ધ્યાનથી સકલ શુભભાવોની શ્રેણીનો સમુત્પાદ થાય છે. પ્રભુનું નામ સદ્ગુરુનો યોગ કરાવનાર થાય છે અને સદ્ગુરુ દ્વારા પ્રભુની સાથે ઓળખાણ થાય છે. મન અને બુદ્ધિ પર, નિજાનંદમાં મસ્ત તથા અનન્ય શાંતિમય એવું જીવન - એ આધ્યાત્મિક જીવન છે.

આત્મદ્રવ્યને નમસ્કાર શાથી?

ૐ અર્હં નમઃમાં ૐ = આર્તધ્યાન નિવારક - વિષય.

'આત્મા દ્રવ્યતયા પૂર્ણ છે.'

એ વિચાર વિષયેચ્છા નાબૂદ કરે છે અને

અર્હં = રૌદ્રધ્યાન નિવારક - કષાય.

પરસિદ્ધિ ઉત્સુકતાનું લક્ષણ રૌદ્રધ્યાનનો પ્રભાવ છે.

ૐ અર્હં નમઃ ઇતિ ગુણપર્યાયવદ્ દ્રવ્યં।

અમૂર્તતા, અગુરુલઘુપણું, અવ્યાબાધતા અને

અક્ષયસ્થિતિતાના સ્વસ્વરૂપ

નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મના ઉદયરૂપી પરદ્ધિ અને ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ અનન્ત જ્ઞાન-વીર્યાદિ ગુણો જેમાં છે, એવું આત્મદ્રવ્ય, તેને નમસ્કાર કરવાથી નમસ્કાર કરનારનો આત્મા તદ્રૂપ બને છે. પ્રથમ ઉપયોગરૂપે અને પછી ઉપયોગથી અભિન્નતાના ધ્યાન વડે ધ્યાતા પોતે ઉપયોગરૂપ અરિહંત બને છે.

સંઘમાં અરિહંતની પૂજા મુખ્ય શાથી?

સંઘનું અસ્તિત્વ અરિહંતોના આધારે છે અને અરિહંતોનું અસ્તિત્વ સંઘના આધારે છે, તેથી જ દરેક સંઘમાં અરિહંતની પૂજા મુખ્ય છે.

આ સંઘનું અસ્તિત્વ
અરિહંતના આધારે છે અને સિદ્ધપદની પ્રાપ્તિ પણ
અરિહંતની આજ્ઞાપાલનના આધારે જ છે.
સિદ્ધ અને સંઘની વચ્ચે સાંકળ રૂપ અરિહંતપદ છે.
આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ખ્યાતિ પણ અરિહંતના આધારે છે.
વિશ્વમાં જેટલી સદ્વસ્તુઓ છે,
તેના સર્જક આ અરિહંતપદ અને પરમાત્મા જ છે.
શાસન એટલે તીર્થ, તેની સ્થાપનાનાં મૂળમાં સાધુ.
શાસનની સ્થાપના માટે પ્રથમ સાધુ બનનાર જોઈએ.
જેણે સંસારના પરિભ્રમણથી બચવું હોય,
તેણે શરણું અરિહંતાદિ ચારનું જ છે.
અનંત થોડાં - અનંત થવાની ઇચ્છાવાળા ઘણાય.
અરિહંત થોડાં - અરિહંત થવાની ઇચ્છાવાળા ઘણાય.
સુખી થોડાં - સુખી થવાની ઇચ્છા બધાને.
અરિહંતને સેવે, તે બધા સિદ્ધ અવશ્ય થાય,
પરન્તુ અરિહંત બનનારાં થોડાં જ હોય.
તે માટે સ્વભાવસિદ્ધ યોગ્યતા જોઈએ.
સંસારમાં સૌથી શ્રેષ્ઠ પદ અરિહંત પદ છે,
સિદ્ધપદ તો સંસાર છૂટ્યા પછી છે.

સાધુપણાંના પાલનમાંથી જ
ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ, અરિહંતાદિ પદો છે.

આ સંસારમાં ઊંચામાં ઊંચા જેટલાં પદો છે, તેમાં અરિહંતપદ સૌથી ઊંચું છે. અરિહંતને સેવે, તે અરિહંતપદને પામે જ, એ નિયમ નહિ પણ સિદ્ધપદને તો અવશ્ય પામે, એ નિયમ છતાં ભવ્યજીવને એવી ઇચ્છા હોય કે અરિહંત થઈને સિદ્ધ થવાય તો સારૂં.

અરિહંતની સેવામાં સર્વસ્વ સોંપવાની વૃત્તિ જે ગુણે ઉત્પન્ન થાય, તે સર્વોત્કૃષ્ટ ગુણ છે. જે ચીજ વધારે ગમે, તે મેળવવાની ઇચ્છા થાય જ.

અરિહંતપણું પામવા પહેલાં સાધુપણું અને અરિહંતપણું પામ્યા પછી સિદ્ધપણું હોય જ, એટલે નવકાર ગણનારના હૃદયમાં જેમ અરિહંતપણું વસે, તેમ સિદ્ધપણું અને સાધુપણું પણ વસે જ. એ જો જેને ન ગમે, તેને નવકાર ભાવથી ગમ્યો ન ગણાય.

નવકાર ગણો, એનો અર્થ થાય જ કે ક્યારે હું સાધુપણું પામું, અરિહંતપણાંને પામું, સિદ્ધપણું પામું?

અને ક્યારે હું મને મળેલાં બધાં સાધનોને સિદ્ધપણું અને અરિહંતપણું બનવાના સાધનો બનાવું?

તે ત્યારે જ આનંદ પામે, જ્યારે
તે અરિહંતની પૂજા કરે, સિદ્ધની પૂજા કરે,
સાધુની સેવા કરે, અરિહંતના સંઘની પણ સેવા કરે,
બીજું કાંઈપણ કરે, ત્યારે પણ મન તો
અરિહંતને જ આપેલું હોય, બીજું કાંઈ માત્ર ફરજથી કરે.
શરીર જેને દીધું, તેના કરતાં મન જેને દીધું,
તેનો જ ચિત્ત હૃદયમાં વધારે અંકિત થઈ ગણાય.
સિદ્ધપણું એ અરિહંતપણાનું પણ મૂળ છે તથા
સાધુપણું એ અરિહંતપણાનું પણ મૂળ છે, તેથી જેને
અરિહંતપદ ગમે, તેને સિદ્ધપદ - સાધુપદ અવશ્ય ગમે.
તીર્થંકરપણું જવાબદારી ગુણની અને પુણ્યની -
બન્ને ઉત્કર્ષનો પ્રકર્ષ હોય, તો તે અરિહંતપદમાં છે.
વીતરાગ અને સર્વજ્ઞ થયાં પહેલાં અને પછી - બન્ને
ઉત્કૃષ્ટ અવસ્થામાં જો શ્રેષ્ઠ કોઈ હોય,
તો તે અરિહંત બનનારાં આત્માઓ જ છે. જગતમાં
જેટલાં ઉપકારીઓ અને બધાનો ઉપકાર આપણા ઉપર
છે, તે બધા કરતાં પણ વધુ મોટો ઉપકાર કોનો?
શ્રી અરિહંતોનો. એ ઉપકાર શાથી થઈ શકે?
ગુણ અને પુણ્ય - ઉત્કર્ષ હોય તો જ.

અરિહંતો જે ગુણ પામે, તેમાં પ્રધાનતા
નિમિત્તની નહિ પણ તેમની યોગ્યતાની જ હોય છે.
કેટલાંક વિદ્યાર્થીઓ એવા હોય છે કે
શિક્ષકે સામાન્ય સૂચન માત્ર કર્યું હોય પણ
પોતાના ક્ષયોપશમાદિના બળે અતિ ઘણું સમજી જાય
કે શિક્ષકના પુરૂષાર્થ કરતાં પણ તે
વિદ્યાર્થીની લાયકાત પ્રધાન ગણાય, તેમ અહીં સમજવું.
અરિહંતોએ શાસન પણ એવું સ્થાપ્યું કે જે કોઈ
એને અનુસરે, તે અરિહંત - સિદ્ધ અને સાધુ જ થાય.
સંસ્કારી જૈન કુળમાં જન્મ અને નવકારમંત્રની પ્રાપ્તિ-
એ અસાધારણ પુણ્યોદય અને કર્મલઘુતાની સૂચક છે.
નવકારમાં મુખ્યતા અરિહંતપદની છે અને અરિહંતપદ
એ સિદ્ધપદ અને સાધુપદની સાથે સંબંધ ધરાવે છે.
અરિહંતપદ એ સાધુપદને સિદ્ધપદ થવામાં માધ્યમ છે.
સાધુપદ એ નાદસ્વરૂપ કલીએ,
તો સિદ્ધપદ એ કલાસ્વરૂપ છે અને
મધ્યમાં અરિહંતપદ એ બિન્દુના સ્થાને છે અથવા
અરિહંતોનું શાસન એ બિંદુ, આચાર્ય - ઉપાધ્યાય તથા
સાધુપદ એ નાદ અને અરિહંત - સિદ્ધપદ કલાસ્વરૂપ છે.

## શ્રુતધર્મ અને ચારિત્રધર્મ

શ્રુતધર્મ સંસારને અસાર અને મોક્ષને સાર કહે છે.
ચારિત્રધર્મ સંસારના દુઃખને છોડાવે છે અને
મોક્ષના સુખથી સાચું જીવને જોડાવે છે.

'શાસન' એટલે મોક્ષમાર્ગ જે ૭ ક્ષેત્રે પ્રાપ્ત કરી શકાય.
'શાસન' એટલે જિનમૂર્તિ, જિનચૈત્ય અને જિનઆગમ
તથા એ ત્રણેના સેવક એવા
સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકારૂપી ચતુર્વિધ સંઘ.
દયાદિ દુવા મળે અને તેઓની ભક્તિથી દયા મળે.

'નમો અરિહંતાણં ।' પદમાં
'નમો' વડે gratitude પ્રગટ થાય અને
'અરિહંતાણં' પદથી Grace મળે છે.
પ્રથમ પદ એટલે Grace through gratitude.
આ જ 'નમો અરિહંતાણં ।' પદનો ગૂઢ અર્થ છે.

○

God is in charge of our world. His
Love & mercy, power & justice are
ever active & everywhere present.
Trust: God is in charge of my life,
He leads me in right ways.

નવકારથી મતિ-ભ્રમ, સુધરે છે, તેથી સદ્‌ગતિ મળે છે.
શ્રદ્ધા અને શુદ્ધિપૂર્વક નવકારનો જાપ કરવો જોઈએ,
તેમાં મનઃશુદ્ધિ અગત્યની છે તથા પરધન - પરસ્ત્રીનો
ત્યાગ તથા 'આત્મવત્ સર્વભૂતેષુ'નું વર્તન હોવું જરૂરી છે.
નવકારમાં કર્મ તથા આત્મવિજ્ઞાનનો સાર સમાવિષ્ટ છે.
કર્મનો વિચાર રૌદ્રધ્યાનનું નિવારણ કરે છે અને
આત્મવિજ્ઞાન દ્વારા આત્મવિચારથી આર્તધ્યાન ટળે છે.

'નમો' શબ્દની ઉત્પત્તિની પાછળ
કર્મના પ્રાબલ્યનો વિચાર છે અને
'અરિહંતાણં'ના ઉચ્ચારની પાછળ આત્મશક્તિ અને
આત્માના અચિંત્ય સામર્થ્યનો સ્વીકાર છે.
'નમો' વડે 3 કરણ, 3 યોગ, 9 ધાતુ, 10 પ્રાણ,
3½ ક્રોડ રોમ અને અસંખ્યાત પ્રદેશ
પરમાત્મામાં સ્થિર કરવા માટે નમાવી દેવામાં આવે છે,
તેમાંથી પ્રકૃતિનું નવું સર્જન થાય છે અને
પ્રતિસમય નવા નવા ક્રિયાઓનો જન્મ થાય છે.

°

God is charge of my life, every
need is fulfilled perfectly & easily.
He heals & strengthens me.

27/12/74

નમો = gratitude, અરિહંતાણં = grace.

ક્રિસ્તીઓ બહુ માને છે કે

કૃપાનો જે ધોધ વહી રહ્યો છે, તેને અનુકૂળ થઈએ,

તો તેનું એક વહેણ આપણી પ્રત્યે બહુ વહે.

અનંત અરિહંતોનો કૃપાનો ધોધ માનીએ,

તો કૃપાસાગર થાય. તે સાગરનું એક મોજું આપણા

પ્રત્યે આવે, તે માટે તેને અનુકૂળ થવું, એટલે નમો.

નમો = Turning towards the Divine.

સિદ્ધપદ અને આચાર્ય - ઉપાધ્યાય - સાધુ :

એ અરિહંતોની જ પૂર્વોત્તર અવસ્થાઓ છે,

એટલે કૃપાસાગર તો અરિહંતોનો જ ગણાય.

રેડીઓના અનેક તરંગો આપણી આજુબાજુ છે,

પરંતુ ટેપ કરતાં આવડે તો જોઈતું સ્ટેશન મળે છે,

તે પ્રમાણે આમાં બહુ સમજવું.

o

નમો is a turning point.

I turn to the centre of my being.

Here is perfect peace.

Here is a perfect bliss.

ચૈતન્યરૂપી મહાસાગરનું કેન્દ્ર અરિહંતપદ છે.
જીવાત્મામાં ચૈતન્યનો જે અંશ નિત્ય ઉઘાડો છે, તેની
સાથે સંબંધમાં આવવા 'નમો અરિહંતાણં' પ્રયોગ છે.
શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસપૂર્વક 'નમો' પદ દ્વારા
તે કેન્દ્રનો માનસિક કે આધ્યાત્મિક સંબંધ થતાંની
સાથે જ સકલ પાપકર્મોનો વિધ્વંસ થાય છે અને
સકલ મંગલોનું માંગલ્ય ખેંચાઈ આવે છે,
એ ચુંબકનું કેન્દ્ર અનુભવમાં પણ આવે છે.

<u>માગસર સુદી - ૬, શુક્ર</u>

શરીર અશક્ત થયું છે, માટે હવે શ્રમ ન લેવાય અને
સમાધિથી આરાધના થાય, એજ એક હિતાવહ ગણાય.
તમે જીવનભર સમાધિમૃત્યુ મેળવવા માટે અને
સુંદર આરાધના કરવાને માટે જે તલસો છો,
એમાં સંપૂર્ણ સહાય થાવ અને એ દ્વારા
આ જીવનને પણ સફલ બનાવી સુંદર પરલોકનું
સર્જન કરવા દ્વારા વહેલામાં વહેલા પરમપદને પામો,
એજ એકની એક અને સદાની શુભાભિલાષા.
(મુનિશ્રીના પત્રના પ્રત્યુત્તરમાં તેમની સમાધિ
સાચવવા અર્થે પત્રમાં ઉપર મુજબ લખી મોકલ્યું છે)

## ત્રણના ઋણ નીચે મનુષ્ય જીવે છે:

(૧) પંચ પરમેષ્ઠિ મોક્ષમાર્ગ બતાવે છે.

(૨) જીવરાશિના જીવન ઉપર જ મનુષ્યનું જીવન છે.

(3) શ્વાસોચ્છ્વાસ લેવામાં સહાયક આત્મતત્ત્વ છે.

લૌકિક દૃષ્ટિએ સુવર્ણ એ મંગળ છે,
લોકોત્તર દૃષ્ટિએ ધર્મ એ મંગળ છે.

સુખમાં સોનું અને દુઃખમાં ધર્મ કામ આવે છે.

નમસ્કાર એ વીંટી છે, અરિહંત એ હીરો છે.
નમસ્કાર કરનારની કિંમત નમસ્કાર્યથી છે.
હીરાના બદલે જો કાચ જડેલો હોય,
તો તે વીંટીની કિંમત કાચ જેટલી જ છે. નમસ્કાર
અરિહંતને છે, તેની કિંમત અનંત હીરાથી પણ અધિક છે.

ધર્મનું પ્રવેશદ્વાર નમસ્કાર છે. નહિ નમવામાં કૃપણતા છે,
કિન્તુ નમવામાં ઔદાર્ય અને દાક્ષિણ્ય બંને છે.

ધર્મક્રિયા વડે જે પુણ્યનો બંધ - પાપનો છેદ થાય છે,
તેમાં પ્રભાવ પંચ પરમેષ્ઠિઓનો છે.

સુખમાં સેવા અને દુઃખમાં પ્રભુસ્મરણ કર્તવ્ય છે.

પુણ્યના ફળની ઇચ્છાથી થતું પુણ્ય પાપાનુબંધી છે,
કર્મક્ષયના હેતુથી થતું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય છે.

બાહ્યભાવોરૂપ જેટલી વસ્તુઓ છે, તે બધી નવકારરૂપી આગમમાં આવી જાય છે અને જીવાભાવોરૂપ જેટલી પણ વસ્તુઓ છે, તે સૌ પ્રભુની પ્રતિમામાં આવી જાય છે.

અનંતા ઇંદ્રોનું રૂપ પ્રભુના એક અંગુષ્ઠના રૂપના તોલે નહિ આવતું અને અનંતા ઇંદ્રનું બળ પ્રભુની એક ટચલી આંગળીના બળની તોલે ય પહોંચતું નહિ.

રૂપવાન તે કહેવાય કે જે શીલવાન હોય અને
શીલવાન તે કહેવાય કે જે જ્ઞાનવાન હોય.

પ્રભુ શીલવાન છે, કેમકે તેઓ વીતરાગતાદિ યુક્ત છે.
પ્રભુ જ્ઞાનવાન છે, કેમકે તેઓ કેવળજ્ઞાન સહિત છે.

અરિહંત પરમાત્મા ભૂતકાળના મહાઉપકારી છે અને ભવિષ્યમાં પણ અનંત ઉપકારી બનનાર છે, તેથી તેમનાં દર્શન-પૂજન કરવાં એ તો પરમ કર્તવ્ય છે. અનંત ગુણના ભંડાર એવા પ્રભુનું દર્શન-પૂજન કરતાં ગુણો તરફ દૃષ્ટિ જાય છે, તેથી દેવાધિદેવ અરિહંતનાં પૂજનાદિ પરમ કર્તવ્યરૂપ છે. માનવજન્મમાં તારણહાર જૈનધર્મ મળ્યો, એ સૌ પ્રતાપ અરિહંત પરમાત્માઓનો જ છે, તેથી કૃતઘ્ન ન બની જવાય અને કૃતજ્ઞતાગુણનું પાલન થાય, તે માટે દર્શન-પૂજન જરૂરી જ છે.

જીવનમાં પ્રભુની ભક્તિ મળી, તે નવે નિધાન અને
આઠે મહાસિદ્ધિ પ્રાપ્ત થવા બરાબર છે.
ધર્મની ભાવનામાં મરણ થાય, તો તે મંગલ જ છે.
પ્રભુદર્શનથી ક્લિષ્ટ કર્મો નાશ પામે છે.
સાંસારિક, દેવ-દેવીઓ રાગી અને મરણના ભયવાળા છે.
દેવાધિદેવ પોતે વીતરાગ અને
જન્મ - જરા - મરણના ભયથી રહિત છે. તેથી મળતાં
આત્માની જન્મ-મરણાદિ મહાપીડાઓ નાશ પામે છે.
પ્રભુભક્તિના બદલામાં ભક્તિ જ માંગવાની,
બીજું કાંઈ જ નહિ, કેમકે ભગવાનની ભક્તિ આગળ
ત્રણ ભુવનનું સામ્રાજ્ય પણ કાંઈ જ હિસાબમાં નથી.
આત્માનું સુધારવાની શક્તિ
ભક્તિ સિવાય બીજામાં છે જ નહિ.
જગતની ઠકુરાઈ આત્માને ભગવાન ન બનાવી શકે.
પ્રભુભક્તિ જ પરમાત્મપદ સુધી પહોંચાડે છે.

## પ્રભુ પાસે શું માંગવાનું છે?

રત્નત્રયના બદલામાં કાચ અથવા ઐરાવણ હાથીને વેચી
ગર્દભને કોણ ખરીદે? મૂર્ખ પણ તેવું કામ ન જ કરે.
પ્રભુભક્તિમાં ક્યારેય અંતરાય ન આવે, એજ માંગવાનું છે.

તીર્થંકરપણું ઐશ્વર્ય ભોગવવા નહિ, પરન્તુ
કર્મપીડિત જગતનો ઉદ્ધાર કરવા માટે ઇચ્છવાનું છે.

તીર્થંકરોની ભક્તિ અવિનાશી છે,
નમસ્કાર બોધિરૂપ છે અને સામાયિક સમાધિરૂપ છે.
બોધિનું સ્વરૂપ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને
ચતુઃશરણગમનરૂપ છે તથા સમાધિનું સ્વરૂપ
દુષ્કૃતવર્જન, સુકૃતસેવન અને સ્વરૂપરમણતારૂપ છે.
બોધિનું ફળ સમાધિ અને સમાધિનું મૂળ બોધિ છે,
તેથી લોગસ્સાદિ સૂત્રોમાં ભાવારોગ્ય માટે
બોધિ અને સમાધિની પ્રાર્થના કરાયેલી છે.
શ્રી જિનેશ્વર દેવનાં કીર્તન, વંદન, પૂજનાદિ દ્વારા
બોધિ અને સમાધિની પ્રાપ્તિ સુલભ બને છે. કહ્યું છે કે:
કર્મ પ્રત્યે કઠોર અને જીવ પ્રત્યે કોમળ,
તેનું જ નામ 'જૈનશાસન' છે.
શાસનનો સાર નમસ્કાર છે, કેમકે
શાસન પાપ પ્રત્યે કઠોર છે અને જીવ પ્રત્યે કોમળ છે,
પાપનો નાશ કરે છે અને પુણ્યના ભંડાર ભરાવે છે.

અભ્યર્ચનાદર્હતાં મનઃપ્રસાદસ્તતઃ સમાધિશ્ચ ।
તસ્માદપિ નિઃશ્રેયસમતો હિ તત્પૂજનં ન્યાય્યમ્ ॥૧॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

આ નવકાર મંત્ર એ 'મહામંત્ર' એટલા માટે છે કે
એનાથી મિથ્યાત્વ-વિષય-કષાયનું ઝેર ઉતરી જાય છે.

નવકાર મહામંત્રના સ્મરણના પ્રભાવે
દુઃખનો ડર જતો રહે છે અને પાપનો ડર લાગે છે.
દુઃખ આવે તો તે શાંતિથી સહવાનું મન થાય અને
સુખ આવે તો તેનો સદુપયોગ કરવાનું મન થાય, જે
વિષયનું ઝેર નથી, કષાયો નબળાં પડ્યાંની નિશાની છે.
પુણ્યનું ફળ મનુષ્યપણું - મનુષ્યપણાંનું ફળ સાધુપણું.
રોગો જેટલું નુકસાન નથી કરતાં,
તેટલું નુકસાન ભોગનો રસ - તેનો અભિલાષ કરે છે.
નવકાર દુઃખનાશક - સુખપ્રાપક છે, એટલું જ નહિ,
કિન્તુ નવકાર મહામંત્ર તો મોક્ષસાધક પણ છે.
નવકાર ગણનારને સુખ મેળવવામાં એટલો રસ નથી,
જેટલો ભગવાનનો ધર્મ મેળવવામાં છે.
ધર્મ સાથે ન હોય, તો સુખ પણ દુઃખનું કારણ છે,
ધર્મ સાથે હોય, તો દુઃખ પણ પરમસુખનું કારણ છે.
નવકાર ગણનારને સુખ નથી દુઃખની સાથે એટલી
નિસબત નથી, જેટલી ભગવાનના ધર્મની સાથે છે.
એનું લક્ષ્ય પંચ પરમેષ્ઠિ, મુક્તિ અને તેનો માર્ગ છે.

એવો જ જીવ મનુષ્યપણાંને સફળ કરી શકે, જેને
સિદ્ધિગતિ અને તેના સાધનરૂપ સાધુપણાંનો ખપ છે.
આ અરિહંતોના આત્માને સ્વદુઃખ ગૌણ-પરનું પ્રધાન.
પોતાનું દુઃખ જાય નહિ એની એટલી ચિન્તા નહિ,
જેટલું પરનું દુઃખ ટાળવાની ચિન્તા હોય.
આવા તો અસંખ્યમાં એક હોય પણ
સુખી થવાની ઇચ્છા બધાને હોવી જોઈએ.
તેથી જ વારંવાર કહેવાયું છે કે નવકાર ગણનારને જે
સંસારમાં છે, તે ભોગવવાની નહિ પણ નવકારમાં જે છે,
તે ભોગવવાની ચિન્તા હોવી જોઈએ.
સાધર્મિક પ્રત્યે દયા નહિ પણ સદ્ભાવ જોઈએ.

## ત્રણ બાબતોનું વારંવાર સેવન

અનાદિકાળથી જન્મ-મરણ કરતાં જીવમાં જે જે કુસંસ્કારો પડી ગયા હોય, તેની જડ ઉખેડી નાંખવાનો કોઈ સરળ રસ્તો ખરો? હા, પરમાત્માનું અનન્ય ભાવે શરણ, જીવનમાં કરેલાં પાપોનો જોરદાર પશ્ચાત્તાપ અને જગતમાં ચાલી રહેલાં સત્કાર્યોની હાર્દિક અનુમોદના. આ 3 બાબતોનું વારંવાર સેવન કરવાથી કુસંસ્કારોની જડ ઉખેડી જાય છે અથવા સાવ ઢીલી પડી જાય છે.

મન અને મંત્ર જો એક થઈ જાય,
તો ધાર્યું પરિણામ અવશ્ય આવે.

માનવશરીરમાં સુખનો જે અનુભવ થાય છે, તે દેવગતિની અવસ્થાના અનુભવોના સંસ્કારરૂપે રહેલ છે. તે જ રીતે દુ:ખ, ભૂખ, નિદ્રાનો અનુભવ થાય છે, તે અનુક્રમે નારક, તિર્યંચ અને નિગોદ અવસ્થાના અનુભવોના સંસ્કારરૂપે જ રહેલ છે. તે સંસ્કારોને માનવભવમાં પ્રતિપક્ષ ક્રિયા-ભાવનાઓ વડે બદલી શકાય છે. નિગોદમાં અનંતકાળ વીત્યો છે, ત્યાં એક શરીરમાં અનંત જીવોના વસવાટે જે સંસ્કારો દૃઢ કર્યા છે : સ્વતંત્ર શરીર મેળવવાની ઇચ્છા અને બાકી બધા જીવો પ્રત્યે દ્વેષ. એના પરિણામે પ્રત્યેક અવસ્થામાં એક જીવને એક શરીર મળે છે, ત્યારે તે શરીર ઉપર દૃઢ આસક્તિ થાય છે અને બાકી બધા જ જીવો તરફ ઉપેક્ષાભાવ આવે છે. પુદ્ગલનો રાગ અને જીવો પ્રત્યે દ્વેષ સતત ચાલુ છે, તેને બદલવા માટે અનેક ભવો સુધી પુદ્ગલ પ્રત્યે વિરાગ અને જીવો પ્રત્યે મૈત્રીનો અભ્યાસ આપણા જીવનમાં સતત ચાલુ રહે, તો જ પલટો આવી શકે.

તે અભ્યાસ માટે જેઓ વિરક્ત હોય અને મૌનસંપન્ન હોય, તેમની ઉપાસના, સેવા, શુશ્રુષા અને જે જીવોમાં તે ગુણો ન હોય, તેમના પ્રત્યે કરુણા યા માધ્યસ્થ કેળવાય, તો જ તે કાર્ય શક્ય બની શકે.

ઉપાસનાથી દયા - grace મળે અને
કરુણાથી દુવા - શુભેચ્છા goodwill મળે છે.

મૌન પહેલાં અદ્વૈષ - વિરાગ પહેલાં મંદરાગ સાધવો.

## શું જૈનધર્મ સ્થિર જ રહેનાર છે?

તીર્થંકરોને કરાતાં સ્તવન અથવા નમનમાં ભૌતિક લાલસાઓ હોતી નથી - હોવી પણ ન જોઈએ. પોતાના ભૂતકાળના પતનનું ભાન, ભાવિ વિકાસની સર્વ આશાઓ અને વર્તમાનમાં તેઓની મદદની અપેક્ષા - એવા વિચાર વાતાવરણમાં હોય છે.

હમણાંના જીવો તીર્થંકરોને લગભગ ભૂલી રહ્યા છે. તીર્થંકરોના ઉદાત્ત જીવનો કોઈપણ માનવના દિલને હલબલાવશે, ત્યાં સુધી ગમે તેવા આફતો વચ્ચે પણ જૈનધર્મ સ્થિર જ છે, એમ સમજવું.

માનવને પ્રત્યપરાધ આડે આવે છે તથા તેનાથી જ વાસના વધી છે - મનનો વિસ્તાર વધારી દીધો છે.

મહેસાણા, માગસર સુદી 3

જૈનધર્મની વિશિષ્ટતા અને જગતની કલ્યાણકારકતા
દર્શાવે તેવાં તથા નીચે દર્શાવેલ પાંચ વિષય ઉપર
અર્થગંભીર છતાં સંક્ષિપ્ત વાક્યોમાં જ દર્શાવી શકે,
તે રીતે વેધક - સચોટ - રોચક સુભાષિતો તૈયાર કરવા
પ્રભુનું નામ અને શરણ લઈ પ્રયત્ન કરવાનો છે:

(૧) અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મ, અપરિગ્રહ.
(૨) ૧૮ પાપસ્થાનકોની ગર્હણીયતા અને ભયંકરતા.
(૩) કષાયજય, ઇંદ્રિયજયની આવશ્યકતા - શ્રેષ્ઠતા.
(૪) જગતમાં અનેકાન્તવાદ તથા સ્યાદ્વાદની
અસાધારણ મહત્તા અને અત્યંત ઉપયોગિતા.
(૫) સ્યાદ્વાદનું સ્વરૂપ.

આમ કરવાથી પછી જૈન હોય કે અજૈન હોય,
ભગવાન મહાવીરના જીવનની ભવ્યતા અને કઠોરતા
કરતાં પણ તેમની ભવ્ય અંતર્મુખી સાધના વાંચવાથી
તથા તેમના ઉપદેશની સત્યતા અને દિવ્યતા જાણીને
સામાન્ય માનવોના જીવનમાં પણ શાંતિ અને
સન્માર્ગની પ્રકાશ મળ્યાનો લાભ જાગે,
તો એ બહુ મોટું કામ થયું ગણાશે.

આજે આ સંઘમાં જે આરાધનાઓ થાય છે, તેમાં જે આત્મવિશ્વાસનો અભાવ - સત્ત્વની ન્યૂનતા દેખાય છે, તેમાં મુખ્ય કારણરૂપે આપણે મહાવીર પ્રભુને ફક્ત એક ઐતિહાસિક સત્ત્વ જ માનવાનો કારણો દેખાય છે.

મહાવીર પ્રભુ ૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા, ક્ષત્રિયકુંડમાં જન્મ્યાં, દીક્ષા લઈને ખૂબ કષ્ટ વેઠ્યાં, કેવળજ્ઞાન પામી શાસન સ્થાપ્યું, નિર્વાણ પામ્યા વિગેરે અને હવે તો ભગવાન નથી, માટે તેમની મૂર્તિનું જ અવલંબન લઈને તેમણે બતાવેલ આરાધના કરીને આપણે આપણાં કર્મ ખપાવવાના છે, વિગેરે વિષયક વિચારોથી પ્રભુ સાથે પરોક્ષ સંબંધ જોડીએ છીએ.

વાસ્તવમાં તો આરાધના એ ભગવાન સાથે પ્રત્યક્ષ સંબંધ જોડવાની વાત છે.

ઉપાસનાનો માર્ગ ઉપાસકને ભગવાનના પ્રત્યક્ષ સાન્નિધ્ય વગર સંતોષ આપી ન શકે.

ભગવાન આજે પણ છે, પ્રત્યક્ષ છે, શરણભૂત છે. 'ભગવાન એક ideal Reality છે, તેમને શરણે જવાથી આપણી આરાધનાનાં સૌ કાર્ય સિદ્ધ થાય છે' એવો આત્મવિશ્વાસ અને શ્રદ્ધા જોઈએ.

'આજે પણ પ્રભુ આપણું યોગક્ષેમ કરી જ રહ્યાં છે,
તેમનું ચૈતન્ય સર્વજ્ઞ - સર્વદા - સર્વશક્તિમાન છે અને
આ ચૈતન્ય જ આપણે મૂર્તિમાં મૂર્ત કર્યું છે'
તેમ જાણવાથી ભગવાનનું સાંનિધ્ય પ્રત્યક્ષ બને છે.
આ રીતે ભગવાન સાથે સંબંધ જોડવાથી
આરાધનાનાં બધાં અંગો, ઉપકરણો અને સ્થાનો -
એક ઠોસ objective Reality બની જાય છે.
ઉપાસકને પ્રભુનું સાંનિધ્ય અમૃતક્રિયારૂપ બને છે
તથા તે જ શ્રદ્ધા અને ભાવવૃદ્ધિનું કારણ બને છે.
આપણી શરણાગતિ દ્વારા ભગવાનના ચૈતન્યને
આપણા થકી કામ કરવાની અને
આપણા દ્વારા અભિવ્યક્ત થવાની આઝાદી તક મળે છે.
આ ભાવથી આપણે સ્થળ - કાળના ઉત્પન્ન થતાં
ઔદયિકભાવોથી મુક્ત બનીને
અનંત ચૈતન્યજગત સાથે તદ્રૂપ બનીએ છીએ.
ભગવાનને વિદ્યમાન સત્ય માનવાથી
કોઈપણ આપત્તિ વગર
ઈશ્વર કર્તૃત્વવાદનો સ્વીકાર થઈ શકે છે.
- રાજકોટ, માગસર સુદ ૧૫

પરમાત્માના પૂજન અને ન્યાસાદિનો હેતુ
મંત્ર, મન અને મંત્રસાધકની એકતા સાધવાનો છે.
મનને શાંત અને એકાગ્ર કરવા માટે
આહાર - વિહાર - વિચાર આદિની શુદ્ધિ જરૂરી છે.
સૌથી વધારે મંગલમય પરમાત્માનું નામ છે.
તેને અનન્ય શ્રદ્ધાથી અનન્ય ભાવે સ્મરણ કરવું,
એ સૌથી શ્રેષ્ઠ મંગલકારી ક્રિયા છે, તેથી
સર્વ અમંગળો દૂર થઈને મંગલની પ્રાપ્તિ થાય છે
અને પ્રતિદિન તેની વૃદ્ધિ થયા કરે છે.

નામસંકીર્તનં યસ્ય સર્વપાપપ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમનઃ તં નમામિ જિનં પરં ॥૧॥

પરમાત્માનું નામ લેતાં દશે દિશામાં મંગલ પ્રવર્તે છે.
પરમાત્માનું મંગલમય નામ જપવાથી જ મનુષ્ય
ઉન્નત સ્થિતિએ પહોંચી શકે છે. નામસ્મરણથી
વૃત્તિઓ ધર્માભિમુખ થાય છે, ધર્મપરાયણતા જાગે છે
અને તેથી દુઃખો અને ઉપદ્રવો શમે છે.
પ્રભુની ideal Realityને સાક્ષાત્કાર બાદ
જાપ - ધ્યાન દ્વારા થતી પ્રભુની ઉપાસનામાં
પૂર્ણ સમર્પણ થવાથી અનેરો આનંદ અનુભવાય છે.

પૂર્ણ સમર્પણનો લાભ પ્રભુના સાક્ષાત્કારમાં જ શક્ય છે.
પરોક્ષમાં જે સમર્પણ હોય, તે પૂર્ણપણે હોવું ન સંભવે.

પ્રભુની યોગક્ષેમકારિતાનો અનુભવ
અપરોક્ષાનુભૂતિમાં જ થઈ શકે.

મલિન વૃત્તિઓના પાશમાંથી છૂટકારો જ સાચો મોક્ષ છે.
ભગવાનનો બધો ખેલ ખાસ તો કષાય - વિષયોની
આગમ મનને સમજાવવા ઉપર નથી, વિરક્તિ દ્વારા
શાંતિ - સમતા તરફ છે. ધ્યાન પણ ત્યારે જ સહજ
બને છે. પ્રભુનો સ્પર્શ થાય તો સર્વ સાધી શકાય છે.
એ સ્પર્શનો ઉપાય = પ્રભુનું અભેદપણે સ્મરણ - ધ્યાન.

નામગ્રહણ વડે પ્રભુ સર્વવ્યાપી છે.

મૂર્તિ દ્વારા એ સર્વવ્યાપીતાને મૂર્ત સ્વરૂપ અપાય છે,
જે વડે અમૂર્ત સ્વરૂપની સાથે તાદાત્મ્ય સાધી શકાય છે.
વચનારાધન વડે થતી પ્રભુની આરાધના એમ પોતાનું
કાર્ય કરે છે, તેમ મૂર્તિની ઉપાસના દ્વારા થતી
આરાધના પણ પોતાનું સ્વતંત્ર કાર્ય કરે છે.
મૂર્તિ દ્વારા થતી પ્રભુની ઉપાસના એ અમૂર્ત એવા
પ્રભુ સાથે સીધો સંબંધ કરાવી આપે છે, કેમકે તે
નામથી વ્યાપક સર્વવ્યાપી પ્રભુનું જ મૂર્ત સ્વરૂપ છે.

તા. ૩૧ - ૧૨ - ૨૦૧૪

વીતરાગની ભક્તિનું અનંતર ફળ ભાવવિશુદ્ધિ છે અને
પરંપર ફળ આરોગ્ય, બોધિલાભ, સમાધિ, સિદ્ધિ છે.

ભક્તિ એ ભગવાનનું જ મૂર્ત સ્વરૂપ છે, તેથી
ભક્તિભૂલ વડે ભૂલ ભગવાનની જ થાય છે.

ભગવાનની ભૂલથી પુદ્ગલ ઉપરનો રાગ, જીવો ઉપરનો
દ્વેષ તથા આત્માનું અજ્ઞાન ટળે છે, આત્મલાભ થાય છે,
જેમાં રાગ-દ્વેષ નિર્મૂળ કરવાની તાકાત છે.

આત્મા સામાન્યથી વિશ્વવ્યાપી છે, વિશ્વના સર્વ પ્રાણીમાં
રહેલો છે તથા વિશેષથી પ્રત્યેકમાં ત્રિકાળવ્યાપી છે.

ત્રિકાળવ્યાપીતાના ધ્યાનથી નિર્ભયતાની પ્રાપ્તિ થાય છે,
વિશ્વવ્યાપીતાના ધ્યાનથી નિશ્ચિંતતા અનુભવાય છે
અને જીવો પરસ્પરનો વૈરવિરોધ શમે છે.

રાગભાવને દૂર કરવા માટે આત્માની પ્રભુતા અને
દ્વેષભાવ હટાવવા માટે આત્માની સર્વવ્યાપીતા,
સર્વમાં સ્વસ્વરૂપે વિચારવાની મુખ્યતા છે.

શરીરમાં સ્થિર થવું તે પિંડસ્થ ધ્યાન,
પદમાં સ્થિર થવું તે પદસ્થ, ભક્તિમાં એકાગ્ર થવું તે
રૂપસ્થ અને આત્મામાં એકાગ્ર થવું તે રૂપાતીત ધ્યાન છે.

બોધિ = નમસ્કાર, સાચી સમજણ.
સમાધિ = સામાયિક, સમજણનો અમલ.
ઓંકાર = નાદ, અર્હંકાર = જ્યોતિ.
નાદનું મૂળ નામ છે, જ્યોતિનું મૂળ રૂપ છે.
નામની પૂર્ણાહુતિ નમસ્કારમાં છે.

એક આત્માને ન જાણ્યો, તેણે કશું જ જાણ્યું નહિ,
કિન્તુ એક આત્માને જાણનારે જગતને જાણ્યું છે.
નમસ્કાર = જાણવાલાયક જેટલી વસ્તુ છે, તેનો સંગ્રહ.
આત્માને જાણવા માટે જેટલી સામગ્રી જોઈએ, તેટલી
નમસ્કારમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે, તેથી અને તેટલી
બીજે ક્યાંય મળવી સંભવિત નહિ. વિશ્વમાં જેટલી
ઉત્તમ સર્વ વસ્તુઓમાં સર્વોત્તમ કોઈ હોય તો તે
પ્રભુની મૂર્તિ છે, અમૂર્ત એવા શુદ્ધ આત્માનું મૂર્ત
સ્વરૂપ તે પ્રભુની મૂર્તિ કહેવાય છે. જિનનામ કર્મના
વિપાકોદયથી વિશ્વમાં જેટલી શ્રેષ્ઠ વસ્તુઓ છે, ઋદ્ધિ,
સિદ્ધિ અને સમૃદ્ધિઓ છે, તે બધા એક જ સ્થળે
એકત્રિત થઈને રહેલી હોય તો તે જિનના રૂપમાં છે,
તેનું જ પ્રતિબિંબ એ મૂર્તિ છે.
પુણ્યથી મળનારી બધા જ વસ્તુઓનો તે પુંજ છે.

આત્માને બોધ અને જાગરણ માટેનાં
બે સાધનોનાં નામ મૂર્તિ અને મંત્ર છે.
જેને બોધ માટે જિનમૂર્તિ મળી અને
જેને જાગરણ માટે નવકાર મળ્યો,
તેના પુણ્યની તો કોઈ અવધિ નથી.
આ માટે કહ્યું છે કે:
जिनधर्म - विनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥
અર્થાત્: જિનધર્મ વિના હું ચક્રવર્તી પણ ન થાઉં, ભલે
નોકર કે દાસ થાઉં પણ જિનધર્મથી અધિવાસિત થાઉં.
કુંડલિની જાગરણ માટે પણ નવકારસાધના
યોગ એ ક્રિયાશક્તિ છે, ઉપયોગ એ જ્ઞાનશક્તિ છે.
આ બંનેનું મિલન થવાથી મોક્ષ પણ સુલભ બને છે.
ક્રિયાશક્તિ મૂલાધારમાં કૂર્મ રૂપે રહેલી છે અને
જ્ઞાનશક્તિ સહસ્રારચક્રમાં સર્પ રૂપે રહેલી છે.
એ બંનેનું મિલન એ જ કુંડલિનીની જાગૃતિ છે અને
એ વડે જ પૂર્ણતાની પ્રાપ્તિ છે.
નવકારનું પ્રથમ પદ અને એની સાધના -
આ કુંડલિની જાગરણનું જ સોપાન છે.

# શ્રી નવકાર મહામંત્રનું અદ્ભુત માહાત્મ્ય

મંત્ર સંસારસારં, ત્રિજગદનુપમં, સર્વપાપારિમંત્રં,
સંસારોચ્છેદમંત્રં, વિષમવિષહરં, કર્મનિર્મૂલમંત્રં,
મંત્રં સિદ્ધિપ્રદાનં, શિવસુખજનનં, કેવલજ્ઞાનમંત્રં,
મંત્રં શ્રી જૈનમંત્રં, જપ જપ જપિતં જન્મનિર્વાણમંત્રં ||

| | | |
|---|---|---|
| (૧) મંત્ર સંસારસારં | - | અરિહંત |
| (૨) ત્રિજગદનુપમં | - | |
| (૩) સર્વપાપારિમંત્રં | - | સિદ્ધ |
| (૪) સંસારોચ્છેદમંત્રં | - | આચાર્ય |
| (૫) વિષમવિષહરં | - | ઉપાધ્યાય |
| (૬) કર્મનિર્મૂલમંત્રં | - | સાધુ |
| (૭) મંત્રં સિદ્ધિપ્રદાનં | - | એસો પંચ નમુક્કારો |
| (૮) શિવસુખજનનં | - | સવ્વ પાવપ્પણાસણો |
| (૯) કેવલજ્ઞાનમંત્રં | - | મંગલાણં ચ સવ્વેસિં |
| (૧૦) જન્મનિર્વાણમંત્રં | - | પઢમં હવઇ મંગલં । |

(૧૧) મંત્રં શ્રી જૈનમંત્રં,
જપ જપ જપિતં, જન્મનિર્વાણમંત્રં ||૧||

જ્યાં શુદ્ધ સંસારમાં નવકાર છે,
ત્યાં શુદ્ધ સંસાર કેવળ અસાર નહિ પણ સાર છે.

આ શ્લોકમાં ૯ વાર 'મંત્ર' શબ્દ આવે છે,
તે માટે શબ્દો અન્વય કરી શકાય છે કે :
નવકારના નવે પદો મંત્રરૂપ છે અને
તેનું સ્મરણ કરનારને તે તે ફળને આપનાર છે.
પહેલાં પાંચ પદોના સ્મરણ દ્વારા
શ્લોકના છેલ્લાં ચાર પદમાં કહ્યા મુજબ અનુક્રમે
સિદ્ધિ, શિવ, કૈવલ્ય અને નિર્વાણ પ્રાપ્ત થાય છે.
નવકારના ફલશ્રુતિ અપેક્ષાએ આ સંસાર
મોક્ષથી પણ અધિક છે, કેમકે મોક્ષમાં સુખ છે, પરન્તુ
એ સુખ જેના દ્વારા મળે છે, તેની જ ભક્તિ નહિ.
તે ફલશ્રુતિ ભક્તિને મુક્તિથી પણ અધિક
સદ્દહનાર જ્યારે કૃતજ્ઞતા ગુણની સ્થાપના કરે છે,
ત્યારે જ મુક્તિને પામવાનો અધિકારી થાય છે.
મુક્તિકન્યાના પાણિગ્રહણ યા મુક્તિ મેળવવાની સાધના
કરતે સમ્યગ્દૃષ્ટિ જીવને જે આનંદ અનુભવાય છે,
તે અનેરો હોય છે, કેમકે મુક્તિમાં પરમાનંદ હોય છે.
સાધના કરતે અનુભવાતો વિલક્ષણ આનંદ
મુક્તિમાં નહિ પણ આ સંસારમાં જ છે, તે દૃષ્ટિએ
સાચા સાધકને મન મુક્તિથી પણ સંસાર અધિક છે.

યુક્તિથી પણ સંસારની અધિકતા જણાવવા કહ્યું છે કે:

अयमात्मैव संसारी कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥ (પરિશિષ્ટ-૨)

બાહ્ય સંસાર એ વાસ્તવિક સંસાર નથી,
વાસ્તવિક સંસાર અંદરના વિષય - કષાય છે.
જે સંસાર વિષય-કષાયને વશ પડનારને
જન્મ - મરણ આદિ દુઃખનું કારણ છે, તે જ સંસાર
તેને વશ ન થનારને મોક્ષનું કારણ છે.
ભરત ચક્રવર્તીને ષટ્ખંડનું સામ્રાજ્ય અને
૧,૯૨,૦૦૦ અંતેઉર વૈરાગ્યનાં કારણ બન્યાં,
તો કેવળજ્ઞાન અને મોક્ષનાં પણ સાધન બન્યાં.

## નમસ્કાર મંત્રનું અંતિમ રહસ્ય

જેને મોક્ષ સાધવો છે, તેને વિશ્વની સર્વ વસ્તુઓ
ઉપકારક છે, એવી વૃત્તિ ઉત્પન્ન થવી, તે છે.
જે આસ્રવનાં સ્થાનો છે, તે સંવરનાં સ્થાનો છે,
જે સંવરનાં સ્થાનો છે, તે બધાં આસ્રવનાં સ્થાનો છે.
જીવને કર્મબંધ તથા કર્મક્ષયમાં સામગ્રી નિમિત્તભૂત છે.
જીવ પોતાની યોગ્યતા મુજબ તે સામગ્રીને
પોતાના હિતાહિતનું નિમિત્ત બનાવે છે.

આવી આદર્શ - ઉપદેશ - પ્રેરણા - આલંબન પૂરું પાડનાર પરમર્ષિ ભગવંતો પ્રેરક - માર્ગદેશક તરીકે ઉપકારક છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતાભાવ, પૂજ્યભાવ રાખીને જ મોક્ષમાર્ગ અવિચ્છિન્ન રહે છે.

આદર્શ = પ્રત્યક્ષ, ઉપદેશ = પ્રેરણા, આલંબન = પુરુષાર્થ.
પ્રત્યક્ષ - પ્રેરણા - પુરુષાર્થ મળવાથી મોક્ષમાર્ગ બને છે.
પ્રત્યક્ષને સ્વીકારવાથી સમ્યગ્દર્શન નિર્મળ બને છે, પ્રેરણા વડે સમ્યગ્જ્ઞાનનો વિકાસ થાય છે અને પુરુષાર્થ વડે સમ્યગ્ચારિત્ર ગુણનો વિકાસ થાય છે.
આ બધી સામગ્રીને સફળ કરી શકાય, એવો ભવ એક નરભવ છે, માટે તે રત્નચિંતામણિ ગણાય છે.
મનુષ્યદેહની કિંમત ઘુવડ, કૂતરાં, બિલાડાં તથા માનવ વચ્ચે જે અંતર છે, તેનો વિચારવાથી સ્પષ્ટ થશે.
ઘુવડ અંધારામાં દેખી શકે છે - અજવાળામાં નહિ, કૂતરાં - બિલાડા અંધારા - ઉજાસ, બંનેમાં દેખી શકે છે, ઘુવડ જેવા મિથ્યાદૃષ્ટિ જીવોમાં તે શક્તિ નથી.
મનુષ્ય માત્ર ઉજાસમાં જ દેખી શકે છે, અંધારામાં નહિ.
સૂર્ય પ્રકાશ આપે છે, તેમ તીર્થંકરો તીર્થ વડે લોકમાં ઉદ્યોત કરે છે, તેને ગ્રહવાની શક્તિ મનુષ્યમાં જ છે.

એ જણાવે છે કે મનુષ્યનો ઉત્તમ દેહ મળ્યા પછી તેણે પુણ્યનો પ્રકાશ જ ગ્રહણ કરવો જોઈએ અને પાપના અંધકારને જોવાનું સર્વથા, બંધ કરવું જોઈએ.

જગતને ગુણદૃષ્ટિથી દેખનાર મનુષ્ય જ
પોતાના જન્મને સાર્થક કરી શકે છે.

માત્ર દોષને જોવા, તે ઉલુકનો સ્વભાવ છે,
ગુણ-દોષ ઉભયને જોવા, તે પશુનો સ્વભાવ છે.
અન્ય જીવોના એકલા દોષોને જ જોવા,
તે પશુજાતિમાં ય ફક્ત નીચ તિર્યંચોને જ શોભે છે.
જગતને ગુણદૃષ્ટિથી જોનાર સમ્યગ્દૃષ્ટિ છે.

નિશ્ચયથી નમસ્કારને પામેલો તે જ ગણાય છે.
વ્યવહારથી પંચ પરમેષ્ઠિને અને નિશ્ચયથી જગતને ગુણદૃષ્ટિથી, ઉપકારદૃષ્ટિથી જોનાર વિષય-કષાયથી મુક્ત બનીને તે પોતે જ મોક્ષસ્વરૂપ થઈ જાય છે.

## ગુણાનુરક્તિ એ જ સાચી મુક્તિ

અપકારી ઉપર પણ ઉપકાર કરવા સંયમગ્રહણ છે.

'ષડ્જીવનિકાયહિતં પરમાત્મતત્ત્વં ।'

આપણા ઉપર પરમેષ્ઠિ ભગવંતોનો પરમ ઉપકાર છે.
તેમના અનુગ્રહથી આપણે નિગોદથી અહીં સુધી આવ્યા.

એ ઋણ જ્યાં સુધી નહિ ચૂકવાય,
ત્યાં સુધી મુક્તિ નહિ મળે.
પરમેષ્ઠિ ભગવંતો તો મોક્ષમાં પહોંચી ગયા છે,
તો ઋણ શા રીતે ચૂકવવું? એ પ્રશ્ન છે.
એનો ઉત્તર એ છે કે તેમણે સંસારના જીવો ઉપર
ઉપકાર કરવાનું જે કાર્ય આરંભ્યું છે, તે અધૂરું છે.
ઘણા જીવો હજુ સંસારમાં છે, તેમના ઉદ્ધાર માટે
આપણે પૂર્ણ પ્રયત્ન કરીએ, તો એ ઋણ વળે.
આ દૃષ્ટિએ જ અપકારી પર પણ ઉપકાર કરવાનો છે.
સંસારવર્તી જીવોના કલ્યાણાર્થે જેટલો પ્રયત્ન કરીએ,
તેટલું પંચપરમેષ્ઠિનું ઋણ આપણા પર ઓછું થાય.
એને પૂર્ણપણે ધ્યાન રાખીને સંયમ જીવન જીવનારે
દરેક પરિષહ તથા ઉપસર્ગો સહન કરવા,
તો જીવન ફૂલ જેવું ફોરું બની જાય છે.
શત્રુ પ્રત્યે પણ ઉપકાર કરવાનું લક્ષ્ય રહેવું જોઈએ.
આપણે કોનું હિત ચિંતવવું?
મોક્ષ ઇચ્છનાર દરેક જીવે સ્વાત્મા અને
ત્રિભુવનના જીવોનું પણ હિત ચિંતવવાનું છે.
ટૂંકમાં જીવમાત્ર સાથે મૈત્રી સાધવાની છે.

## સંયમ અને પ્રવચનનો સાર

ઉદ્વિગ્ન આત્માને પ્રસન્ન કરવાની જડીબુટ્ટી છે...

હૃદયથી તેનું સન્માન કરવું તે.

હૈયાના આદરપૂર્વકના વ્યવહારથી તેનું હૈયું શાન્ત થશે.

સૌ પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે સમજે - વર્તે છે,

તેમાં તેની ભૂલ હોય, તે ક્ષંતવ્ય છે.

આ વાત લક્ષ્યમાં લઈ જીવન પ્રશમરસ નિમગ્ન કરવું,

એ જ સંયમનો તથા પ્રવચનનો પણ સાર છે.

સમાધિ માટે નીચેનો શ્લોક પરમ આલંબનભૂત છે:

कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति ।

प्रभुस्तुल्यमनोवृत्तिः पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥१॥

સ્વોચિત કર્મ કરનારા કમઠ અને ધરણેન્દ્ર પ્રત્યે પણ તુલ્ય મનોવૃત્તિવાળા પ્રભુ પાર્શ્વ કલ્યાણ કરનારા થાઓ.

વિચિત્ર પ્રકારના કર્મોદયથી વિચિત્ર પ્રકૃતિવાળા જીવોની સાથે રહીને સમભાવે રહેવાનું શિક્ષણ મેળવવાનું છે.

રાગ-દ્વેષ, ક્લેશ-ઉદ્વેગ, શોક-સંતાપને વશ થવું નહિ.

શાતા-ઈર્ષ્યા જેવા બધા પ્રસંગોમાંથી બોધ લેવાનો હોય છે.

ગમે તેવા સંજોગોમાં સમાધિ અખંડ રાખવી,

એ જ જીવનની સફળતાનો માર્ગ છે.

## પ્રસન્નતા સ્વપર ઉભયને લાભકર્તા

પ્રસન્નતા સર્વ પ્રકારે હિત કરનાર પાયાનો ગુણ છે.
માનના કારણે ક્રોધ આવે અને ક્રોધી સ્વભાવવાળો
પ્રસન્ન રહી શકતો નથી. ધાર્યું પ્રમાણે ન બને, તો
થતાં ખેદ, નારાજ, ગુસ્સો, સંતાપાદિ બધું ક્રોધરૂપ છે.

ભૂતકાળને ભૂલીને અને બધાં જેવાં હોય તેવાં,
પહેલાં આપણે એમ સમજવું કે જેમ આપણા શરીરના
અવયવો પરસ્પર જોડાયેલાં છે, તેમ જીવનના બધા
પ્રસંગો જોડાયેલાં છે. બધાના હિતમાં આપણું હિત છે,
એમ માની સૌને પ્રસન્ન રાખવા આપણે પ્રસન્ન રહેવું.
આપણી પ્રસન્નતા વિના બીજાને પ્રસન્ન રાખવાના
ઉપાયો ઉલટા પડે છે, એટલે સ્વ અને પર - ઉભયની
શાંતિ માટે સદા સર્વ પ્રસંગોમાં પ્રસન્નતા ટકી રહે,
એ માટે સતત પ્રયત્ન કરવો જોઇએ.

'ન ધાર્યું' તેની ચિંતા આત્માને પાછો પાડી નિરુત્સાહી
બનાવી દે છે અને અપ્રસન્ન યા નિરાશ બનાવે છે.
દરેકને કાંઈક ધાર્યું હોય છે, ઘણું બાકી હોય છે.

બધા જીવોની પ્રાયઃ એ હાલત હોય છે કે:
થોડું સારૂં ધાર્યું હોય અને ઘણું ખરાબ ધાર્યું હોય છે,

છતાં જેટલું પણ સારું થયું હોય છે, તેની પ્રસન્નતા અનુભવવાથી ઉત્સાહી બની આગળ વધી શકાય છે. શાસ્ત્રમાં એકલા દુષ્કૃતની નિંદા કરવાનું કહ્યું નથી પણ દુષ્કૃતનિંદાની સાથે સુકૃતઅનુમોદના કરવા ય કહ્યું છે. એ દિશા ભૂલી માત્ર શોક કરવો, તે કર્મબંધનું કારણ છે. આ જનમમાં જે સુકૃત થાય છે, તે પણ નવાઈરૂપ છે, એને માણીને અનુમોદના કરવી, તે પગલું જ યોગ્ય છે. પ્રસન્નતાનો પ્રધાન ઉપાય છે કે : જે થયું છે અને જે થઈ રહ્યું છે, તેની અનુમોદનાનો પ્રયત્ન કરવો.

બીજું કાંઈ નથી થયું તો પણ સંયમ મળ્યું છે, મહાવ્રતોનું પાલન થાય છે, દેવગુરુની ભક્તિ મળી છે આદિ યાદ કરી પ્રસન્ન થવું તથા એની અનુમોદના વડે પુણ્યાનુબંધી પુણ્ય વધારવું, એ પણ પરમ કર્તવ્ય છે.

વળી પુણ્યથી પાપ ઠેલાય છે, વિઘ્નો શમે છે,
અનુકૂળતાઓ સામી ખેંચાઈ આવે છે,
માટે ખોટો ઓરતો કે શોક કરવો નહિ.
સંકટ વખતે સત્ત્વ કેળવી તેનો સામનો કરવો,
અકળાવું નહિ, થવાનું હોય તે થાય જ છે,
તેમાં કોઈથી પણ ફેરફાર થઈ શકતો નથી.

એમ માંદાની દવા કરીને ભાગ મેળવવાનો છે,
કાંઈ બચાવવાનું કોઈથી શક્ય નથી, તેમ આ વિશ્વના
ભાવી નિયતિ પ્રમાણે બન્યાં જ કરવાના છે, તેમાં કાંઈ
સુધારી - બગાડી - વધારી - ઘટાડી નથી થઈ શકવાનો,
પરંતુ નિમિત્ત ભાવી બગડતાંને સુધારવાના વિધિપૂર્વકના
પ્રયત્નો કરવાથી પ્રયત્ન કરનારને તો ભાગ જ થાય છે.

નિયતિનો વિચાર અને આરાધનાના પ્રકાર

પ્રયત્ન કરવા છતાં પરિણામ જે આવવાનું છે,
તે નિશ્ચિત જ છે, પરન્તુ આપણને કમાણ થવાની.
જે કાળે - જેની સાથે રહેવાનું થાય, તેમાં આનંદ માનવો.
રેલ્વેની મુસાફરીમાં એમ બાર કલાક પછી ગાડી છોડવાની
હોય છે અને જુદા જુદા સ્ટેશનો છોડવાના હોય છે, જે
ડબ્બામાં જેવી જગ્યા મળે, ત્યાં મુસાફર બેસી જાય છે
અને અગવડો વેઠીને પણ પોતાના ઇષ્ટ સ્થળે પહોંચી
જવામાં આનંદ માને છે, તેમ આપણે પ જેની સાથે
જેટલાં દિવસો ગાળવાના હોય, ત્યાં ગાળી લેવા, અગવડ
- સગવડનો વિચાર ન કરવો અને જે આરાધના થાય,
તેમાં આનંદ માનવો: દરેક અગવડ પણ આપણી
આરાધનામાં સહાયક છે, એમ માની તેનો આદર કરવો.

સંકટમાં કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં ખૂબ ધીરજ કેળવવી.
કર્મના વિપાક આપણા હાથમાં નથી હોય પણ ભોગવવાના હોય.
પ્રતિકૂળતા એ તો માત્ર કર્મવિપાકનું - ઉદયમાં આવેલાં
કર્મનું ફળ હોય છે, તેને સહન કરવામાં ઇચ્છાનિરોધરૂપ
ઉત્કૃષ્ટ તપનું ફળ મળે છે, પરમ નિર્જરા થાય છે.
એ જ આરાધનાનો પ્રકાર છે, એમ સમજી પ્રસન્ન રહેવું.

જીવન જીવતાં આવડે તો રોગમાં કે આરોગ્યમાં,
અનુકૂળતા અથવા પ્રતિકૂળતા - બન્નેમાં
એકાંતે આરાધના છે અને નિર્જરા સાધી શકાય છે.
ઉત્સાહ અને ઉમંગ વિનાનું ધર્માચરણ મિથ્યા છે.
જ્યાં ધર્મનું પાલન નિષ્ઠા - પ્રેમથી થાય, ત્યાં પ્રકાશ-
તેજ - ઓજ પથરાય, ફળ - બળ પ્રાપ્ત થાય છે અને
તેનાથી બળવાન એવા યમ પણ પરાજિત થાય છે.
તેથી ધૈર્ય વધે, મહાનમાં મહાન કષ્ટ પણ અલ્પ લાગે છે.
ધર્મપાલન માટે ધર્માચરણમાં નિષ્ઠા, હૃદયની વિશાળતા,
પ્રભુમાં વિશ્વાસ, લોકહિતની ભાવના તથા સ્વકર્તવ્ય
પ્રત્યે સજાગતા જરૂરી છે. સર્વ કષ્ટોમાંથી મુક્ત થવા

ધર્માચરણ એ રામબાણ ઇલાજ છે.

સાધુતા શું? ખમવું અને નમતા તૃણ જેવા બનવું.

દ્વૈતાઽદ્વૈતવિવર્જિતે સમરસે મૌન પરં સંમતમ્ ।

આપણું ચિત્ત જો અહંકારશૂન્ય થાય,

તો મૌનનો સર્વથી અધિક પ્રભાવ પડી શકે.

મૌનથી ચિત્તની એકાગ્રતા સિદ્ધ થઈ શકે. મૌન એટલે સર્વ સંબંધોના તીક્ષ્ણ બંધનો છેદી બાહ્યાંતર નિર્ગ્રંથ થવું.

'યોગેનાઽન્તે તનુત્યજાં ।'

તેનો સંલેખણા વ્રત ગ્રહણ કરે છે, ત્યારે આ જીવનની અંતિમ ક્ષણોમાં દેહની બધી જ મમતા છૂટી જાય અને

'આત્મન્યેવાઽઽત્મના તુષ્ટઃ ।' અર્થાત્

સંસારની આસક્તિમાત્ર મટીને સ્થિતપ્રજ્ઞતા આવી જાય.

આ નરદેહનો ઉદ્દેશ શો ?

અહીંની માત્ર સમસ્યાઓ ઉકેલવી કે આત્મસાક્ષાત્કાર ?

સમસ્યાઓ તો નિરંતર ચાલતી જ રહેવાની અને

આ જન્મમાં આત્મસાક્ષાત્કાર ન થયો,

તો પુનર્જન્મ મનુષ્યનો જ મળશે, એનો ભરોસો શો?

આત્મસાક્ષાત્કારનો ઉપાય ધ્યાન અને આત્મચિંતન જ છે.

સત્યાગ્રહી થવા કરતાં સત્યગ્રાહી થવું સારું છે.

પ્રત્યેક ધર્મમાં, પંથમાં કે માનવમાં સત્યનો અંશ રહેલ છે, તેને ગ્રહણ કરવાથી સત્યગ્રાહી કે સત્ય આગ્રહી બનાય.

અનેકાંતના ચાર વિભાગ રાખ્યા છે:
મોક્ષમાર્ગ, તત્ત્વદર્શન, સ્યાદ્વાદ અને જ્યોતિ ની ઓર.

અહિંસા, સંયમ અને તપને અનુક્રમે
અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ નામ આપી શકાય.

આત્મા જ આત્માનો મિત્ર અને શત્રુ પણ છે.

દુનિયાને સુધારવાની આકાંક્ષા રાખવાને બદલે
જાતને સુધારવા મથવું તથા અહંકાર અને દંભ ત્યાગ
સાથે નમ્રતા કેળવવા પુરુષાર્થ કરવો.

સંયમનું સાધન તપ છે અને
સંયમનું સાધ્ય આત્મશુદ્ધિ અને આત્મદર્શન છે.

ફૂલમાં એકાકાર બની જવું એ જીવન. દેહનો આકાર
બદલાય, તે મૃત્યુ નહિ પણ ફૂલનું વિસ્મરણ એ જ
આત્માનું ભાવમરણ છે. સત્ય ક્યાં છે, તેને સ્વીકારવું.
તે ધરતી, આકાશ, સાગરમાં નહિ, ભીતર અંતરાત્મામાં
છે, ત્યાં તેને શોધો. સત્ય બીજે ક્યાંય નથી પણ
સમજ જાગી કે આપણા શ્વાસમાં જ સત્ય છે.

સત્ય પૂર્વ દિશામાં છે, ઊગે સૂરજ ત્યાં છે.

આંખની આંખ, કાનનો કાન, નાકનું નાક, શ્વાસનો શ્વાસ
અને મનનું મન કોઈ હોય, તો તે આત્મા જ છે.

## વૈરાગ્ય અને અભ્યાસ

પર્યાયદૃષ્ટિ વિરક્તભાવ ઉત્પન્ન કરવાને ઉપયોગી છે, દ્રવ્યદૃષ્ટિ સ્વસ્વરૂપમાં સ્થિર થવાને અદ્વિતીય કારણ છે. વિષયમાં આસક્તિ નહિ રાખવી, તેનું નામ વૈરાગ્ય છે અને વિષય તરફ જતાં મનને રોકીને પરમ તત્ત્વમાં જોડવું, તે અભ્યાસ છે. ઇષ્ટવસ્તુમાં મનાતાં સુખની જેમ અનિષ્ટ સંયોગોથી થયેલું દુઃખ પણ કાલ્પનિક જ છે. આત્માભિમુખ વૃત્તિને અંતર્મુખ વૃત્તિ કહેવામાં આવે છે. આત્મજ્ઞાન વિના મોક્ષ નહિ, વૈરાગ્ય વિના જ્ઞાન નહિ, વિચાર વિના વૈરાગ્ય અને સ્થિરતા વિના વિચાર નહિ.

જ્ઞાનનું ફળ ત્યાગ - વૈરાગ્ય - ઉદાસીનતા છે.

વસ્તુને વસ્તુસ્વરૂપે જોઈ આત્મભાવે રહેવાની સમવૃત્તિનું નામ ઔદાસિન્ય ભાવ છે.

રાગદ્વેષના પક્ષપાતમાંથી મુક્ત થવાનો ઉપાય પ્રિયતા છે. ન્યાયપ્રિય મનુષ્ય સત્યને ગ્રહી અસત્યને તજી શકે છે. ન્યાયપ્રિય હોતો નહિ, તે રાગદ્વેષના પક્ષપાતમાં પડે છે.

### તત્ત્વચિન્તન કરવું એટલે...

સંસારની નિર્ગુણતા, વિચિત્રતા, નિઃસારતા, દુઃખરૂપતાને તથા ચેતન અને જડના પાર્થક્યપણાંને વિચારવું.

## જિનવચનમાં સમાવિષ્ટ થોડી વાતો

જેમાં સ્યાદ્વાદ છે, કોઈનો પણ પક્ષપાત નહિ અને સર્વ પ્રકારે અવિસંવાદી છે, તે જ જિનવચન છે.

આત્મા અને આત્મગુણો સિવાય જેટલી ઈતર વસ્તુઓ છે, તે પર વસ્તુઓ છે.

પાણીમાં લૂણ જેમ એકરસ થઈ જાય છે, તેમ આત્મામાં મનનું ઐક્ય થઈ જવું, તેનું નામ સમાધિ છે.

કમાયું તે રૂપું, ખરચ્યું તે સોનું, તેનો અનુભવ તે રત્નતુલ્ય.

સત્ત્વનું ચિહ્ન ચિત્તપ્રસન્નતા, રજોગુણનું ચિહ્ન લોભેચ્છા તથા તમોગુણનું ચિહ્ન દૈન્ય છે. ક્રોધાદિ દુષ્ટ વિકારો છે.

મોક્ષના ચાર કારણભૂત પ્રેમ

ધર્મજ્ઞાન, પૂર્વસંસ્કાર, આત્મસ્નેહ અને ગુરુપ્રેમ.

પ્રશ્ન : શુભ કાર્યોનો હેતુ શો? જનહિત.

જનહિતનો હેતુ શો? એમ પ્રશ્ન કરતાં કરતાં અંતે તેનો ઉત્તર મોક્ષ જ આવશે.

હેય પદાર્થોથી નિવૃત્તિ અને ઉપાદેય પદાર્થોની પ્રવૃત્તિ કૃતજ્ઞતાથી જ થવાથી કૃતજ્ઞતા અત્યંત લોકોપકારી છે.

સંઘર્ષ કરતાં સમન્વય અને તોડવા કરતાં જોડવું સારું છે.

Resist not evil. સર્વ સત્કાર, ન કોઈ પ્રતિકાર.

## સ્યાદ્વાદ સિદ્ધાંતનો ઉદ્દેશ એ છે કે:

પોતાની પ્રમાણસિદ્ધ પ્રામાણિક માન્યતાઓને ન છોડવી અને અન્યની પ્રામાણિક માન્યતાઓને આદર આપવો.

વસ્તુને અનેક દૃષ્ટિએ જોવું, તે સ્યાદ્વાદ છે.

સ્યાદ્વાદ = સમભાવપૂર્વકનો વાદ.

અપેક્ષાવાદ, સમન્વયવાદ વગેરે સ્યાદ્વાદનાં જ નામો છે. સ્યાદ્વાદ વડે હૃદયની ઉદારતા, દૃષ્ટિની વિશાળતા, તત્ત્વની જિજ્ઞાસા અને વસ્તુની વિવિધતાનો ખ્યાલ આવે છે.

નયવાદ દૃષ્ટિને વિશાળ અને હૃદયને ઉદાર બનાવી મૈત્રીભાવનાં માર્ગને સરળ કરી આપે છે.

કલહો શમાવવામાં અને વિકાસને સરળ બનાવવામાં મૈત્રીભાવની ઉપયોગિતા છે. સ્યાદ્વાદ એ ધર્મવાદ છે. પિતા પોતાના સર્વ પુત્રો ઉપર સમભાવ રાખે છે, તેમ અનેકાન્તરૂપી પિતા સર્વ નયોને સમાન ભાવથી જુએ છે. સમુદ્ર જેમ બધી નદીઓને પોતામાં સમાવે છે, તેમ અનેકાન્તવાદ સર્વ દર્શનોના સત્યને પોતામાં સમાવી લે છે. જિનાગમ તે કે જેમાં પ્રત્યક્ષ અનુમાન આદિ પ્રમાણોથી વિરુદ્ધ કથન ન હોય, આત્મોન્નતિનો ઉપદેશ જ ભરેલો હોય અને જે રાગ-દ્વેષથી છોડાવનારું શાસ્ત્ર છે.

નય સાત નહિ પણ અનંત છે અને
તે બધા એક આત્માને અર્થે જ છે, તેથી
આત્માર્થ સિવાય કોઈ નય ઘટે. રાગ-દ્વેષને શમાવવા
અર્થે જ લગાવાને અનેકાંતવાદ પ્રરૂપ્યો છે.
કર્મની અકામ નિર્જરા એટલે અજ્ઞાન અને મૂઢ દશામાં
દુઃખોને સહન કરવાથી જે નિર્જરા થાય તે.
બોધિલાભની માંગણીથી ભવાંતરમાં
જૈનધર્મના લાભની પ્રાર્થના કરાય છે.
જૈનધર્મ સમ્યગ્દર્શનથી ઠેઠ વીતરાગતા સુધી ગણાય છે.

## પ્રાર્થના શેની કરવાની હોય છે?

સમ્યગ્દર્શનની ઉપરના દેશવિરતિ, સર્વવિરતિ,
અપ્રમત્ત અવસ્થાદિ ધર્મની પ્રાર્થના કરવાની હોય છે.
પ્રભુચરણોની સેવા માંગવાનો અર્થ પણ સમ્યક્ત્વથી
માંડીને વીતરાગતા સુધીના ધર્મ રૂપ બોધિલાભ છે.
૦ મનને વશ તે મનુષ્ય, ભૌતિક વાસનાવાળા ભૂત,
દિવ્યશક્તિવાળા દેવ, સર્વ ઐશ્વર્યસંપન્ન તે ઈશ્વર.
ટૂંકમાં જેવી વાસના તેવી ગતિ થાય છે, માટે મોક્ષ-
સુખની ઇચ્છા રાખી કર્મ, ઉપાસનાદિ તમામ શુભ કર્મો
નિષ્કામભાવે કરવાથી ચિત્તશુદ્ધિ થઈ મોક્ષલાભ થાય છે.

ધ્યાનના બે અર્થ: meditation & concentration.

પ્રથમ ચિન્તન એટલે ત્યાગ-વૈરાગ્યની ભાવના.
બીજું ધ્યાન એટલે આત્મતત્ત્વને વિષે ચિત્તની એકાગ્રતા.
સમાહિત ચિત્ત એટલે સંકલ્પ - વિકલ્પરહિત વૃત્તિ.
તે જ સમાધિ અવસ્થા પણ કહેવાય છે.

પ્રભુનામસ્મરણનો મહિમા : અર્હત્ = જિન - તીર્થંકર.

ઈશ્વર = સર્વ શાસક, પરમાત્મા = સર્વ આત્મા,
ભગવાન = ઐશ્વર્ય - રૂપ - યશ અને ધર્મના સ્વામી,
વિભુ = સર્વવ્યાપી, પ્રભુ = સ્વામી - માલિક.
ૐ = ઈશ્વરનું નામ છે, નિર્ભય, નિર્વૈર છે, સ્વયંભૂ છે.

શ્રદ્ધા વિના પણ નામસ્મરણ કરનારને
લાભ થવાના દૃષ્ટાંત છે, પછી શ્રદ્ધા જાગે છે.

'નામસ્મરણ કલ્યાણકારી છે'

એથી શ્રદ્ધા રાખીને જપ કરનારને લાભ થાય છે.
પ્રથમ નામસ્મરણ પછી ભજન - કીર્તન, એ ક્રમ છે.
બધા ધર્મ કરતાં જપધર્મ વિશિષ્ટ ગણાય છે, કોઈક
ધર્મ એક દેવને ઉદ્દેશીને થાય છે, જપધર્મમાં દેવના
પણ દેવ, ત્રિલોક પર જેનું પ્રભુત્વ છે, એવા પરમાત્મા
પરમેશ્વરનો સાક્ષાત્કાર થાય છે, તેથી એનું ફળ વિશિષ્ટ છે.

તપ મહાન છે, કિન્તુ તે જ્યારે જપથી યુક્ત બને છે,
ત્યારે સર્વસિદ્ધિ ફળને આપે છે.

શબ્દમાં શક્તિ છે, તેનાથી પણ વધારે શક્તિ
વિચારો અને ભાવનાઓમાં રહેલી છે.

વિશદ જ્ઞાન તો વિજ્ઞાન છે.

જપ પૂરો થયા પછી જપની અર્થભાવના કરવી જોઈએ.

ભક્તિની પૂર્ણતા ધ્યાનથી જ થાય છે.

મંત્રજપ માત્ર શબ્દનો નહિ પણ જે શબ્દ
મંત્રરૂપ બનેલો હોય, તેનો જ જપ હોય છે.

Imp મંત્ર એટલે મનન કરવા યોગ્ય હોય તે.
મંત્ર એટલે જેના મનનથી આત્માનું ભયથી રક્ષણ થાય.
મંત્ર એટલે ગુપ્ત ભાષણ - ગુપ્તપણે અપાય તે અને
મંત્ર એટલે દેવાધિષ્ઠિત શબ્દરચના.

મનન એટલે શબ્દનું રટણ અથવા અર્થનું ચિંતન.
મંત્રના દેવતાના સ્વરૂપનું ચિન્તન કરવું અને છેવટે
તેમાં તદાકાર થઈ જવું, એ અર્થભાવનાનું રહસ્ય છે,
તેથી મંત્રચૈતન્ય પ્રકટી મંત્રસિદ્ધિને સમીપ લાવે છે.
મંત્રનું રહસ્ય શાસ્ત્રથી નહિ પણ ગુરુથી પ્રાપ્ત થાય છે
તથા ગુરુને એ રહસ્ય પરંપરાગત પ્રાપ્ત થયેલું હોય છે.

## બધા યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ શાથી ?

યજ્ઞમાં જેમ અગ્નિ - આહુતિ તથા મંત્રોચ્ચાર હોય છે,
તેમ જપયજ્ઞમાં જપ અગ્નિરૂપ છે,
આહુતિ વાસનાઓની અપાય છે અને તેમાં શબ્દનું
જે આલંબન લેવાય છે, તે મંત્રોચ્ચાર છે અને તેથી
તે જપયજ્ઞ છે અને બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ યજ્ઞ છે.
આત્મા, પરમાત્મા અને બ્રહ્મનો વિચાર મુખ્ય બને છે,
ત્યારે તેના સાધન તરીકે યોગ, મંત્ર, જપ વગેરેની
પ્રતિષ્ઠા વધે છે. જપયજ્ઞ વડે ધર્મ, અર્થ, કામ, મોક્ષ-
આદિ ચારે પુરુષાર્થની સિદ્ધિ થાય છે.
ધર્મ=કર્તવ્યપાલન, અર્થ = આજીવિકાનાં સાધનોની પ્રાપ્તિ,
કામ = સુખ - સગવડવાળું વર્તમાન જીવન,
મોક્ષ = સર્વ બંધનોથી છુટકારો.
મોક્ષનું મૂળ ધર્મ છે અને કામનું મૂળ અર્થ છે,
તેથી મુખ્ય પુરુષાર્થ ધર્મ અને અર્થ છે.
ધર્મને મુખ્ય બનાવવાથી અર્થઉપાર્જન ન્યાયસંપન્ન બને
અને કામભોગ સદાચાર અને સંયમયુક્ત બને છે.
બધા યજ્ઞોમાં જપ શ્રેષ્ઠ છે,
કેમકે તેમાં પરમાત્માનું અનુસંધાન છે.

મંત્રજાપ એ દેવતાની સ્તુતિરૂપ છે, તે નિયમિત -
ભક્તિ કરવાથી દેવતા પ્રસન્ન થાય છે અને સાધકને
ભુક્તિ - મુક્તિ ઉભય આપે છે. મુક્તિ સમીપ આવી
ગયેલા સાધન - સંજોગો મેળવી આપે છે અને તેના
આધારે સાધક મુક્તિ મેળવી શકે છે. આમાં દેવતાનો
અનુગ્રહ કારણ છે, તેથી તે મુક્તિદાતા સમજવાના છે.

જપ્યેનૈવ તુ સંસિધ્યેત્ બ્રાહ્મણો નાઽત્ર સંશયઃ।
કુર્યાદન્યન્ન વા કુર્યાત્ મૈત્રો બ્રાહ્મણ ઉચ્યતે॥ (परिशिष्ट-३)

જે સૌની સાથે મિત્રતા રાખે, તે બ્રાહ્મણ છે.
હિંસક પશુઓમાં મિત્રતા તૂટે છે.

જેની હિંસા થાય, તેની સાથે મિત્રતા કેવી રીતે રહે?
જપયજ્ઞમાં હિંસા ન હોવાથી મિત્રતા અખંડ રહે છે,
તેથી સિદ્ધિ અવશ્ય મળે છે. પવિત્ર નામ ફરી ફરી
બોલવું તે જપ, જે વડે ભક્ત ઊંચે અનંતને પહોંચે છે.
જપ એ આત્માની ભૂખ છે, સર્વ સંકટોથી બચાવે છે.

ઊંચા સ્વરે સ્તવન - સ્તોત્ર બોલાય,
તેના કરતાં મનમાં થતો જપ અને ધ્યાન એ શ્રેષ્ઠ છે.
જપ એ વિષયો તરફ જતાં વિચારપ્રવાહને અટકાવે છે,
મનને પ્રભુ તરફ વાળી રજસ્‌માંથી સત્ત્વમાં પલટે છે.

जकारो जन्मविच्छेदः पकारो पापनाशकः ।
तस्माज्जाप इति प्रोक्तो जन्मपापविनाशकः ॥ (परिशिष्ट-४)

જેમ સમુદ્રમાં અહર્નિશ ગર્જન થતું રહે છે, તેમ જાપના મંદ અવાજની નિયમિત ગતિથી વાયુમંડળમાં એક પ્રકારનો અનાહત નાદ સતત ગુંજતો રહે છે. ગુરુએ શિષ્યના હિત માટે જે શબ્દો રટવા કરવાનું કહ્યું હોય, તે શબ્દો મંત્રનું રૂપ ધારણ કરે છે તથા તેનું રટણ જપની કોટિમાં જ આવે છે.

માનસો મનોમાત્રવૃત્તિનિર્વૃત્તઃ સ્વસંવેદ્યઃ । અર્થાત્ઃ માનસજાપ માત્ર મનથી થાય છે અને તે સ્વસંવેદ્ય છે.

ધ્યાનજપ = મંત્રપદોનું વર્ણાદિપૂર્વક ધ્યાન કરવું તે.

ધ્યેયૈક્યજપ = ધ્યાતા તથા ધ્યેયની એકતાવાળો જપ.

વર્ણમાળાનો દરેક અક્ષર મંત્રરૂપ છે, તેનો જપ અને ધ્યાન કરતાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે.

દેવાધિષ્ઠિત વર્ણવિન્યાસના રૂપ મંત્રનું વિશિષ્ટ સંયોજન એક પ્રકારની શક્તિ ઉત્પન્ન કરે છે. સાત્ત્વિક મંત્રો આત્મશુદ્ધિ કરનારા છે, રાજસિક મંત્રો લોકૈશ્વર્ય દાતા છે, સ્તંભન - ઉચ્ચાટન કરનારા તામસિક મંત્રો શરીર અને મન ઉપર ખરાબ અસર કરે છે.

## મંત્રના કેટલાં અક્ષર હોય ?

બીજમંત્ર = ૯ અક્ષર સુધી હોય છે,
મંત્ર = ૧૦ થી ૨૦ અક્ષર સુધી હોય છે અને
માલામંત્ર = ૨૦ થી વધારે સંખ્યાવાળા હોય છે.
પૌરાણિક, શાબર, પ્રકીર્ણક મંત્રો પણ હોય છે.

નિગમ = વેદ અને આગમ = તંત્ર. આગમ એટલે આપ્તના મુખકમળથી નીકળેલ - શિષ્યપરંપરાથી આવેલ.
જપ, ધ્યાન અને સમાધિ - એ મંત્રયોગનાં અંગો છે.

## મંત્રયોગનું મુખ્ય લક્ષ્ય છે...

મહાબોધિ સમાધિ અર્થાત્ પરમાત્માના ભવ્યગ્રાહી
સ્વરૂપમાં ચિત્તવૃત્તિઓનો સંપૂર્ણ લય.

સ્વાધ્યાય = મંત્રનો વિધિપૂર્વક જપ. યોગ = ધ્યાન.
તનસુખ = નિરોગી શરીર, મનસુખ = ચિંતારહિત સ્થિતિ અને ધનનું સુખ એટલે જીવનવ્યવહારની સરળતા.

ઈશ્વરમાં સમાઈ જવું એટલે સાક્ષાત્કાર થવો.

બધા રસાયણોમાં નાગરસાયણ શ્રેષ્ઠ છે. ૧ રતી પ્રમાણ પણ જો તે પેટમાં જાય, તો શરીર કંચનવર્ણું થાય.

આ જ્ઞાન ઘણું રહસ્યમય છે,
તેનો પૂરેપૂરો પાર કોઈથી પણ પામી શકાય એમ નથી.

ભગવાન સાથે સંબંધ બાંધવાનું
મુખ્ય સાધન નામજપ કે નામસ્મરણ છે.
નામ મંગલમય છે, કલ્યાણકારી છે.
ભગવાનના અસ્તિત્વનો કે સ્વરૂપનો પાક્કો નિર્ણય
નામસ્મરણમાં જોડાયા પછી જ થાય.
ગાંઠે ટાઢ કાળ છે, તેના ફાળથી બચવા માટે
તર્ક એ સાધન નથી પણ નામ એ સાધન છે.
બધાં પાપોને યાદ કરી ભગવાનની ક્ષમા માંગવી,
તે સંકટમાંથી ઉગારવાનું પરમ સાધન છે.
ભગવાનમાં અનેક ગુણો રહેલાં છે,
તેને સૂચવવા માટે નામો અનેક પડેલાં છે.
ભગવાનનું ચિન્તન કરવું, એ માનસ સ્નાન છે.
મનઃશુદ્ધિ = મનમાંથી પાપવાળા વિચારોને દૂર કરવા.
ત્રણ પાપ મોટાં ગણાય છે: પરસ્ત્રી, પરધન, પરપંચાત.
નિંદા - કુથલીનો નાશ કરવાનું સાધન નામસ્મરણ છે.
શ્રદ્ધા એકડો છે, જ્ઞાન અને ક્રિયા એ મીંડા છે.
આગળ વધવામાં, મુશ્કેલીઓ ઓળંગવામાં,
કાર્યસિદ્ધિ થતાં સુખમાં ટકી રહેવાનું બળ
એક શ્રદ્ધામાંથી જ મળે છે.

શ્રદ્ધામાંથી આયોજન અને શ્રમ જન્મે છે.

પ્રયત્નની પાછળ ઇચ્છા જોઇએ અને
ઇચ્છાની પાછળ શ્રદ્ધાનું બળ જોઇએ.

પ્રથમ મનને સંશયરહિત બનાવવું જોઇએ અને
પછી પ્રભુ નામસ્મરણમાં લીન થવું જોઇએ.

જે વસ્તુ હિતકર, સુખકર, કલ્યાણકર, મોક્ષકર, ઉત્તમ, શ્રેષ્ઠ લાગી, પછી તેને અનુસરવામાં અંધશ્રદ્ધા ક્યાં રહી?

જે વસ્તુ શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિ - એમ ત્રણેથી સિદ્ધ હોય, તેમાં શ્રદ્ધા ન મૂકવી, તે અંધઅશ્રદ્ધા છે.

अश्रद्धयापि यन्नाम्नि कीर्तितेऽथ स्मृतेऽपि वा ।
विमुक्तः पातकैः मर्त्यैः लभते पदमव्ययम् ॥१॥
संसारघोरकान्तारदावाग्नि मधुसूदनः ।
स्मरतां सर्वपापानि नाशयत्याशु सत्तमः ॥२॥

- નારદપુરાણ (પરિશિષ્ટ-૫)

અશ્રદ્ધાથી બોલાયેલું અથવા તો
યાદ કરાયેલું નામ પણ જો આટલું ફળ આપે છે,
તો ભાવને શ્રદ્ધાપૂર્વક યાદ કરનારને શું ન આપે?
અહીં 'શ્રદ્ધા વિના નામ બોલવાથી ફળ મળે છે,
તો શ્રદ્ધા રાખવાની જરૂર શી?' એ કુતર્ક ગણાય.

એમ માનવું એ શરત છે કે:

'જેના વિષે આપણી શ્રદ્ધા નહિ,

તેના વિષે ઇચ્છા કે પ્રયત્ન થતો નહિ.'

મંત્રયોગના ૧૬ અંગોમાં ભક્તિ પહેલી છે,

શ્રદ્ધા વિના ભક્તિ અશક્ય છે અથવા

ભક્તિ એ શ્રદ્ધાનો જ પર્યાય છે.

સઘળી સાધનાનો મૂળ પાયો શ્રદ્ધા છે.

જેને મંત્ર, મંત્રદેવતા અને ગુરુ ઉપર શ્રદ્ધા નહિ,

તેને કોટિજન્મે પણ સિદ્ધિ થતી નહિ.

જ્યાં શ્રદ્ધા - ત્યાં સિદ્ધિ, તેથી સૌ પ્રથમ

શ્રદ્ધાનું આલંબન ગ્રહણ કરવું જોઇએ.

મંત્રજાપ માટે દિવસે પૂર્વ - ઉત્તર દિશા અને

રાત્રે ઉત્તર દિશા શુદ્ધ ગણાય.

શુભ - સૌભાગ્યાર્થે જાપ પૂર્વ દિશામાં કરવો અને

દુઃખ - ઉપદ્રવ નિવારણાર્થે ઉત્તર દિશામાં જાપ કરવો.

પૂર્વ એ ઉદયની તથા ઉત્તર એ શાંતિની દિશા છે.

મંત્રાર્થ એટલે મંત્રદેવતા.

મંત્રના અક્ષરો એ મંત્રદેવતાનો દેહ છે અને તેમાં

જે શક્તિ રહેલી છે, તે મંત્રદેવતાનો આત્મા છે.

મંત્ર ઉપર મનોવૃત્તિ સ્થિર કરવી, એટલે
મંત્રદેવતાનો દેહ અને આત્મા-બંનેનો લાભ મળે છે.
જે વસ્તુ જરૂરની નહિ, તે ભૂલી જવી અને જે વસ્તુ
જરૂરની છે, તેના ઉપર ચિત્તવૃત્તિને એકાગ્ર કરવી.

સમગતિએ એટલે જલ્દી કે ધીરે નહિ.

ધનનાશ જલ્દી અને રોગોત્પત્તિ ધીરેથી થાય છે.

સમગતિ હિતાવહ છે.

પછી તથા વહેલાંના ઉચ્ચારણમાં અંતર પડવું ન જોઈએ,
એથી મંત્રજાપની ફલદાયકતા ઘટી જાય છે.

ક્રોધ કરતાં મનમાં ક્ષોભ થાય છે, તેથી
મનની સ્વસ્થતા તૂટે છે.

જપ એ જીવનસંસ્કરણની, જીવનાધિકરણની અને
જીવનશુદ્ધિની ક્રિયા છે. નીતિનો પાયો એ ધર્મ જ છે.
ધર્મથી રહિત જીવનમાં નીતિનાં મૂળ ટકતાં નહિ અને
ધર્મનિરપેક્ષ રાજનીતિએ આજે જે
ધર્મરહિત અવસ્થા સર્જી છે, તે પ્રત્યક્ષ છે.

ધર્મ, યોગ, અધ્યાત્મની મહત્તા સમજ્યા વિના ધ્યાન
- જપાદિ ઉત્તમ ક્રિયાઓ જીવનમાં લાવી શકાતી નહિ,
જે દિવ્યજીવનના સાક્ષાત્કાર માટે અત્યંત જરૂરી છે.

ભાવેન લભતે સર્વં ભાવેન દેવદર્શનમ્ ।
ભાવેન પરમં સ્થાનં તસ્માત્ ભાવાવલંબનમ્ ॥ (પરિશિષ્ટ-૬)

ભાવશુદ્ધિમાં 'ભાવ' એટલે...

Attention, Interest, Desire, Will,
Imagination, Visualisation,
Identification, Absorption અથવા
અંતરનો ઉલ્લાસ, ઉમંગ, ઉત્સાહ, રૂચિ, રસ વગેરે.
ભાવનો અર્થ મનઃશુદ્ધિ પણ થાય છે.

<u>મંત્રચૈતન્યને પ્રગટાવવા જપસાધના</u>

નાऽજપ્તઃ સિધ્યતિ મન્ત્રોऽનાહુતશ્ચ ફલપ્રદઃ ।
વિભૂતિં ચાऽગ્નિકાર્યેણ સર્વસિદ્ધિશ્ચ વિન્દતિ ॥

o યસ્ય દેવસ્ય યદ્રૂપં યથાભૂષણવાહનમ્ ।
તદ્રૂપં ધ્યાયતે નિત્યં સ્થૂલધ્યાનમિદં વિદુઃ ॥ (પરિશિષ્ટ-૭)

મંત્રાક્ષરોનું જ્યોતિર્મય ધ્યાન કરવાનું છે.
ધ્યાનમાં દરેક વર્ણને પ્રકાશમય ચિન્તવવો જોઈએ.
અંતે મંત્રદેવતાનું ચિન્મય ધ્યાન ધરવાનું છે અને
તે જ મંત્રચૈતન્યને પ્રગટાવે છે.
જપ એ ધ્યાનરૂપી અગ્નિ છે, જેમાં આહુતિ
વાસનાઓની અપાય છે અને શબ્દ એ મંત્રોચ્ચાર છે.

લય = ચિત્તવૃત્તિનું તદાકારપણું.

૭ દિવસમાં ૧॥ લાખ જપ સહેલાઈથી થઈ શકે.

૧૪ દિવસમાં ૨॥ લાખ અને ૨૧ દિવસમાં ૩॥ લાખ.

૧ દિવસમાં ત્રણ વિભાગમાં ૧૮૦૦૦ જપ થઈ શકે.

જીવન સફળ કરીને કૃતકૃત્યતા અનુભવવા હોય,
તેણે એકાગ્રતાપૂર્વક જપસાધના અવશ્ય કરવી જોઈએ.

તંત્રમાર્ગમાં હ્રીંકારનું મુખ્ય મહત્ત્વ છે.

ૐકાર એ સચ્ચિદાનંદવાચક છે અને
હ્રીંકાર એ માયા - પ્રકૃતિસંકેત છે.
એક પુરુષ પ્રધાન તથા બીજો પ્રકૃતિ પ્રધાન છે.
હૃદયરૂપી આગારમાં નિવાસ કરનારી શક્તિ તે હ્રીં,
તે ત્રિગુણાતીત - નિર્ગુણ છે, બ્રહ્મસ્વરૂપા છે.
હ્રીંકાર એ હૃદયાકાશમાં પ્રકાશનું નિર્માણ કરનાર
નિરતિશય આનંદરૂપ ચિત્ શક્તિ છે.
હ + ર + ઈ = સ્થૂલ, સૂક્ષ્મ, કારણ - ત્રણ શરીર
અને તેના ઉપર ચંદ્ર - કલા - બિન્દુ, તે તુરીયભાવ.
હ = પાર્શ્વ, ર = ધરણેન્દ્ર, ઈ = પદ્માવતી,
કલા = કૃપા, બિન્દુ = મણિ, જે અનુક્રમે
ઉપાસના - સાધના - આરાધના - આચાર - ભાવ છે.

સર્વતંત્ર સ્વતંત્ર સચ્ચિદાનંદઘન સ્વરૂપ
પરમાત્મતત્ત્વનું ધ્યાન કરવા માટે

નાદ, બિન્દુ, કળાનો અભ્યાસ આવશ્યક છે. કહ્યું છે કે:

नादबिन्दुकलाभ्यासात् ध्यातिरुत्पद्यते पुनः ।
तत्प्राप्तौ च मनुष्याणां जायते परमं पदं ॥१॥

અર્થાત્: નાદ, બિન્દુ, કળાના અભ્યાસથી પ્રકાશ ઉત્પન્ન થાય છે, તે પ્રાપ્ત થયા પછી મનુષ્યોને પરમપદ પ્રાપ્ત થાય છે. અક્ષર તે બીજ છે, નાદ અનક્ષર અને નિર્બીજ છે.

મંત્રના ત્રણ વિભાગ હોય છે:
પ્રતીક - પ્રકૃતિ, આકૃતિ અને ધ્વનિ.

'અર્હં' મંત્રમાં ર અગ્નિબીજ હોવાથી શક્તિનો સંકેત છે, 'મ' અનુનાસિક હોવાથી આંતરધ્વનિનો સંકેત કરે છે, બિંદુ તથા નાદ સૂક્ષ્મ-સૂક્ષ્મતર તરંગોના પ્રતીક છે. અર્હંનો અકાર અમૃતમય-સુખમયતાનો સંકેત કરે છે, ર એ રત્નત્રયનો મુખ્ય સંકેત છે તથા હ એ મોહસહિત સર્વ કર્મોના હનન - નાશનો સંકેતક છે. દીર્ઘધ્વનિ વિશિષ્ટ પ્રકારનું વાતાવરણ સર્જે છે, જેના પ્રતાપે વ્યક્તિ વિચારશૂન્ય, શરીરશૂન્ય, મનઃશૂન્યની સ્થિતિ જેવી ભાવનામાં ઉપસ્થિત થઈ જાય છે.

મંત્રના હ્રસ્વ ઉચ્ચારણથી ૯ બિંદુઓ,
દીર્ઘ ઉચ્ચારણથી ૧૨ બિંદુઓ અને પ્લુત ઉચ્ચારણથી
બ્રહ્મરન્ધ્રના ૧૬ બિંદુઓ પ્લાવિત થાય છે.
તેને 'અમૃતસ્રાવ' પણ કહે છે.
મંત્રનું ઉચ્ચારણ જેટલું સૂક્ષ્મ, તેટલી શક્તિ વધારે.

## ૐના જાપથી આત્મધ્યાન

ૐ મિત્યેવ ધ્યાયથ આત્માનં, સ્વસ્તિ વઃ,
પારાય, તમસઃ પરસ્તાત્ । - માંડુક્યોપનિષદ્

અર્થ: 'ૐ' એ પ્રમાણે આત્માનું ધ્યાન કરો.
તમારું કલ્યાણ થાઓ, અંધકારથી પાર પામો.

નાદ = અહંતાપ્રધાન ઇચ્છાશક્તિ.
બિન્દુ = ઇદંતાપ્રધાન ક્રિયાશક્તિ.
બંને શક્તિ એકબીજા સાથે જોડાયેલા છે.
ગતિ-સ્થિતિ-ક્ષેત્ર-કાળ એક જ શક્તિનાં જોડકા રૂપ છે.
નાદ-બિંદુ પ્રકટ થતાં એક પ્રકારનો ક્ષોભ-કંપન થાય છે,
તેમાંથી એક ધ્વનિ નીકળે છે, તે વિશ્વમાં વ્યાપી જાય છે,
તેને જ 'પ્રણવ' કહે છે.
પ્રણવ = પ્રકૃતિની નવીન ઘટના અથવા
પ્રકર્ષપણે નવા ક્રિયાઓની જન્મદાતા.

## ૐકાર શા માટે 'પ્રણવ' કહેવાય ?

પ્રાણાન્ સર્વાન્ પરમાત્મનિ પ્રણામયતીત્યેતસ્માત્ પ્રણવઃ।
અર્થાત્ : સર્વ પ્રાણોને પરમાત્મામાં એકાકાર કરે છે,
માટે તથા સર્વ પ્રાણોને પરમાત્મામાં
સ્થિર કરવા નમાવી દે છે, તેથી તે 'પ્રણવ' કહેવાય છે.

નાદમાંથી ત્રિગુણની ઉત્પત્તિ અને
સર્જન, સ્થિતિ, સંહાર રૂપ પ્રપંચ વિસ્તારે છે.

**શબ્દ એટલે તાળું અને શબ્દ એટલે કુંચી**

નાદ, ધ્વનિ અને શબ્દ એકાર્થક છે.
શબ્દ શક્તિશાળી હોવાથી તેને જ 'બ્રહ્મ' કહેલ છે.
કબીર કહે છે કે શબદ બિના સાધુ નાહીં । અર્થાત્ :
શબ્દનું સાધન ન કરે, તે સાધુ નહિ.
શબ્દ વડે જ પરમશબ્દ-પરબ્રહ્મનો પ્રકાશ મળે છે.
શબ્દ બોલતાંની સાથે આકાશમાં ફેલાઈ જાય છે અને
તેનું જે પ્રકારનું સંયોજન હોય, તેવી આકૃતિ બંધાય
અને તે મુજબના ભાવનું અનુસંધાન થાય છે.
પ્રણવ એ ધ્વન્યાત્મક તત્ત્વ છે.
યોગી જ્યારે ભક્તિ અને યોગ વડે સામ્યાવસ્થામાં આવે,
ત્યારે તેના અંતઃકરણમાં પ્રણવનો નાદ સંભળાય છે.

Imp ચિત્તવૃત્તિઓ વડે જ તે નાદ સંભળાય છે અને
સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલ ચૈતન્યનું ભાન કરાવે છે,
તેથી તે પ્રણવમંત્ર ૐકાર પરમાત્મવાચક ગણાય છે.
ધ્વન્યાત્મકમાંથી વર્ણાત્મક ૐકારની ઉત્પત્તિ થયેલ છે.

પ્રણવના નાદમાં ચિત્તવૃત્તિઓની લય થાય,
ત્યારે સંપૂર્ણ આનંદની અનુભૂતિ થાય છે.
(ँ) આ આકૃતિમાં (◡) અર્ધચંદ્ર એ શક્તિનું અને
(•) બિન્દુ એ શિવનું પ્રતીક છે.

વર્ણમાળાનો વિસ્તાર ૐકારમાંથી થયો છે, માટે તે પ્રભુ છે.

પ્ર + ભુ = પ્રકર્ષેણ ભવતિ - વિસ્તરતીતિ પ્રભુઃ ।
અર્થાત્ : અત્યંત સમર્થ થાય છે - વિસ્તાર પામે છે,
માટે 'પ્રભુ' કહેવાય છે. જ્યોતિ અને તેજ એકાર્થક છે.
વિભુ = વિશેષે કરીને મોક્ષ તરફ લઈ જાય તે.
મનનાત્ મંત્ર । અર્થાત્ : મનન કરવાથી 'મંત્ર' કહેવાય છે.
મન એટલે અર્થનું ચિંતન પણ થાય છે.

ઓંકારનો અર્થ આત્મા અથવા પરમાત્મા છે.

અવતિ રક્ષતિ સંસારસાગરાત્ ।
અર્થાત્ : (ૐકાર) સંસારસાગરથી રક્ષણ કરે છે.
આત્માનો એક અર્થ 'વિશ્વ' છે.

નાદરૂપી ચોથી માત્રાને અર્ધમાત્રા, અમાત્ર અથવા
તુરીય - ચિન્માત્ર પણ કહે છે, એને 'આત્મા' પણ કહે છે.

ગોપાલ = ઇંદ્રિયનિગ્રહ, રામ = આત્મરમણતા.

ૐ = અ + ઉ + મ એટલે...

અવિરત ઉપાસનામાં મનને લગાડવું તે.

ચંદ્રકલાને બિન્દુ પણ કહે છે,
બિન્દુપર્યન્ત ધ્યાનનું વિધાન છે.

બ્રહ્મ અને પ્રણવનું અભેદચિન્તન થવું જોઈએ.
અભેદચિન્તન અભીષ્ટની સિદ્ધિ કરે છે.

કાર્યસિદ્ધિઃ સત્ત્વેવ સતિ મહતાં નોપકરણે | સૂક્તિઃ
સત્ત્વ હોવામાત્રથી જ મહાપુરુષોને કાર્યસિદ્ધિ થાય છે,
એમને ઉપકરણનું મહત્ત્વ હોતું નથી.
'સત્ત્વ' એટલે બળ અને પરાક્રમ તથા
'ઉપકરણ' એટલે સાધન - સામગ્રી.

કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને બુદ્ધિવૃત્તિઓને
ધર્મ અને જ્ઞાન પ્રત્યે પ્રેરિત કરી, તેનો
સ્વાધ્યાય, જપ અથવા મોક્ષશાસ્ત્રનું અધ્યયન કરે છે.
'યોગ' એટલે ધ્યાન અને સમાધિ. ધ્યાન = અર્થચિંતનની
સાથે બાહ્ય - આંતરસ્વરૂપ પ્રત્યે ચિત્તની એકાગ્રતા.

ઉપાસનાનું પરમ લક્ષ્ય એક માત્ર પરમાત્મા છે, જેને પ્રાપ્ત કરવાથી બધા બંધનોમાંથી છૂટકારો થાય છે.

આત્માધ્યાત્મની દૃષ્ટિએ પરમ - ઉત્કૃષ્ટ સ્થાનમાં જે રહેલાં હોય, તેને 'પરમેષ્ઠી' કહેવાય છે.

જીવનની ઊંચામાં ઊંચો આદર્શ પરમેષ્ઠી બતાવતો છે.

ૐ અર્હં નમ: । મંત્રમાં...

ૐ એ સેતુ, અર્હં એ બીજ અને નમ: એ પલ્લવ છે.

સેતુ એટલે મંત્રની મૂળ શક્તિનું અનુસંધાન કરનાર.

પલ્લવ એટલે અદ્ભુત પરિણામ લાવવા માટેનો સંકેત.

મંત્રસિદ્ધિ નજીક છે, એમ ત્યારે જાણવું કે જ્યારે મંત્રના અક્ષરો જ્યોતિર્મય દેખાય અને મનોવૃત્તિનો તેમાં લય થાય.

'નમો' પદ વાચક છે...

વિનય, ભક્તિ, બહુમાન, વિસ્મય, પુલક તથા પ્રમોદનું.

0 સર્વમંત્રમયત્વાચ્ચ સર્વદેવમયત્વત: ।
નાઽન્યોમન્ત્રસ્ય સંન્યાસમયમર્હતિ તીર્થરાટ્ ॥

0 માયાબીજં લક્ષ્યં પરમેષ્ઠિ જિનાવલિરત્નરૂપં ય: ।
ધ્યાયત્યેન્તર્વાહિં સ શ્રી ગૌતમ: સુધર્મોઽપિ ॥૧॥

- મંત્રરાજરહસ્ય (પરિશિષ્ટ-૮)

सालम्बाच्च निरालंब निरालंबात् पराश्रयम् ।
ध्यानं ध्यायन् विलीनाच्च साधकः सिद्धिमान् भवेत् ॥

અર્થ: આલંબનમાંથી નિરાલંબનમાં અને નિરાલંબનમાંથી પરાશ્રય ધ્યાનને વિલીનથી ધ્યાવતાં સાધક સિદ્ધિવાળો થાય.

આલંબ - વૈખરી = ચિત્ર કે આકૃતિનું આલંબન.
નિરાલંબ - મધ્યમા = માત્ર મનોવૃત્તિથી હૃદયસ્થાને.
પરાશ્રય - પશ્યંતી = પરાવાણીને અનુલક્ષી નાભિસ્થાને.
શ્રદ્ધા અથવા વિશ્વાસની સાથે વિધિપરતા જરૂરી છે.
મંત્ર અને મન એક થવા જોઈએ, તે વિધિ છે.
એ એકતાને 'મંત્રચૈતન્યનો આવિર્ભાવ' કહે છે.
શ્રદ્ધા પ્રતીતિઅર્થમાં અને વિશ્વાસ ભક્તિઅર્થમાં છે.
શ્રદ્ધા Subjective અને વિશ્વાસ objective છે.

અજ્ઞાની અને અશ્રદ્ધાળુને
કોઈ મહાન વસ્તુની પ્રાપ્તિ થતી નથી.

એક વરદાન શું માંગવું?

ભગવાનનું નામ યોગક્ષેમકારક થાય છે.
નામાભ્યાસથી મનની વિષય - વાસના દૂર થાય છે.
વરદાન માંગવું હોય, તો એક જ માંગવું કે:
'આપના નામનો મને કદી પણ વિયોગ ન થાઓ.'

૫ લાખ વાર લખવાથી ગણે તે મંત્ર સિદ્ધ થઈ જાય છે.

ભગવાનનું નામ વિઘ્નોને પાર કરવાનું સમર્થ સાધન છે,
તેમાં ખર્ચ કોડીનો નથી અને લાભ લાખોનો છે.
બીજમંત્રમાં ઉચ્ચારની ભૂલ ન ચાલે, નામમંત્રમાં તેમ
નથી, તેથી સંતપુરુષો તેનો જ વિશેષ પ્રચાર કરે છે.

સ્મરણ - કીર્તન અનિવાર્ય છે.

રામનામનું કીર્તન સીતાજીના નામની
સાથે કરવાથી જેમ વધુ લાભ છે, તેમ 'નમો' પદ સાથે
અરિહંતાદિ પરમેષ્ઠિઓનું નામ લેવું વધુ લાભદાયી છે.
રામનામ મોક્ષસાધક છે, ભક્તિ અને જ્ઞાનને આપનારું
તથા ભવસાગર તરવા માટે નૌકા સ્વરૂપ છે.
જેના રોમરોમમાં પ્રભુના નામનું રટણ થઈ રહ્યું છે,
તેને આ જગતમાં કાંઈ પણ દુર્લભ નથી.

નૌકાજપ કેટલી વાર કરવાનો હોય છે?

નવ કોડ, નવ લાખ, નવ હજાર, નવસો અને નવ વાર.

તેમાં શરીર-વસ્ત્ર-મનની શુદ્ધિ જાળવવાની હોય છે.
મંત્રોમાં ઉત્કૃષ્ટ વિચારોનું બીજ હોય છે. તે પોતાનો
જપ કરનારની રક્ષા કરે છે. એકાગ્રતાથી અને અર્થવિચાર
કરીને ગણનારના સમસ્ત મનોરથોને તે પૂર્ણ કરે છે.

## મહામંત્ર એ શાશ્વત વ્રત છે.

અત્યંત પ્રભાવશાળી અને અનેક કાર્ય કરનાર મંત્રને 'મહામંત્ર' કહેવાય છે. તેમાં વિશ્વની રક્ષા કરનારી મહાશક્તિ છૂપાયેલી હોય છે. તે શક્તિ સર્વજ્ઞ, સર્વશક્તિમાન સર્વવ્યાપી અજરઅમર સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

## મહામંત્રની શક્તિના ૭ સોપાન

પહેલું સોપાન - વિશ્વરક્ષક શક્તિ.

બીજું સોપાન - સચ્ચિદાનંદ સ્વરૂપ શક્તિ.

ત્રીજું સોપાન - સર્વાધિષ્ઠાન - જગત સંચાલક શક્તિ. મહાવિધિના પ્રવાહો અર્થે એકતા ફેરવનારી શક્તિ.

ચોથું સોપાન - પ્રેમસુધાના સાગર, સમસ્ત વિશ્વ જીવના પ્રેમનું પાત્ર છે, એવા અંશ - અંશની ભાવનાશક્તિ.

પાંચમું સોપાન - નાસ્તિકતાના ભાવથી ખાલી થઈ જવું, નાસ્તિકતાના ચિહ્નો - ભય, ચિંતાના વિચારો છોડી દેવા.

છઠ્ઠું સોપાન - મનને આશાવંત બનાવવું.

સાતમું સોપાન - આંખો બંધ કરી માનસચક્ષુથી આદિ-અંત રહિત ક્ષીરસમુદ્ર ચિન્તવાને તેમાં સ્નાન કરવું, તેના પરમનું પાન કરવું તથા તેમાં તરબોળ બની જવું.

આમ મહામંત્રની શક્તિ અખૂટ છે.

## સૌથી મહાન શું ?

ત્યાગથી મહાન કોઈ તપ નથી, ભોગથી મહાન કોઈ રોગ નથી,
ઈર્ષાથી મહાન કોઈ આગ નથી, પ્રેમથી મહાન બીજું કાંઈ નથી
તથા મૌનથી મહાન કોઈ જપ નથી.
જપ જેવા રોગનિવારણ કરનારી વસ્તુ બીજી છે નહિ.

## આરોગ્ય અને આનંદ જોઈએ છે ?

કોઈ બાહ્યપદાર્થોથી નહિ પણ અંદર - ભીતર
સર્વત્ર બિરાજી રહેલ ભગવત્ શક્તિથી
આરોગ્ય અને આનંદ મળે છે.
શરીર અને મન તેને સમર્પિત કરવું.

## ચિત્ત શુદ્ધીકરણની સાધના : વિપશ્યના

વિપશ્યનાનો અર્થ છે : અંતર્મુખ થવું.
જાગૃત મનને અક્રિય બનાવી તેને અર્ધજાગૃત મન
અને અજાગૃત મન પ્રત્યે પણ જાગતાં કરી દેવું.
મનમાં પ્રગટ થતાં વિકલ્પને અંતરમનમાં સમાવી તેના
તાકાત ખતમ કરવી તથા ક્રોધ કે ભયના રૂપે જાગૃત
થયેલા વિકારોને મન ઉપર સવાર ન જ થવા દેવા.
આમ વિપશ્યના કરીને મનુષ્ય પોતાના સ્વભાવ ઉપર
જીત મેળવી ગ્રન્થિઓથી મુક્ત બની શકે છે.

## ઈર્યા એટલે...

ગમનાગમનાદિ ક્રિયા અથવા ધ્યાન-મૌનાદિ યતિક્રિયા.
ઈર્યાપથિકી એ નિર્વિકલ્પ સમાધિની સાધના છે.
તન અથવા મનને ક્ષુબ્ધ કરતી કોઈપણ પ્રવૃત્તિ પછી
જ્યારે કોઈ નવી પ્રવૃત્તિમાં જોડાવાનું હોય,
ત્યારે (૨૫) શ્વાસોચ્છ્વાસ સુધી કાયાને સાવ જ શિથિલ
અને નિશ્ચલ રાખી મૌનપણે તથા શ્વાસની ગતિ સાથે
ચિત્તને શાંત થવા દેવામાં આવે, જેથી પછીની ક્રિયા
શાંત, સ્વસ્થ અને એકાગ્ર ચિત્તે થઈ શકે.

'ઈર્યાપથ' એટલે અહિંસાદિ સાધુના આચાર પણ થાય.
પ્રાયશ્ચિત, વિશુદ્ધિ તથા વિશલ્યતા વડે
પાપકર્મોનો સમૂળ ઉચ્છેદ થાય છે. ચિત્તને મોટે ભાગે
શુદ્ધ કરે, તે પ્રાયશ્ચિત છે, તેથી દોષવિશુદ્ધિ થાય છે.
સદ્ભૂત ગુણોત્કીર્તનથી દોષવિશુદ્ધિ થાય છે, જેનાથી
મિથ્યાત્વમળ જાય છે તથા સમ્યક્ત્વ પ્રગટે છે,
તે પ્રથમ અપૂર્વવિશુદ્ધિ છે.

સાધકને જ્ઞાનાદિ ગુણમય વિશુદ્ધ આત્મસ્વરૂપનું ભાન
થતાં મહાનિધિ મળ્યાંની જેમ જે અવર્ણનીય આનંદ,
પ્રમોદ અને ભાવોલ્લાસ થાય, તે અધ્યાત્મપ્રસાદ છે.

કીર્તનક્રિયાથી દર્શનવિશુદ્ધિ થાય છે,
વિનયપૂર્વક વંદનક્રિયાથી જ્ઞાનવિશુદ્ધિ થાય છે તથા
ચારિત્રવિશુદ્ધિ માટે મહત્ - પૂજનક્રિયા છે.
વિશલ્યીકરણનો ઉપાય આત્મસ્થતા છે, જે નિરાલંબન છે.
ઇંદ્રિય અને મનનો સ્રોત રોકાઈ જવાથી
શુદ્ધચૈતન્યની જે અનુભૂતિ થાય, તે નિરાલંબન ધ્યાન છે.
માનસધ્યાનમાં સ્થૂલ - સૂક્ષ્મ આલંબન હોય છે,
નિરાલંબન ધ્યાનમાં મનની ક્રિયા નિરુદ્ધ થઈ જાય છે
અને શુદ્ધ ચૈતન્યનો દીપ પ્રદીપ્ત થાય છે.
આલંબન ધ્યાનમાં ધ્યાતા - ધ્યેયનો ભેદ હોય છે,
નિરાલંબન ધ્યાનમાં ધ્યાતા - ધ્યેયનો અભેદ હોય છે.
તેમાં કાયા અથવા કાયાના મમત્વનું વિસર્જન થાય છે
અને કાયિક મમત્વ અને ચાંચલ્યનું વિસર્જન થાય છે.
સ્થાનથી કાયગુપ્તિ સધાય છે,
મૌનથી વચનગુપ્તિ અને ધ્યાનથી મનોગુપ્તિ સધાય છે.
બાહ્ય શૂન્યતા હોય પણ આત્મા પ્રત્યે
જાગરૂકતા અબાધિત હોય, એને 'મનોગુપ્તિ' કહેવાય છે.
વૈખરીમાં વાચક પદનું આલંબન છે અને
મધ્યમા વાણીમાં વૈકલ્પિક પદનું આલંબન છે.

મંત્ર પૂરતી જ ચિત્તસ્થિરતા રહે, તે મૌન.
ધ્યાનનો અર્થ શૂન્યતા / આલંબન નહિ પણ આલંબનમાં
ગાઢરૂપે સંલગ્નતા થવાથી જે ચિત્ત નિષ્પ્રકંપ થઈ જાય,
તે ચિત્તને 'ધ્યાન' કહે છે, કિન્તુ
તે પહેલાં સમતાની સાધના અનિવાર્ય છે.
મૃદુ, અવ્યક્ત કે અનવસ્થિત ચિત્ત તે ધ્યાન નહિ,
પરન્તુ ચેતનાની એ અવસ્થા કે જે આલંબન પ્રત્યે
સજાગ - અક્રિય હોય છે, તે 'ધ્યાન' છે.
આગમ અને અનુમાનથી જે યથાર્થ જ્ઞાન થાય, તે સત્ય
Coceptual fact તથા સાક્ષાત્કાર થયા પછી જે
યથાર્થ જ્ઞાન થાય, તે ઋત Perceptual fact છે.
અહીં 'ઋત'નો અર્થ સાક્ષાત્ અનુભૂત સત્ય છે.
'ॐ ह्रीँ अर्हं નમઃ |' દર્શન વખતે શું ભાવ ભાવવા ?
'અહો ! ત્રિલોકનાથ ! અનંત સુખદાતાર !
પરમાત્માના સાક્ષાત્ દર્શન મને મળ્યાં, એથી
મારા આત્માના પરમાત્મસ્વરૂપ તરફ મારી દૃષ્ટિ જશે,
રાગાદિની ગુલામી અને એની વિટંબના સમજાશે.
ધન્ય પરમાત્મ દર્શન !'
એ જાતિનો ભાવોલ્લાસ જગાડવો જોઈએ.

એ રીતે દેવદર્શનની જેમ જિનપૂજન, સાધુસેવા, સુપાત્રદાન, જીવદયા, તપ, ત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ, જાપ વગેરે પ્રત્યેક ધર્મની કરણી કરતી વખતે તેમાં અત્યંત ઉદાત્ત બુદ્ધિ રાખી 'આ જ મારું માનવજન્મનું પરમ કર્તવ્ય છે' એમ માનીને વિશુદ્ધ ભાવ અને એકાગ્ર ચિત્ત દ્વારા ચઢતાં પરિણામે કરવા જોઈએ.

## ત્ર્યક્ષરી મંત્ર 'ૐ અર્હં'

આર્હન્ત્યનો ભાવ મંત્ર - સ્નેહપરિણામને વિકસાવે છે. જીવત્વ પ્રત્યે પૂર્ણ સ્નેહને અને જડ માત્ર પ્રત્યે પૂર્ણ વિરક્તિને વિકસાવનાર 'ૐ અર્હં' ત્ર્યક્ષરી મંત્ર છે.

પૂર્ણતાની દૃષ્ટિ વીતરાગભાવને વિકસાવે છે.

આ ત્ર્યક્ષરી મંત્રનું ભાવસહિત નિત્ય ધ્યાન ધરનાર ઉત્કૃષ્ટ ધ્યાનશુદ્ધિને પામે છે અને પોતાના આત્મામાં રહેલાં આત્યંતિક સુખનો અનુભવ કરે છે, પરિણામે અષ્ટગુણાત્મક સિદ્ધપદની પ્રાપ્તિ કરે છે.

ૐ અર્હં પરમાત્મસ્વરૂપ સર્વતંત્ર સ્વતંત્ર છે.

સર્વ ઉપર જેનું તંત્ર છે અને જેના ઉપર કોઈનું ય તંત્ર નહિ, તે સર્વતંત્ર સ્વતંત્ર ગણાય છે. સર્વતંત્ર સ્વતંત્ર પરબ્રહ્મ પરમાત્મને નમઃ । - વર્ણ ૬૮

આ સિદ્ધચક્રના બીજરૂપ 'अर्हं' બીજાક્ષરને
આરાધચક્રમાં સ્થાપના કરી ચંદ્રજ્યોતિ ઉત્કૃષ્ટ પ્રકાશક
એવા કુંભક બ્રહ્મરંધ્રમાં ધ્યાન કરવું.

अ = શબ્દબ્રહ્મનો આદિ અક્ષર અને અમૃતનો આગાર.

ह = અનાહત અને ગગનબીજ.

र = અગ્નિબીજ, અષ્ટકર્મ દહન કરનાર રત્નત્રયવાચક.

બિન્દુકલા = પરબ્રહ્મ સિદ્ધસ્વરૂપ.

'अर्हं' બીજાક્ષરનું ધ્યાન શું કરે ?

તે સકલ ઋદ્ધિ, સિદ્ધિ, આરોગ્ય, સૌભાગ્ય, આનંદ, ઐશ્વર્ય, વૈભવ તથા વિજ્ઞાનનો વિકાસ કરનારું છે.
'अर्हं' બીજાક્ષરને 'સર્વસાર' કહેલ છે, તેથી તે આત્માને સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વતંત્ર સ્વતંત્ર બનાવનાર છે અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિપદને પ્રાપ્ત કરાવનાર છે.

મંત્રની અર્થભાવના શા માટે આવશ્યક ?

तज्जपस्तदर्थ भावनम् ।

'અર્થ' એટલે મંત્રવાચ્ય દેવતાનું શરીર.
ભાવનાથી મંત્રદેવતાના અક્ષરમય સ્વરૂપ સંબંધી અભેદચિન્તન કરવું, તેને મંત્રની અર્થભાવના કહે છે.
મંત્રની સિદ્ધિ થવા માટે તે અનિવાર્ય છે.

## ૐ અર્હં - બીજમંત્રોનો પદ્ધતિસર ઉચ્ચાર શું કરે ?

પ્રણવમંત્ર - ૐકારથી હૃદયક્રિયાનું નિયમન થાય છે,
મગજને શાંતિ મળે છે, જઠરક્રિયા ઉત્તેજીત થાય છે.

મહાપ્રાણ - 'હ'ના ઉચ્ચારથી હૃદયસ્પંદન જોરથી થાય છે,
હૃદયથી આખા શરીરમાં રક્ત પહોંચાડવાની ક્રિયા અર્થાત્
રક્તપ્રસરણમાં મદદ થાય છે.

ઓષ્ઠ્ય અનુનાસિકના ઉચ્ચારણથી રક્તશુદ્ધિ માટે
જરૂરી એવા નાસિકા અને શ્વાસનલિકા શુદ્ધ થાય છે.

મૂર્ધન્ય (ર)ના ઉચ્ચાર વખતે જીભનો અગ્ર ભાગ તાળુની
અંદરની બાજુ સ્પર્શે છે, તેથી મગજને સ્પંદન થાય છે.

હૃદય, શ્વાસનલિકા અને મગજ -
શરીરની મહત્વની ૩ ઇંદ્રિયોની ક્રિયા ઉત્તેજીત થાય છે.

આ બીજમંત્ર પદ્ધતિસર ઉચ્ચારવાથી
મજ્જાતંતુ, હૃદય, શ્વસનેન્દ્રિય, અન્નમાર્ગ, પચનેન્દ્રિય,
મૂત્રાશય, મળાશય વિગેરે ઉત્સર્જન કરનારી
ઇંદ્રિયોની ઉપર સૂક્ષ્મ આઘાત થઈને તેની ક્રિયા
સરળતાપૂર્વક ચાલવામાં મદદ થાય છે.

શરીરની મહત્વની ઇંદ્રિયોને સક્રિય કરે છે,
આઘાત ઉત્પન્ન કરીને ચાલવામાં સરળતા કરે છે.

## અર્હં - રત્નત્રયનો પ્રકર્ષ

અ = અમૃત (સમ્યગ્દર્શન), ર = અગ્નિ (સમ્યગ્જ્ઞાન),
હ = આકાશ (સમ્યક્ચારિત્ર).

## આચાર, વિચાર, ઉચ્ચાર અને પ્રચાર

આચાર એ પ્રથમ ધર્મ છે - ધર્મપૂર્વક વિચાર,
આચાર અને વિચારપૂર્વક ઉચ્ચાર અને
આચાર, વિચાર, ઉચ્ચારપૂર્વક પ્રચાર એ અંતિમ ક્રિયા છે.
પ્રચાર માટે પ્રતિક્રમણ,
પ્રત્યયકતા, પ્રસન્નતા અને પ્રભુતા જરૂરી છે.
વિચાર માટે વિનય, વિનય વડે વિદ્યા,
વિદ્યા વડે વિવેક અને વિવેક દ્વારા પ્રભુની પ્રાપ્તિ.
'નમો' = વિનયનું પ્રતીક = 'દાસોઽહં'.
'અરિહં' = વિદ્યાનું પ્રતીક = 'સોઽહં'.
'તાણં' = વિવેકનું પ્રતીક = 'ૐકાર'.
વિનયમાં ક્રિયાની મુખ્યતા, વિદ્યામાં જ્ઞાનની મુખ્યતા
અને વિવેકમાં જ્ઞાન - ક્રિયા ઉભયની મુખ્યતા છે.
ત્રણેનું ફળ સિદ્ધસ્વરૂપ પ્રભુતા છે.
મંત્ર ઉચ્ચાર માટે ઉપદેશ, ઉપદેશ દ્વારા ઉપકાર,
ઉપકાર દ્વારા ઉદારતા અને ત્રણેનું ફળ ઉન્મની ભાવ છે.

ॐ ह्रीँ अर्हं नमः। मंत्रमां 'नमः' ए इच्छायोग,
ॐ ए शास्त्रयोग, ह्रीँ ए सामर्थ्ययोग तथा
अर्हं ए कैवल्य स्वरूप छे.

ॐ = प्रभुनुं नाम, जे वडे अभाव वस्तुनुं ज्ञान थाय.
अर्हं = प्रभुनुं रूप, जे वडे अज्ञात वस्तुनुं ध्यान थाय.
ज्ञाननुं साधन मन छे अने ध्याननुं करण बुद्धि छे.
मन वडे प्रभुने भजो, बुद्धि वडे तेमने ओळखवा छे.
जगतमां जन्मोने भांगवा माटेनां सांधणा होय, तो
ते प्रभुनुं नाम ज छे. ते नामना ग्रहण वडे थतो
नमस्कार ए अनादिकालथी भूलायेला आत्मभावानुं
ज्ञान करावे छे. नाम वडे शुद्ध आत्मस्वरूपने भजीने
ज्यारे रूप वडे तेनुं ध्यान करवामां आवे छे, त्यारे
मोक्षसुख हथेळीमां आवीने रमे छे. कह्युं छे के:
'शुद्ध द्रव्य गुण पर्यय ध्याने शिव दिये प्रभु सपराणो'.

ध्यान माटे पहेलां ज्ञान थवुं जोईए अने
ए ज्ञाननुं साधन छे शुद्ध आत्मानुं नाम.
अरिहंत ए शुद्ध आत्मानुं नाम छे अने
अष्ट महाप्रातिहार्यनी संपदावाळुं रूप ए
सर्वोत्कृष्ट आत्मस्वरूपनुं ध्यान करवा माटे छे.

આ રીતે નામ અને રૂપ વડે થતાં જ્ઞાન અને
ધ્યાન વડે આત્મા પરમાત્મસ્વરૂપને પામી શકે છે.
જ્ઞાન તથા ધ્યાન માટેની યોગ્યતા સદાચાર છે.
સદાચારરૂપી વસ્ત્રને ધારણ કર્યા પછી જ
જ્ઞાનરૂપી પાગ અને ધ્યાનરૂપી આભરણ શોભી શકે છે.
પહેરવા જેની પાસે લંગોટી પણ નથી,
તે મૂલ્યવાન પાઘડી પહેરીને ફરે, તો હાસ્યાસ્પદ બને છે.
પ્રભુનામ એ નાદસ્વરૂપ હોઈને રેડીયો યંત્રની જેમ
વિશ્વથી પર તથા વિશ્વરૂપ પ્રભુના સંદેશા ઝીલી શકે છે.
પ્રભુનું રૂપ એ જ્યોતિસ્વરૂપ હોઈને
તે વડે ટેલીવીઝન યંત્રની જેમ જગતથી પાર અને
જગતમાં - સમગ્ર બ્રહ્માંડની અંદર રહેલ સર્વ પ્રકારની
અદ્ભુત વસ્તુઓનું પ્રત્યક્ષ દર્શન કરી શકે છે. શરત
એ કે તે માટે એકાગ્ર ચિત્ત તથા સ્થિર મન જોઈએ.
દુર્બિન વડે બાહ્ય વિશ્વનું દર્શન કરવું હોય, તો પણ
દૃષ્ટિ - મનની એકાગ્રતા વિના શક્ય નથી, તો પછી
અનાદિથી અપરિચિત એવા આંતરવિશ્વને જોવા અને
સાંભળવા મન-બુદ્ધિની એકાગ્રતા અત્યંત જરૂરી હોય,
એમાં લેશમાત્ર આશ્ચર્ય નથી.

રેડીયો - ટેલીવિઝનની ખરીદી કરવાને માટે
જેમ આપણને બાહ્ય ધનની જરૂર પડે છે, તેમ
પ્રભુનું નામ અને રૂપ - એ બંનેનું સાંનિધ્ય મેળવવા
માટે પૂર્વોર્જિત પુણ્યની આવક પૂરી આવશ્યક છે.
તે વડે મહત્ પુણ્યવાને જેઓને નામ અને રૂપ મળ્યાં છે,
તેઓએ હવે જ્ઞાન અને ધ્યાન વડે તેનો ઉપયોગ કરી
પરમપદની પ્રાપ્તિ માટે સતત ઉદ્યમશીલ રહેવું જોઈએ.
અહંકાર નરકનો હેતુ છે, વિનય મોક્ષનો માર્ગ છે.

શાસન અને આત્મા અભિન્ન છે.

શાસન એટલે નવકાર છે, તેનો અમલ એ સામાયિક છે.
નવકાર = અહંકારનું ઔષધ. સામાયિક = પ્રમાદનું ઔસડ.
નવકાર નિર્ભયતા આપે, કેમકે તેમાં અરિહંતનું શરણું છે.
પાપથી અને ભવથી ભય પામેલાં માટે જ નવકાર છે.

નવકારની વર્ણમાતૃકા અને નાદ

માતૃકાના પ્રત્યેક વર્ણના ઉચ્ચાર વખતે ઉચ્ચારરૂપે
જે નાદ ઉત્પન્ન થાય છે, તેમાં મનની સ્મૃતિરૂપ વૃત્તિ
એકાગ્રતાપૂર્વક જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનું
અનુસંધાન તુરત થાય છે, કેમકે માતૃકાનો પ્રત્યેક
વર્ણ સંકેતથી નિરપેક્ષ છે, તેથી વાચ્યાર્થથી રહિત છે.

વર્ણનો આત્મા નાદ હોવાથી તેના અનુસંધાન વડે સાધક
સર્વ શ્રુતનો પારગામી થાય, એમાં આશ્ચર્ય નથી.
સાંકેતવાળા શબ્દો હોય છે, તેની સ્મૃતિ વડે વાચ્ય
વાચક અર્થોનો સાક્ષાત્કાર થાય છે, કેમકે સાંકેતવાળા
શબ્દોમાં શબ્દ તથા અર્થનો વાચ્ય-વાચક સંબંધ હોય છે.
પ્રસ્તુત વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી વાચક પણ નથી,
તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.

માતૃકા ત્રિખંડી છે: 'अ' ખંડ ચંદ્રમંડળ,
'क' ખંડ સૂર્યમંડળ અને 'म' ખંડ અગ્નિમંડળ છે.

માતૃકાના સંસ્મરણથી શ્રુતસાગરનો જે પાર પમાય છે,
તે એમ બતાવે છે કે માતૃકાનું સંસ્મરણ શ્રુત-
જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરાનું અદ્ભુત સાધન છે.

ભાષા એ ભાવપ્રકાશનું માધ્યમ છે,
તે જ પ્રજાની સંસ્કૃતિનું પણ વાહન છે.

જ્ઞાન રૂપે પ્રભુ સર્વગ છે, આત્મ રૂપે નહિ.

બ્રાહ્મી અને મદિરા અનુક્રમે
અનુગ્રહ તથા ઉપઘાત કરે જ છે.

આત્મધ્યાન પ્રસંગે વૈરાગ્યની સ્થિરતા માટે
બધું સ્વપ્નોપમ વિચારવાનું છે.

## સૂરિમંત્રકલ્પ સમુચ્ચય - ભાગ : ૨ - પ્રાક્કથન

यन्त्रं मंत्रमयं प्रोक्तं मन्त्रात्मा देवता एव हि ।
देहात्मनो यथा भेदो मन्त्रदेवतयोस्तथा ॥१॥

અર્થાત્: યંત્ર મંત્રમય છે અને મંત્રનો આત્મા દેવતા છે.
આમ યંત્ર, મંત્ર અને દેવતા એક રૂપ છે.

शरीरं त्रिविधं प्राहुः भौतिकं च मनोमयम् ।
परं ज्ञानमयं नित्यं यदनादि निरन्तरम् ॥२॥

અર્થાત્: જ્ઞાનરૂપી દેવતાનું શરીર ત્રણ પ્રકારનું છે:
ભૌતિક શરીર, મનોમય શરીર અને
નિત્ય - અવિનાશી એવું જ્ઞાનમય પરમ શરીર છે.

मुद्रा भौतिकमित्याहुः यन्त्रं विद्धि मनोमयम् ।
मंत्रं ज्ञानमयं विद्धि एवं त्रिधा वपुर्भवेत् ॥३॥

અર્થાત્: દેવતાના ભૌતિક શરીરને 'મુદ્રા' કહે છે,
દેવતાના મનોમય શરીરને 'યંત્ર' કહે છે અને
દેવતાનું જ્ઞાનમય શરીર તે 'મંત્ર' છે.
મંત્રનું ઉચ્ચારણ, યંત્રનું પૂજન અને
મુદ્રાનું પ્રદર્શન કરવાનું હોય છે.

જિનમુદ્રા શરીરને સમતોલ રાખે છે, તે મુદ્રાએ ગમે
તેટલા વખત ઊભા રહીએ, તો પણ થાક ન લાગે.

'કઈ ભાળો નિરાશામાં અંદર આશા છૂપાઈ છે!'
તો તે આશા કઈ?
પ્રભુ પરની શ્રદ્ધા, પ્રભુની શરણાગતિ તથા
અંતરનો વિશ્વાસ - એ કદી નિષ્ફળ જતાં નથી.
પ્રભુ એટલે અશરણાનો શરણ, અનાથનો નાથ,
દીનદયાળ, દીન તથા દીનનો બેલી, નિરાધારનો આધાર,
અરે ભુવનનો તારણહાર તથા જગતો - જાગતો દેવતા.
## બે પ્રકારનું ભગવાનનું સ્વરૂપ
એક છે સત્ય સ્વરૂપ અને બીજું છે શુદ્ધ સ્વરૂપ.
'જેનું નામ પણ સુખ આપે, એ સુખ આપનારા નહિ'
આમ બોલવું, એ કેટલો મોટો વિસંવાદ ગણાય!
ભગવાન અરે જગતના નાથ છે, કરુણાસિંધુ છે,
માટે જ તેમનું નામ અને રૂપ પાપનો નાશ કરે છે.
પ્રભુ સત્ય છે, માટે સત્ય બોલનારને જ તે મળે.
પ્રભુ પ્રેમસ્વરૂપ છે, માટે
સર્વ જીવોને ચાહનારને જ પ્રભુનો સાક્ષાત્કાર થાય.
પ્રભુ સર્વજ્ઞ છે, માટે તમને મદદ કરવા સદા તૈયાર છે.
પ્રભુ અમૃત છે, માટે પ્રભુનામ લેનાર અમૃતપદ પામે છે.
આત્મસાક્ષાત્કાર - એ મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક છે.

એક પ્રભાવ અમોઘ મંત્ર એટલે પ્રભુનામનું સ્મરણ.

સંસારરૂપી - કષાયરૂપી સર્પના વિષથી ડસાયેલા મનુષ્યને
માટે પ્રભુનામનું સ્મરણ એક પ્રભાવ અમોઘ મંત્ર છે.

મંત્રમાં મુખ્ય બે વસ્તુ છે: શબ્દ અને સુરતા.

એ બેનો એક મેળ થાય, એટલે મંત્રચૈતન્ય પ્રગટે છે.
એને 'શબ્દ - સુરત યોગ' પણ કહે છે.

શબ્દ - સુરત યોગ એટલે...

મંત્ર વડે અંદરના નાદને સાંભળવો અને
અંદરના નાદને શબ્દોની પાંખો વડે બહાર રમતો કરવો.
બાહિર - ભીતર સકલ નિરંતર શબ્દને જાણજો,
તેની શબ્દસાધના પૂરી થઈ સમજવી.

'આધા સાખી કબીર કી, કોટિ ગ્રન્થ કરિ જાન;
સત્ય રામ - જગ ઝૂઠ હૈ, સુરત શબ્દ પહિચાન'...(૨)

શબ્દ અને સુરતને બહુધાથી એક માત્ર
પરમતત્ત્વ રામ જ અહીં કાળમાં સત્યરૂપે પ્રકાશે છે.
આ જગતમાં પરમતત્ત્વ રામ સિવાય
જે કાંઈ દૃશ્ય પદાર્થ દેખાય, તે સર્વ ખોટા છે.
નામ - રૂપનાં પડળો ભેદીને મંત્રજપ નામ - રૂપની
ભીતર રહેલા ભગવાન પ્રત્યે લઈ જાય છે.

## શબ્દ - સુરત યાત્રાના ચાર ચરણ

'ઘટ ઘટ મેરા રામ રમૈયા.'

જ્યારે પેલો રામ જ અણુઅણુમાં રમતો દેખાય છે,
ત્યારે શબ્દ - સુરત યાત્રાનું તે છેલ્લું ચરણ સમજવું.
પહેલાં પગલે તે જગતની જાળને જૂઠી જણાવી દે છે,
બીજે પગલે એ જ પરમાત્મ પ્રકાશને પ્રીછી લે છે
અને ત્રીજે પગલે આત્મને પરમાત્મ કરી માની લે છે
તથા દરેક પ્રાણને પરમતત્ત્વ સાથે જોડી આપે છે.

'મંત્ર કેમ ફળતો નથી?' આ પ્રશ્નનો ઉત્તર
'શબ્દ અને સુરતી' વચ્ચે આંતરું પડ્યું છે, તે છે.
મુખમાં મંત્રનો જાપ ચાલતો હોય, એની સાથે જો
અંતરની સુરતા - તલ્લીનતા ન ભળી હોય,
તો તે જાપ નિરર્થક - વ્યર્થ બને છે.
છેલ્લી સાધના મન અને વચનને એક કરવાની છે
અર્થાત્ શબ્દને સુરતાના દોરામાં પરોવવાની છે.

## વૃત્તિ અને પ્રવૃત્તિ

વૃત્તિમાં જેટલું ઊંડાણ, તેટલી પ્રવૃત્તિ પ્રાણવાન.
બહારની પ્રવૃત્તિને સાથે સાંકળતું એવું
અંદરનું સાધન છે અંતઃકરણ ચતુષ્ટય.

અંતઃકરણ ચતુષ્ટયમાં પ્રથમ વાણી છે વૈખરી,
તેમાં સમજ અને બુદ્ધિ ભળે એટલે બને મધ્યમા,
બુદ્ધિની પાછળ જે ચિતિશક્તિ - અંતર્પ્રેરણા છે, તે છે
પશ્યંતી - પશ્યંતીનો બોલનારો બની જાય છે દ્રષ્ટા.
છેવટે એક શુદ્ધ અહં રહે છે,
તે શુદ્ધ અસ્તિત્વનો સ્વાકાર-એકાર છે, તે છે પરાવાણી.
એ મન - બુદ્ધિ - ચિત્તની પર છે, તેથી 'પરા' કહેવાય છે.
તે મન, બુદ્ધિ અને ચિત્તની પકડથી પર છે અને
પશ્યંતી, મધ્યમા અને વૈખરી - ત્રણેને અજવાળતી મૂર્ત છે.
<u>વૈખરીમાં જ્યારે પરાનો સીધો સ્પર્શ થાય છે,</u>
<u>ત્યારે ઋષિ - મુનિઓના કંઠથી મંત્ર ઝરે છે.</u>
वेदाहमेतं पुरुषं महान्तं, आदित्यवर्णं तमसः प्रस्तात् ।
એનો અર્થ છે કે : અંધકારથી પર,
સૂર્યની જેમ પ્રકાશતાં એ મહત્ પુરુષને મેં પિછાણ્યો.

## <u>મહામિલનનો ઉત્સવ</u>

સાચો મંત્ર વૈખરીની હદ ઉપર, જ્યાં શબ્દ નથી
પહોંચતો, એવી પરાવાણીનું અનુસંધાન લઈ આવે છે.
શબ્દ અને સુરતા જેમ અભ્યંતર ગતિ કરતાં જાય,
તેમ આ મહામિલનનો ઉત્સવ રચાતો આવે છે.

## ચતુર્મુખ વાણીનું રહસ્ય શું ?

વૈખરીવાણીનું સ્થાન છે મુખ, મધ્યમાવાણીનું કંઠ,
પશ્યંતીવાણીનું હૃદય અને પરાવાણીનું નાભિ છે.
સ્વયંભુના નાભિકમળમાંથી વાણી પ્રગટ થઈ ચાર મુખે
વેદગાન કરે છે, એમાં આ ચતુર્વિધ વાણીનો સંકેત છે.

## મૂળ વાણીનું સ્થાન નાભિ શા માટે ?

ગર્ભકાળે મૂળમાં નાભિ દ્વારા જ
પોષણ મેળવીને આ પિંડ બંધાય છે.
મૃત્યુ સમયે ફરીવાર મહાપ્રાણને નાભિનો
શ્વાસ શરૂ થાય છે અને જીવનનું ચક્ર પૂરું થાય છે.
સંતપુરુષો જાગતાં જ વાણીને મનમાં,
મનને પ્રાણમાં અને પ્રાણને મહાપ્રાણ સ્વયંભુમાં
અર્થાત્ આતમમાં લય કરી દેહભાવથી પર થઈ જાય છે.

રવિ સાહેબ કહે છે કે:

'વાણી મનમેં, મન પ્રાણમેં, પ્રાણ આતમમેં, આતમપાણ!'

મંત્રવાણીની આ વાણીથી પર એવા તત્ત્વમાં
સ્વાભાવિક જ પરિસમાપ્તિ છે. મંત્ર આત્મવચનથી પર
લઈ જતી વાણી છે. અંતઃકરણ ચતુષ્ટયનો સાજ સજી
ભજન થાય, તો હરિને પણ સાંભળવાનું મન થાય.

'પાય સમા કુસમાસા |' પાદ પ્રભુનો લક્ષક છે,
પ્રભુ મનનો લક્ષક છે અને મન કાળનો લક્ષક છે.
પ્રભુ છે, ત્યાં શુદ્ધ મન છે - મન છે, ત્યાં શુદ્ધ કાળ છે.
પ્રભુ નહિ, ત્યાં મન નહિ, મન નહિ, ત્યાં કાળ નહિ.
અહિંયા પાદ નાદમાં અને નાદ લયમાં લઈ જાય છે.
લય છે, ત્યાં મનનો વિલય છે અને મનનો વિલય છે,
ત્યાં કાળનો અંત છે, માટે નાદ એ કાળનો લક્ષક છે.
નાદ એ વૈખરીમાંથી મધ્યમામાં, મધ્યમામાંથી પશ્યંતીમાં
અને પશ્યંતીથી પરામાં લઈ જાય છે,
જ્યાં અલખ - અગોચર પ્રભુ લખગોચર બને છે.
માનવપિંડમાં સમસ્ત બ્રહ્માંડ અલ્પ સ્વરૂપે દેખાય છે.
અખિલ વિશ્વમાં દૃશ્ય સ્વરૂપે અને અદૃશ્ય સ્વરૂપે
જે કાંઈ આવેલ છે, તે બધું જ આ નાનકડા દેહમાં
આવેલું છે, તેથી જ કહ્યું છે કે : યથા પિંડે તથા બ્રહ્માંડે |
ઉપયોગ શુદ્ધ અને આત્મલક્ષમાં સ્થિર રાખો.
આત્મલક્ષ્ય રહે, તો કલુષિતતા સહેજે વિરમી જાય.
સીતા - રામ, રાધે - શ્યામ, લક્ષ્મી - નારાયણ, ઉમા - મહેશ,
શચી - પુરંદર, વલ્લી - હિરણ્યગર્ભ વગેરે નામો
યોગોપયોગની વિશુદ્ધિનાં સૂચક છે.

## આત્મનિરીક્ષણ એટલે...

(૧) પોતાને સારાસાર સમજવાની જેટલી બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય, તે મુજબ પોતાના જ દોષોને જોવા.
(૨) થયેલી ભૂલ ફરીવાર ન કરવાનો સંકલ્પ કરવો.
(૩) પોતા માટે ન્યાય, બીજા માટે ક્ષમાનું ધોરણ રાખવું.
(૪) જિતેન્દ્રિય બનવું, સત્યની ખોજ કરતાં રહેવું તથા જનસેવા અને જિનભક્તિ સક્રિયપણે કરવી અથવા બીજા શબ્દોમાં જીવમૈત્રી અને જિનભક્તિ વધારવી.
(૫) બીજા જીવની નિર્બળતાને પોતાનું બળ ન માનવું, બીજા જીવોની ઉદારતાને પોતાનો ગુણ ન માનવો, બીજા જીવના કર્તવ્યને પોતાનો અધિકાર ન માનવો.
(૬) કામની ભિન્નતા છતાં સ્નેહની એકતા જાળવવી.
(૭) તનને શ્રમવાળું, મનને સંયમવાળું, બુદ્ધિને વિવેકવાળી, હૃદયને પ્રેમવાળું અને અહંને અભિમાનશૂન્ય બનાવવું.
(૮) આહાર-વિહારમાં સંયમ રાખી પોતાનાં કામ પોતાની મેળે કરી લેવાં. સાચું સૌંદર્ય અહીં જ સ્વીકારવું.
(૯) વ્યર્થ ચિન્તનનો ત્યાગ કરવો, વર્તમાનની ક્ષણોનો સદુપયોગ કરવો અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવું.

- પ્રજ્ઞાચક્ષુ સ્વામી શરણાનંદજી

આચારહીનને પરમાત્મા પણ પવિત્ર કરી શકતાં નથી. વિચારોમાં ભવ્યતા અને આચારોમાં શૂન્યતા - એ આજની ફેશન થઈ પડી છે. આજે ધર્મવિહીન પશુના બદલે ધનવિહીન પશુની માન્યતા પ્રવર્તે છે. અન્યાયથી મેળવેલા પૈસાનું અન્ન ખાવું = પેટમાં પથરા નાંખવા. તે અન્ન નહિ, ખરેખર વિષ છે. માનવીએ આદર્શ જીવનવાળા અને પ્રભુપરાયણ બને જ છૂટકારો છે. જે મનુષ્ય દ્વેષ અથવા વેરની લાગણી સાથે મરે છે, તે નરકમાં જાય છે, તેનાં દુઃખોનો કોઈ પાર રહેતો નથી. જીવનમાં જે મનુષ્ય હળવો, પાપના ભાર વિનાનો રહે, તે મરણ બાદ ઊંચી ગતિને પામે છે તથા જે અહંભાવ આદિથી ભારે થયેલો છે, તે નીચી ગતિમાં જાય છે. કારણ વિના કાર્ય નથી. કાર્ય-કારણનો આ નિયમ અબાધિત છે. નિયમ અને નિયંતા - બંને એક જ છે.

જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે,

તે પોતે સ્વસ્વરૂપમાં સ્થિર રહી શકે છે. આમ થવાથી તે નિયંતા-ભગવાનમાં એકાકાર થઈ જાય છે, પછી કાર્ય-કારણનો નિયમ તેને બાધ્ય કરી શકતો નથી, કેમકે તેણે હવે પ્રકૃતિ ઉપર વિજય મેળવી લીધો છે.

શાશ્વત શાંતિને કોણ મેળવી શકે ?

સ્વસ્વરૂપમાં સ્થિર થવું,
અને કર્મ ઉપર વિજય મેળવવાની ચાવી છે.
મનુષ્યમાં રહેલો ઈશ્વર એ જ એનું સાચું વ્યક્તિત્વ છે.
જે સૃષ્ટિમાં એકને જ જુએ છે, અનંત વસ્તુમાં એક
જીવનને જુએ છે, તે જ શાશ્વત શાંતિને મેળવે છે.

વિશ્વથી પોતાની જાતને અલગ પાડનારી
સ્વાર્થની ભાવનામાંથી જ ભેદનો જન્મ થાય છે.
જ્યાં અભેદ, ત્યાં અભય અને જ્યાં ભેદ, ત્યાં ભય.
'પ્રભુ સત્ય છે' તેનો અર્થ છે: 'પ્રભુ ત્રિકાળાબાધિત છે.'
'પ્રભુ પ્રેમ છે' તેનો અર્થ છે કે: 'પ્રભુ સર્વમય છે.'
પ્રભુ સાર્વદિક - સાર્વત્રિક છે, તેમની સાથે અભેદની
અનુભૂતિ કરવી, એ જ ભયમુક્તિ પામવાનો ઉપાય છે.

જેમ પાણીમાં ખાંડ ઓગળી જાય છે, તેમ
સત્સંગથી મનુષ્યનું મન ઈશ્વરીય વિચાર,
ઈશ્વરીય ભાવ, ઈશ્વરીય ઐશ્વર્યમાં એક થઈ જાય છે.
દિવ્યજ્ઞાનમાં એ રીતે સ્થિત થઈ જવાથી
જેટલી વાર છોડ ઉપરથી ફૂલ તોડવામાં લાગે,
તેટલી વારમાં જ આત્મસાક્ષાત્કાર કરી શકશે.

આ સનાતન નિયમ છે : જે ભગવાનને વિસરતો નથી,
તેને ભગવાન સ્વયં પણ વિસારતાં નથી,
વિશ્વનાથ માત્ર મંદિરમાં જ બિરાજમાન છે, એમ
નહિ પણ સહુના હૃદયમાં નિવાસ કરે છે. તે સહુના
પુકારને સાંભળે છે, પતિતજનને પણ પાવન કરી દે છે.

## પ્રભુને હાથ જોડવા અને મસ્તક નમાવવું એટલે શું?

હાથ એ ક્રિયાશક્તિનું પ્રતીક છે.
હાથ જોડીને એવી પ્રાર્થના કરવાની કે:
હે પ્રભુ ! મારા હાથે સત્કર્મ કરાવજો.
માથું એ બુદ્ધિશક્તિ - વિચારશક્તિનું પ્રતીક છે.
મસ્તક નમાવતી વખતે એ પ્રાર્થના કરવાની કે:
હે પ્રભુ ! મારી બુદ્ધિ હું તને અર્પણ કરું છું, તે શુદ્ધ
કરીને જ મને પાછી આપજે અર્થાત્ મને સદ્બુદ્ધિ દેજે.
એ રીતે સત્કર્મ અને સદ્બુદ્ધિની પ્રાર્થનાનું જ
બીજું નામ હાથ જોડવા અને મસ્તક નમાવવું, તે છે.

## અધર્મનું આચરણ શું કરે?

અધર્મનું આચરણ મનુષ્યને પથરા જેવો ભારે બનાવે.
અધર્મનો બોજ કણ પણ મણ જેવો હોઈને
માનવને અધોગતિ તરફ લઈ જાય છે, ધકેલે છે.

ધર્માચરણ દ્વારા મનુષ્ય હલકો બનતો જાય છે અને
વધુમાં વધુ ઊંચે જઈ આદર્શ બને છે.

માનવજીવનને સાર્થક બનાવવું હોય, તો
ધર્માચરણની ટેવ જરૂરી છે. પ્રેમની કસોટી સેવા છે.
અનંત પ્રેમ અનંત કષ્ટ સહન કરવાની શક્તિ આપે છે.
સૌથી અધિક સેવા કરવાવાળો આત્મા જ
સૌથી અધિક મહાન બની શકે છે.

માનવીને સૌથી વધુ જરૂર શેની?

માનાકાંક્ષી માનવીને બધી વસ્તુ કરતાં
સૌથી વધુ જરૂર માનની છે - માનભર્યાં વચનની છે.
ધન કરતાં પણ માન માનવીને મન વધારે કિંમતી છે.
માનવીના માનનું ખંડન તેને કદી ય પસંદ આવતું નથી.
માનવી માનભંગ કરતાં મરણને વધારે પસંદ કરે છે.
ધન અને ધર્મના લોભે ય ધર્મહીન માનવી માનને વધુ
ચાહે છે, એ વાત એના વ્યવહારમાં એટલી બધી સ્પષ્ટ
છે કે પ્રત્યક્ષ પ્રસંગોએ તે ઝળક્યા વિના રહેતી નથી.
ધર્મહીનને ધર્મ પમાડવો હોય, અગર
ધર્મ પામેલાંને પણ ધર્મ ન હરાવવો હોય,
તો તેના માનને જાળવવાની પહેલી અગત્ય છે.

માન બદલવાનો ઉપાય તેની ઇચ્છા બદલવી તે છે!
મનુષ્યને સૌથી મોટી ઇચ્છા એમ ફેરવવાની છે કે
પોતે જે કરે છે, તે બરાબર જ કરે છે.
તેથી કોઈપણ મહાત્માના વર્તનની ટીકા કે
ટકોર કરવા કરતાં તેનું વર્તન જે જ્ઞાનથી ઘડાયું છે,
તે જ્ઞાનને જ માત્ર ફેરવવાની જરૂર છે.
જ્ઞાનને સુધાર્યા વિના ઇચ્છા સુધારી શકાતી નથી
અને ઇચ્છાને સુધાર્યા વિના વર્તન સુધારવાનો બીજો
કોઈ ઉપાય કાર્યગત થઈ શકતો નથી, માટે બધો જ
પ્રયત્ન અને પુરુષાર્થ સ્વ-પરના મિથ્યાજ્ઞાનને ટાળવા
અને સમ્યગ્જ્ઞાનને ખીલવવા માટે કરવાની જરૂર છે.
પીઠ પાછળ કોઈના પણ અવર્ણવાદ બોલવા નહિ.
કોઈ બોલે તો સાંભળવા નહિ. બોલવાની જરૂર પડે,
તો ગુણ હોય તે જ બોલવા અને અવગુણને ઢાંકવા.

આ કાળમાં ય ભદ્રંકર જીવન કઈ રીતે?

છદ્મસ્થ જીવન ભયંકર હોવા છતાં પ્રભુમાર્ગની
આરાધનામાં ઓતપ્રોત હોય, તો ઘણું ભદ્રંકર પણ છે.
વિચારણા જો આગમને અનુસરતી રખાય,
તો પછી કશી જ હરકત આવતી નથી.

આ કાળમાં સમષ્ટિગત ઉપદેશ દ્વારા પણ
જે વ્યક્તિને સાચી અસર થતી હોય,
તે વ્યક્તિ પોતાનું આત્મલાભ સમજી એ ઉપદેશને
હૃદયપૂર્વક ઝીલે, એવા વ્યક્તિઓ ભાગ્યે જ સાંપડે છે.
પાપનો રસ આત્માને, પાપને તજાવનારા ઉપદેશ પ્રત્યે
અરૂચિવાળો બનાવે છે. આથી શક્ય હોય તો એવા
આત્માઓનો પાપરસ અન્યોને પાપના રસિક આદિ
બનાવવા જેટલી હદે ન પહોંચ્યો હોય, ત્યાં સુધી એવા
આત્માઓને ઘણી ઘણી રીતીએ સાચવી લેવાની કાળજી
રાખી ઉપદેશવા જોઈએ. ધનને વ્યય કરવાની બાબત
પણ આજના લોભરસિક જીવો માટે ઘણી ભારે છે.
એથી લોભીઓના લોભાદિથી દાનનો ઉપદેશ આપતાં
ઉપદેશક ઉત્પાત ન અનુભવે, એમ એકાંતે હિતાવહ છે.
એ વાત ઉપદેશકના હૃદયમાં સતત
જાગ્રત રહેવી જોઈએ કે સંસારની ગાઢ રસિકતા પણ
સાચો ઉપદેશ ઝીલવામાં ભયંકર અંતરાય કરનારી છે.
ઉપદેશમાં જરૂરી ઉગ્રતા લાવવામાં હરકત નહિ પણ
અસર ન થાય, એ કટુક્રોધ અસમાધિ દશા થાય,
એ કોઈપણ રીતિએ હિતાવહ ન ગણાય.

ઉપદેશક અંતરથી પાત્રત્વનો પરિત્યાગી જ હોવો જોઈએ.
એના અંતરમાં કોઈને પણ ઉદ્વેગ ઉપજાવવાનો ભાવ
કદાપિ ન જ હોવો જોઈએ અને કોઈપણ જાતના
અવર્ણવાદ ગાવાની ભાવના એના અંતઃકરણ માટે
સદાકાળને માટે અસ્પૃશ્ય જ બનેલી હોવી જોઈએ.
હૃદયનો વિકાસ થાય, ત્યારે જ અસમાધિ સંભવે.
ઉત્તમ આત્મા માટે પરોપકાર સ્વભાવસિદ્ધ વસ્તુ છે.
ક્રિમિઆદિની સુધાવેદનામાં પણ સ્વહિતની સાધના આકાંક્ષિત
રહેલ હોય, તો મુનિ પ્રવૃત્તિ ન જ કરે, એમ નથી.
પરોપકારાદિ સઘળું ય મુક્તિસાધનામાં અંગભૂત જ છે.
જેને તે અંગભૂત બનાવતાં ન આવડે, એના માટે બધી
વસ્તુઓ બોજલ હોઈ મુક્તિસાધનામાં અંતરાયભૂત છે.
ઉપદેશ મૂકી આદેશમાં પ્રવૃત્ત થવાની ઇચ્છા ઘાતક છે.
આજ્ઞા તો ક્વચિત કોઈક અને કોઈ માટે જ હોઈ શકે.
સમર્પિત હોવાનો દાવો કરનારા ય આજ્ઞાની અવગણના
કરે છે, તો પછી અન્યની તો વાત જ શું કરવી?
કઠોરતા - કર્કશતા ઉપયોગમાં ન જ લેવાય, એમ નથી પણ
એના ઉપયોગનો વિવેક તથા હૃદયની નિર્લેપ દશા હોય,
તો અવસરે એનો ઉપયોગ પણ અવશ્ય કરણીય બને છે.

રત્નત્રયીની ઉજ્જવળ આરાધના દ્વારા સ્વહિત સાથે
શક્તિ અનુસાર પરહિતસાધનામાં પણ ઉજમાળ રહેવું.

દર્શન : નવપદ - નવકાર - અરિહંતપદ.

જ્ઞાન : વાચના - પૃચ્છના - પરાવર્તના - અનુપ્રેક્ષા - કથા.

ચારિત્ર : ઇચ્છા - મિચ્છા - આવસ્સહી - નિસ્સીહી.

તપ : વિરતિ - પચ્ચક્ખાણ - ત્યાગ - તપ.

યોગમાર્ગમાં ચિત્તની પ્રસન્નતાને બાધિત ન કરે, તેવો
જ તપ વિહિત છે. જૈન શાસ્ત્રો પણ અત્યંત દુષ્કર
એવો બાહ્યતપ કરવાની સંમતિ ત્યાં સુધી જ આપે,
જ્યાં સુધી અભ્યંતર તપ દ્વારા
કષાયમંદતાની વૃદ્ધિ અને ધ્યાનની પુષ્ટિ થાય.

અપ્રશસ્તેચ્છાને ભેદનાર તલવાર

અસિ = સમ્યગ્દર્શનનું પ્રતીક ⎫ વિમલેશ્વર
મસી = સમ્યગ્જ્ઞાનનું પ્રતીક ⎬ વિમલબુદ્ધિ
કૃષિ = સમ્યક્ચારિત્રનું પ્રતીક ⎭ ચક્રેશ્વરી ચારિત્ર

ગૃહાવપન - ભૂમિની શુદ્ધિ - અપ્રસિદ્ધ - સામર્થ્યયોગ.

સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ત્રણ કારણ :
ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ તથા

સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં બે કારણ : ક્ષય - ક્ષયોપશમ.

## શુષ્ક જ્ઞાની કોણ ?

'બંધ અને મોક્ષ - એ માત્ર કલ્પના છે' એમ કહી
જેઓ મોહાવેશમાં વર્તે છે, તેઓ શુષ્ક જ્ઞાની છે.
અર્હદાદિસ્વરૂપાલંબનધ્યાનેન વિના
વૃત્તિ આત્માકારતાને પામતી નથી.
જે સંસાર, સાગરની જેમ તરવો અતિદુષ્કર છે,
તે ભગવાનના અવલંબને
ગોષ્પદ સમાન બની લીલામાત્રમાં તરી જવાય છે.

## જ્ઞાન - ક્રિયા - ભક્તિમાર્ગ

જ્ઞાનમાર્ગ = કાચો પારો, ક્રિયામાર્ગ = તલવારની ધાર,
ભક્તિમાર્ગ = આબાલ - વૃદ્ધ સર્વને સુગમ.
જ્ઞાનમાર્ગમાં સંદેહ, વિભ્રમ, સ્વચ્છંદ અને
અતિ પરિણામિતાદિ પતનના હેતુઓ છે.
ક્રિયામાર્ગે અસદ્ અભિમાન, કદાગ્રહ, દુરાગ્રહ,
સિદ્ધિઓનો વ્યામોહ, દેહાભિમાન અને
પૂજા - સત્કારાદિનાં ભયસ્થાનો રહેલાં છે.
ભક્તિમાર્ગમાં એમાંના કોઈ વિઘ્નો છે નહિ,
કેમકે નમ્રતા અને દૈન્ય એ એના મૂળમાં રહેલાં છે.
'દૈન્યપ્રિયો હિ સઃ ।' પ્રભુ દૈન્યપ્રિય છે.

## મોક્ષમાર્ગ કોને કહેવાય?

સર્વ અન્ય દ્રવ્યોથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર -
એ ત્રણેની એકતા, તે મોક્ષમાર્ગ છે.
વ્યવહાર વર્તુળ છે, નિશ્ચય કેન્દ્ર છે.
જે નિશ્ચય રૂપ કેન્દ્ર - મધ્યબિન્દુ પ્રત્યે દોરી જાય,
તે જ વ્યવહાર ઉપાદેય છે.
'નિશ્ચય' શબ્દ પકડીને તેના લક્ષણને
જેઓ સ્પર્શતાં નથી, તેઓ તત્ત્વને પામી શકતાં નથી.
તેમ જ રીતે શુષ્ક જ્ઞાની વ્યવહાર નિરપેક્ષપણે વર્તે,
તો તેઓ પણ તીર્થના ઉચ્છેદ કરી
તત્ત્વના અનધિકારી બને છે.
નિશ્ચય - વ્યવહારની ગાઢ મૈત્રી સાધવી જોઈએ,
તો જ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિના અધિકારી બની શકાય.
જ્યાં સુધી શુદ્ધ આત્મસ્વરૂપની આત્યંતિક સ્થિરતા
ન થાય, ત્યાં સુધી વ્યવહારની પૂરી આવશ્યકતા છે.
શુદ્ધ આત્માનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં,
અનુસરણ થવામાં જે જે દ્રવ્યભાવ સાધન ઉપકારી થાય,
તેનું અવલંબન આત્માર્થી જીવ ગ્રહણ કરે.

**<u>વ્યવહાર અને નિશ્ચય તથા દ્રવ્ય અને ભાવ - સર્વ સાધનના સમન્વયપૂર્વકની સાધના તે મોક્ષમાર્ગ છે.</u>**

બાહ્ય અર્થનો અર્થ એમ સૌ પ્રથમ
રાજાને જાણી, સદ્દહે અને પછી તેને યત્નથી અનુસરે,
તેમ અહીં આત્મારૂપી રાજાને જાણે, સદ્દહે તથા અનુસરે.
શુભેચ્છાથી માંડીને શૈલેશી પર્યંતની સમસ્ત ભૂમિકાઓ
અને સામાન્ય આચારથી માંડીને યમ-નિયમાદિ અષ્ટાંગ
યોગની સાધનાઓ સત્ સાધન છે, માટે જ તે સર્વ
સદ્વ્યવહારમાં સમાવેશ પામે છે.

**<u>પ્રભુનું આત્મસ્વરૂપ સૌંદર્ય કેવું છે?</u>**

'દર્પણ જિમ અવિકાર' એવા પ્રભુના
રૂપ રૂપી દર્પણમાં નિજસ્વરૂપનું દર્શન થાય છે.
સિંહને દેખી સિંહના શિશુને 'અજ કુલગત' અહિ
નિજસ્વરૂપનું દર્શન થાય છે.

'અનુત્તરના દેવ કરતાં ય અનંતગુણું અભિરામ રૂપ
આત્માનું છે' તેનો અધ્યાત્મદૃષ્ટિથી એ અર્થ થાય કે
પોતાની સમસ્ત ચિત્તવૃત્તિઓ રૂપી ગોપીઓને પોતાના
અનુપમ આત્મસ્વરૂપ સૌંદર્યથી આકૃષ્ટ કરી અંતર્મુખી
કરી હતી, એવા પ્રભુનું આત્મસ્વરૂપ સૌંદર્ય અનુપમ છે.

અર્હંત ભગવંતો પરકૃત પૂજાને ઇચ્છતાં નથી અને
તેમને સ્તુતિ - નિંદાનું કોઈ પ્રયોજન નથી પરંતુ
સાધકનું પોતાનું આત્મસિદ્ધિરૂપી કાર્ય
તેમની પૂજા અને સ્તુતિ આદિથી સિદ્ધ થાય છે,
તેથી તેમનું પૂજન પરમ કર્તવ્ય છે.

'વાક્યલિંગા હિ વક્તારઃ ।'

વાક્ય અર્થાત્ વચન - એ વક્તાને ઓળખવાનું ચિહ્ન છે.
નિર્દોષ વચન, નિર્મળ ચરિત્ર અને પ્રશમરસનિમગ્ન
મુદ્રા વડે અરિહંતદેવની પૂજ્યતાને ઓળખી શકાય છે.
પ્રભુનું વચન સર્વ નયવિશુદ્ધ, ત્રિકોટિ પરિશુદ્ધ,
ફલાવ્યભિચારી તથા પૂર્વાપરા વિરુદ્ધ છે. મોહનીયાદિ
ઘાતી કર્મોનો ઘાત કરી નિર્મળ ચારિત્રવાન થયાં છે,
કર્મનાશ અને જ્ઞાનપ્રકાશ વડે પૂજાતિશય પ્રકટ્યો છે,
વિશુદ્ધ ધર્મદેશના વડે વચનાતિશય પ્રકટ છે અને
કેવળ આત્મા સિવાય બીજું કાંઈ નથી, માટે
કર્મમળથી રહિત હોવાથી કેવળી ભગવંતો નિર્મળ છે,
શુદ્ધ જ્ઞાયક સ્વભાવ પ્રગટવાથી શુદ્ધ છે,
આત્મસ્વરૂપનું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે, માટે પ્રભુ છે,
ઈશ - શાસનકર્તા હોવાથી ઈશ્વર છે,

વિશ્વની શ્રેષ્ઠ વિભૂતિ હોવાથી પરમેષ્ઠી છે,
તેઓ પરમ આત્મશાંતિને પામેલાં હોવાથી શાંત છે,
કલ્યાણસ્વરૂપ હોવાથી સદાશિવ છે,
સર્વને સુખકર માટે શંકર, વિશ્વવ્યાપી માટે વિષ્ણુ,
કર્મક્લેશ હરનાર માટે હરિ, બ્રહ્મરૂપ માટે પરબ્રહ્મ છે,
આત્મારામી માટે રામ, અર્હત્, ભગવત્, પરમાત્મા, જિન,
સિદ્ધાત્મા, અરિહંતાદિ નામોવાળાં કેવળી ભગવંતો છે.

## ચૈત્યો તથા પ્રતિમાનું માહાત્મ્ય

प्रशस्तसमाधिचित्तोत्पादकत्वादर्हच्चैत्यानि । અર્હતિ:
અરિહંત પ્રભુના ચૈત્યો પ્રશસ્ત સમાધિના ઉત્પાદક છે.
પ્રતિ = સામું, મા = માપવું, જિનસ્વરૂપ પ્રતિમાપિત કરે
તે જિનપ્રતિમા, વીતરાગભાવને મૂર્તિમંત કરે તે મૂર્તિ.

जा सिद्धाण पतिट्ठा, तिलोगचूडामणिम्मि सिद्धपदे ।
आचंदसूरियं तह, होउ इमा सुपतिट्ठति ॥
- પંચાશક ૮/૩૪ (પરિશિષ્ટ-૯)

સંશુદ્ધ સેવા = પ્રભુ પ્રત્યે પરમ ઉપાદેય બુદ્ધિપૂર્વક,
આશાતનાદિ દશ સંજ્ઞાના નિરોધ સહિત,
આ લોક-પરલોકના ફળની કામનારહિત થતી સેવા.
સંશુદ્ધ સેવા એ યોગનું પરમ બીજ છે.

# ભવે ખેદ, શિવે અખેદ.

પોતાનો આત્મા પરભવમાં અર્પિત હોય, ત્યાં સુધી
આત્માર્પણની વાત વંચના છે, પ્રકટપણે કપટ છે.
અંતરંગ પરિણતિ અને વૃત્તિ પરભવમાં રાચી રહી છે,
ત્યાં સુધી સાચી ભક્તિ હતી નહિ.
સંસારના કાર્યોમાં રાગ, દ્વેષ - અણગમો નહિ, ખેદ અથવા
કંટાળો ન આવે, ત્યાં સુધી સાચું સમર્પણ અશક્ય છે.

## જીવ ક્યારે ખેદ પામે - ક્યારે અખેદ?

જીવને જ્યારે અચિન્ત્ય - ચિન્તામણિ પ્રભુના
મહિમા આગળ સુરઘટ - સુરમણિ - સુરતરૂ તુચ્છ લાગે,
જીવ જ્યારે ચક્રવર્તિપદ મેરૂ અને
ઈન્દ્ર - ચન્દ્ર - નાગેન્દ્રના પદને પ્રભુ પાસે રંક ગણે,
જીવને જ્યારે પરમૈશ્વર્ય સંપન્ન પ્રભુની ગુણસંપદા
આગળ સુરપતિ - નરપતિનાં સુખ કદન્ન રૂપ લાગે,
ત્યારે જ સંસારાર્થ પ્રવૃત્તિમાં જીવ ખેદ પામે અને
મોક્ષાર્થ પ્રવૃત્તિમાં જીવને અખેદ ઉપજે.
શમ - સંવેગાદિ અને સમિતિ - ગુપ્તિ આદિ
સર્વ અનુષ્ઠાનો આત્મોપયોગપણે સાધે,
તેનો અધ્યાત્મરસ વાધે અને તે ઉપરાંત

પછી જીવ સામાયિક વડે સમભાવમાં સ્થિતિ કરે,
પ્રત્યાખ્યાન વડે પરભાવ પચ્ચખ્ખે,
સ્વાધ્યાય કરતાં આત્મભાવમાં રમે,
ચતુર્વિંશતિ સ્તવ કરતાં સહજાત્મભાવ ભાવે,
સદ્ગુરુ વંદનમાં આત્મારાધકપણું ભાવે,
પ્રતિક્રમણ વડે સ્વરૂપભાવમાં પાછો ફરે,
કાયોત્સર્ગમાં દેહાતીતભાવનો અનુભવ કરે,
પરમ પ્રેમથી પ્રીતિ અનુષ્ઠાન કરે,
પૂજ્યભાવથી ભક્તિ અનુષ્ઠાન કરે,
આદર્શ આચરણરૂપ વચનાનુષ્ઠાન કરે,
સર્વ પરભાવ અને વિભાવના સંગ - સ્પર્શ વિનાનું
અસંગાનુષ્ઠાન કરે ઉપરાંત અમૃતક્રિયાના અનુષ્ઠાનથી
આત્માને અમૃત - અજરામર બનાવે તથા
પ્રભુના સ્વરૂપાચરણરૂપી ચારિત્રના સ્મરણપૂર્વક તેમના
ચરણકમળ પ્રત્યે વંદન-પૂજન-નમન-ગુણસ્તવન કરે,
આનંદઘનસ્વરૂપ અભેદ થવાની ઇચ્છા-ભાવના કરે.
સર્વ ભાવ ચરણસેવા એટલે...
ભગવાનના સ્વરૂપ ધ્યાનના આલંબને
પોતાના આત્માના સ્વરૂપાચરણને પામવું તે.

## ભગવાનની દ્રવ્યસેવા શા માટે?

ભગવાનની દ્રવ્યસેવાનો પ્રત્યેક પ્રકાર
ભાવ ઉપર આરોહણ થવા માટે છે, તેમ ભાવ તો જ
ભાવજનન યોગ્યતા રૂપ 'દ્રવ્ય' શબ્દની સાર્થકતા છે.
દીપકને ઉપાસી વાટ દીવો બને, તેમ આનંદઘનસ્વરૂપ
પરમાત્માની ઉપાસનાથી આત્મા પણ સ્વરૂપાસ્વાદની
શ્રેણિએ ચઢી આનંદઘનસ્વરૂપ પરમાત્મા થાય છે.
મોહનો ક્ષય તે મોક્ષ. મોક્ષ = મ + અ + ઉ + ક્ષ
અર્થાત્ ક્ષ = આત્મા, મો = મમતાના શબ્દો જો જાય,
તો તેનો ક્ષેમ = મ + ઓ + ક્ષ = ક્ષેમ થાય છે અને
એમ આત્મા જો અ + ઉ + મ = ૐ અર્થાત્
પંચપરમેષ્ઠિના શબ્દો જાય, તો સ્વસ્વરૂપ બને છે.
અનાદિ વાસનારૂપ અહંનો ત્યાગ કરે, ત્યારે જ અર્હંના
શબ્દો જાય છે, અનાદિના કર્મબંધનોનો છેદ કરે છે.

## ૨૪૩ ગુણે નવપદનું ધ્યાન કઈ રીતે?

પાંચ પરમેષ્ઠિઓના કુલ મળીને ૧૦૮ ગુણ,
સમ્યગ્દર્શનના ઔપશમિકાદિ ૩ ગુણ,
જ્ઞાનના દ્વાદશાંગીના ૧૨ ગુણ, ચારિત્રના ૭૦ ગુણ તથા
તપના કુલ ૫૦ ગુણ, એમ કુલ - ૨૪૩ ગુણ.

જ્ઞાન અને નિર્વાણના ઈશ, તે 'ગણેશ'.

વિઘ્નેશ્વર (ગણેશ) એટલે વિઘ્નો નિવારવા સમર્થ.

'ગ' અક્ષર જ્ઞાનવાચક, 'ણ' અક્ષર નિર્વાણવાચક.

કાન મોટાં - પહોળાં, બધી દિશાની વાત સાંભળી શકે,
આંખો ઝીણી, બધી દિશે વાત ઝીણવટથી જોઈ શકે,
નાક મોટું, બધી દૂર સુધીની તપાસ કરે,
કાન વડે તત્ત્વને સાંભળી, આંખ વડે તેને વિચારી,
અંતમાં નાક વડે તે તત્ત્વને જીવનમાં ઉતારવાનું છે.
મોઢું નાનું એ નમ્રતાનું સૂચક છે અને મોટું પેટ એ
સંતોષ તથા ઉદારતાનું સૂચક છે. કોઈ ગમે તે કહે,
તે બધું ગળી જાય અને શાંત રહે. હાથ પ્રેમસૂચક,
કમળ શ્રેયસૂચક છે તથા અંકુશ સંયમસૂચક છે.

ગણેશનું વાહન પણ ઉંદર એટલા માટે કે
નીચે - ઉપર - ઊંડે બધે જ ફરી શકે.
મહેલમાં પણ સમાય, ઝૂંપડીમાં પણ સમાય. ઉપલા -
નીચલા બધા થરમાં પહોંચી અને હકીકત મેળવી શકે.

ગણેશની તૂટેલી સૂંઢ એમ શીખવે છે કે:
અહંકારને તોડવામાં શરમ નથી.
શ્રીફળનું વધેરવું પણ એ માટે જ કહેલ છે.

## જૈનદર્શનમાં 'સ્નાન' શબ્દનો અર્થ

જૈનદર્શનમાં 'સ્નાન' શબ્દનો અર્થ એટલો જ સંકુચિત
કરવામાં આવ્યો નથી કે શબ્દાર્થ એ ભાવાર્થ જાણવો.
'સ્નાન' શબ્દ વિશાળ અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે.
'સ્નાન' શબ્દનો પરિપૂર્ણ અને સચોટ અર્થ એ છે કે:
વિધિપૂર્વક સમ્યગ્રત્નત્રયીને જાણવું અને
જાણેલાંને જીવનમાં ઉતારવું.

## સચ્ચિદાનંદ સ્વરૂપને જોવાની સાધના

સામાયિક - પૌષધ - પ્રતિક્રમણમાં કેવળ
શબ્દોની નહિ પણ અંતરંગ ભાવોની સાધના છે.
કેવળ પત્થરોના ભવનમાં બેસીને જ નહિ, કિન્તુ
ઉપરોક્ત સર્વ ક્રિયાઓ મન રૂપી ભવનમાં બેસીને
પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને જોવાની સાધના છે.
પ્રતિક્રમણના શબ્દોની સાથે મન, મસ્તક અને
હૃદયના તારોને જોડીને શુદ્ધ ભાવનાઓના દીપકને
અખંડિતપણે જલતો રાખવાનો છે.
આપણે રોજેરોજ ભૂતકાળનું પ્રતિક્રમણ,
વર્તમાનનો સંવર તથા ભવિષ્યનું પ્રત્યાખ્યાન કરવાનું છે.
वर्तमानेन कालेन वर्तन्ते हि विचक्षणाः ।

વાંદાનું તેજ અર્ધભરત, દેડકાનું તેજ સંપૂર્ણ ભરત,
સર્પનું તેજ જંબૂદ્વીપ અને મનુષ્યનું તેજ
અઢી દ્વીપપ્રમાણ વ્યાપી શકે, તેટલું શક્તિશાળી હોય છે,
તે તેજ કદી પણ સંપૂર્ણપણે અનંત થતું નથી.
અનંત સામાયિકથી રાજા - મહારાજાની પદવી મળે છે,
અનંત સામાયિકથી મોક્ષ મળે છે અને
મોક્ષે ન જાય તો પણ વૈમાનિક દેવ જરૂરથી થાય.
आया सामाइए, आया सामाइयस्स अट्ठे ।
આત્મા જ સામાયિક છે અને
આત્મા જ સામાયિકનું સાધ્ય - પ્રયોજન - ધ્યેય છે.
ધર્મ પણ આત્મા અને ધર્મનું ધ્યેય પણ આત્મા છે.
બીજા શબ્દોમાં આત્મા એ જ ધર્મ છે અને
આત્મા એ જ ધર્મનું ધ્યેય પણ છે.
સ્વરૂપમાં રહેવું, સ્વરૂપને સાધવું - એ જ સર્વ
ધર્મોનું અને ધર્મના સર્વ સાધનોનું એકમાત્ર સાધ્ય છે.
સહજાત્મસ્વરૂપમાં સ્થિતિ - એ 'ધર્મ' છે.
સંસારથી પર અને જેનાથી પર બીજું કોઈ તત્ત્વ નથી,
તે પરતત્ત્વ એક માત્ર શુદ્ધ આત્મા છે. આત્માની
સ્વભાવસ્થિતિ - સ્વસ્થતા - આત્માવસ્થા જ મોક્ષ.

## ધર્મ એટલે યોગનો ઉદય એટલે મોક્ષ

સ્વસ્વ ભૂમિકોચિત ક્રિયાદિ સહિત,
શુદ્ધ આત્મપરિણામ - એ 'ધર્મ' છે.

ધર્મ છે તે સામ્ય છે અને સામ્ય - ચારિત્ર તે છે
કે જે મોહ અને ક્ષોભરહિત આત્માનો પરિણામ છે.
'મોહ' એ દર્શનમોહનીયનો ઉદય છે અને
'ક્ષોભ' તે ચારિત્રમોહનીયનો ઉદય છે.
એ બોધ સહિત મોહ અને ક્ષોભથી રહિત નિર્વિકાર
શુદ્ધ જીવનો પરિણામ, તે ચારિત્રધર્મ છે.

चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो ।
मोहक्खोह - विहीणो अप्पणो परिणामो हु समो ॥७॥
- પ્રવચનસાર, ગા. ૭

'મોહનાશ' એ ગુણસ્થાનકના ક્રમની વૃદ્ધિનો દર્શક છે
અને 'જ્ઞાનપ્રકાશ' એ યોગસાધનાની ભૂમિકાઓનો.

જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।

ભાવશ્રુત રૂપ આત્મજ્ઞાન અને ક્રિયા સહિત
આત્મપરિણતિમય સંવર તથા નિર્જરારૂપ ભાવક્રિયા
- એ બે મળીને મોક્ષ થાય છે.

આત્મસંવેદન રૂપ અનુભૂત જ્ઞાન, તે 'જ્ઞાન' છે.

સ્વપરને જુદા પાડનાર ભેદજ્ઞાન -
એ પ્રયોજનભૂત તત્ત્વજ્ઞાન છે.
દ્રવ્યશ્રુતનું ફક્ત નિમિત્ત પામી આત્મા પોતે
જ્ઞાન રૂપે પરિણમે અને આત્મામાં ભાવશ્રુત પ્રગટે,
તે જ વાસ્તવિક જ્ઞાન કહેવાય.
એવડાં ગ્રન્થના ભાંડાની બોજ જો ઉક્ત આત્મા લક્ષ
ન આવ્યો, તો બધું જ્ઞાન શૂન્ય છે, સ્વરૂપ અસાધક છે.

ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥१॥
- अध्यात्मसारे (પરિશિષ્ટ-૧૦)

ક્રિયાનું બીજું નામ 'અનુષ્ઠાન' છે.
'દેહાદિ પરવસ્તુથી આત્મા ભિન્ન છે' એવું જાણ્યા પછી
આ એવા જ્ઞાનને અનુરૂપપણે રાગાદિનો ત્યાગ કરી
જ્ઞાનાદિની સિદ્ધિ કરવા પ્રવર્તન કરવું, તે 'અનુષ્ઠાન'.
ષડાવશ્યકાદિ કે અષ્ટાંગ યોગાદિ સર્વ ક્રિયાઓનું
પ્રયોજન અશુભાસ્રવોનો નિરોધ અને
સંવર - નિર્જરારૂપ આત્મસાધનનું સેવન છે.

अनुपयोगो द्रव्यं ।

'ભાવક્રિયા' એટલે આત્મભાવમાં લઈ જનારી ક્રિયા,

આત્મામાં તથાવિધ જ્ઞાન - દર્શન - ચારિત્રાદિ ગુણોનું ભવન - પરિણમન, આત્મસ્વભાવ પરિણમન. ભાવ = દ્રવ્યનો પ્રાણ, દ્રવ્ય = ભાવનો બાહ્ય પરિકર. શુદ્ધ આત્મસ્વભાવ રૂપ સાધ્ય ધર્મ સિદ્ધ કરવો છે, એમાં પરમાત્માની ભક્તિ મુક્તિનું અનુપમ નિમિત્ત છે.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ એમ કહે છે કે:

'જિનપતિ ભક્તિ મુક્તિમારગ, અનુપમ શિવસુખ કંદ.' જેના પ્રત્યે ભક્તિભાવ વિના દુઃખદાવાનળથી કદી છૂટકારો નથી, એવા જિનભક્તિ મુક્તિની પરમ દૂતી છે.

જેવું જિનનું શુદ્ધ આત્મસ્વરૂપ છે,
તેવું જ સર્વ જીવોનું મૂળ સ્વરૂપ છે.

એનું અભિવ્યક્ત થયેલું છે, આપણું તિરોહિતપણે રહેલું છે. નિશ્ચય દૃષ્ટિથી જિનપદ - નિજપદની એકતા છે, 'જિનવર પૂજા તે નિજપૂજના' છે. યોગનાં બીજોમાં સૌથી પ્રથમ 'જિનેષુ કુશલં ચિત્તં ।'ને કહેલું છે.

તન્નમસ્કાર એવ ચ ।
પ્રણામાદિ ચ સંશુદ્ધં યોગબીજમનુત્તમમ્ ॥ (પરિશિષ્ટ-૧૧)

ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા માટે જિનભક્તિ આદિ નિમિત્ત કારણની અનિવાર્યતા છે.

બાહ્ય - અંતરશુદ્ધિ જાળવવા શું કરવું ?

ચિત્તશુદ્ધિ સરલ... માર્દવ અને આર્જવ કેળવવા અને કર્મોને નિરવદ્ય શુદ્ધ બાહ્યક્રિયામાં પ્રવેશવા પહેલાં શરીર, વસ્ત્ર, ઉપકરણો અને મકાન વગેરેના પ્રતિલેખન - પ્રમાર્જનના ઉપલક્ષણ તરીકે મુહપત્તિનું પડિલેહણ કરવાનું વિધાન છે, તેથી બાહ્ય - અંતર ઉભય શુદ્ધિ બરાબર જળવાય છે.

પુરુષ - સ્ત્રીના આસનને કેમ ન બેસે ?

૫ ઇંદ્રિયના ૨૩ વિષય - તેના ૨૫૨ વિકાર નિવારવા

સ્ત્રીના આસને પુરુષ બે ઘડી ન બેસે અને પુરુષના આસને સ્ત્રી એક પ્રહર ન બેસે.

ઠાણે કાઉસ્સગ્ગં = મન, વચન અને કાયાની સ્થિરતાથી સહિત નિશ્ચલતાથી કાયાનો ત્યાગ યાને કાયારૂપી બાહ્યાત્માનો ત્યાગ કરું છું.

અહીં શલ્યરહિત થવું સરલ...

નિષ્કપટ, નિઃસ્વાર્થ અને નિઃશંક થવું.

પ્રસન્ન થાઓ = સમકીત મળવામાં નિમિત્તરૂપ થાઓ.

આરોગ્યાદિ આપો = આરોગ્ય - બોધિ - સમાધિ - સિદ્ધિ મળવામાં હે પ્રભુ ! આપ નિમિત્તભૂત થાઓ.

તસ્સ = સાવદ્યયોગનો ત્યાગ અથવા સામાયિકરૂપ આત્મગુણનું - ઉત્તરીકરણ ઈત્યાદિ.

અહીં તીર્થંકર ભગવંતોને આપવાનું કે પ્રસન્ન થવાનું હોતું જ નથી પણ ભક્તિમાન વ્યક્તિ તેઓને નિમિત્ત બનાવી ભાવ મેળવે છે અને 'તે ભાવ તેઓએ આપ્યો' એમ ભક્તિપ્રધાન નમ્ર, વિનયવાળી વક્રોક્તિ કરે છે અને પ્રાર્થના કરે છે.

આ ચતુર્થ વ્યવહાર ભાષાનો પ્રયોગ છે, તે સત્ય નથી તેમ અસત્ય કે મિશ્ર પણ નથી, કિન્તુ અહીં વક્રોક્તિ પર આધારિત ચતુર્થ વ્યવહાર ભાષા છે. તેનો પ્રયોગ ભક્તિ અને કૃતજ્ઞતાદર્શક છે.

## માનવમન નિર્મિત મહાન સ્પીડબ્રેકર કયો ?

જ્યારે પણ દેવદર્શન, ગુરુવંદન, ધર્મશ્રવણ અથવા સામાયિક - પ્રતિક્રમણાદિ ક્રિયા કરીએ, ત્યારે અખૂટ, અનંત શ્રદ્ધાથી, આત્મવિશ્વાસના રણકારપૂર્વક કરીએ. 'આ દ્વારા પ્રતિપળ કર્મનું કચરાભારુ નષ્ટ, અદ્ભુત પુણ્ય સર્જાઈ રહ્યું છે અને તે મોક્ષનો આકાર લઈ રહ્યું છે' એવી શ્રદ્ધાપૂર્વક ઉપરોક્ત ક્રિયા કરીએ, આ શ્રદ્ધા એ માનવમન નિર્મિત સૌથી મહાન મોટો સ્પીડબ્રેકર છે.

## મંદ મિથ્યાત્વના લક્ષણ

ભવનો ભય, પાપનો ભય, જીવની દયા.

## ઉગ્ર મિથ્યાત્વના લક્ષણ

પાપની ઘૃણા ન હોવી કે જીવદયાની ભાવના ન હોવી.
ધર્મપરિણતિ સમ્યક્ત્વથી અથવા મંદ મિથ્યાત્વથી ગણાય.

ધર્મના બે પ્રકાર છે: પ્રવૃત્તિ અને નિવૃત્તિ.

દયા - દાન - પૂજા વિગેરેની પ્રવૃત્તિ એ જેમ ધર્મ છે,
તેમ હિંસાદિ કામ - ક્રોધાદિ પાપનો ભય પણ ધર્મ છે.
જેમ પાપને પાપ ન માનવું, એ મિથ્યાત્વનો દોષ છે,
તેમ પાપને પાપ માન્યાં પછી પણ તેનું સેવન કરવું,
એ પણ મિથ્યાત્વનો દોષ જ છે.

એક સમ્યક્ત્વનો ઘાતક, બીજો ચારિત્રનો ઘાતક છે.
મિથ્યાત્વની હાજરીમાં ચારિત્ર એ મોહનો ચાળો છે,
ઉપશમના અભાવમાં ધર્મ ખાર ઉપર લીંપણ સમાન છે.

ભ્રમનો નાશ કરે એટલે જ્ઞાન મળે.
મનમાં રહેલાં રાવણનો નાશ કરે એટલે રામ મળે.

અગ્નિમાંથી જળ અને જળમાંથી અગ્નિ.
જેમ અગ્નિમાં ઉષ્ણતા રહેલી છે, તેમ પાણીમાં આર્દ્ર
રહેલી છે, તેમ ઈશ્વર અને શક્તિ પણ એક જ છે.

## એવી કઈ વસ્તુ છે કે...

જેનું શ્રવણ ન કર્યું હોય તો પણ શ્રવણ થાય?
ન વિચાર્યું હોય તો પણ વિચારેલું બને?
અજ્ઞાત હોય તે પણ જ્ઞાત થાય?
ચૈતન્યતત્ત્વ એક છે અને તે સર્વત્ર વિલસી રહેલું છે
તથા તે જુદાં જુદાં નામે ઓળખાય છે.
જગતમાં જે સત્ છે, તે જ વટવૃક્ષમાં છે.
તમામ અસ્તિત્વનું કારણ તે સત્ છે,
તે આત્મા છે અને તું પણ તે સત્ છે.
સત્ એટલે પરમ સત્તા છે.

સત્ દેખાતું નથી છતાં તે અણુ એ અણુમાં વ્યાપ્ત છે. જે માનવ એને પામવાનો પુરુષાર્થ કરે છે, તેને તેની હયાતિનો અનુભવ થાય છે. ત્યારે એ વ્યક્તિ સતના પ્રકાશથી ઝળહળી રહી છે, એવો અનુભવ થાય છે.

ટીકાઓનો અસરકારક જવાબ છે મૌન અને મૂક કાર્ય.

સંસારને જો રાગની દૃષ્ટિએ જોવામાં આવે,
તો સંસાર બંધનું કારણ છે અને
જો ત્યાગની દૃષ્ટિએ જોવામાં આવે,
તો એ જ સંસાર મુક્તિ - મોક્ષનું કારણ છે.

'નમે તે ભગવાનને ગમે.'

'ૐ અર્હં' મંત્ર સ્ફટિકની માફક છે,
સ્ફટિકની જેમ પારદર્શક છે, અહીં પરમાત્મા વસે છે.

સાચી કેળવણી એટલે...
અંદર રહેલાં ઉત્તમ અંશોને બહાર લાવે તે.

ધાર્મિક દેખાવા કરતાં ધાર્મિક બનવા માટે લક્ષ રાખો.
દેખાવું બીજા માટે છે, થવું પોતા માટે છે.

દુઃખ સિવાય સુખમાં મજા આવતી નથી. મોટામાં
મોટી શક્તિ મોટામાં મોટી મુશ્કેલીઓમાંથી જ જન્મે છે.

કોઈપણ ધર્મક્રિયા કરીએ છીએ, ત્યારે
ક્રિયા કરનારમાં નીચેની છ વસ્તુઓ ઉત્પન્ન થાય:
અશુભનો સંવર, શુભનો આસ્રવ,
પૂર્વકૃત કર્મની નિર્જરા અને ભગવાનની
આજ્ઞાનું પાલન થવાથી ભગવાનનું ધ્યાન થાય છે, એ
ધ્યાન જ સમકીત, જ્ઞાન અને ચારિત્રરૂપ બને છે.
આ છ વસ્તુમાં શંકા કે સંશય ધારણ કરવો,
તે સમકીતના અતિચારરૂપ કહેલ છે, માટે ત્યાજ્ય છે.
આ જાતિની શ્રદ્ધા એ Sentimental નહિ પરંતુ
factual છે, Scientific truth છે.

ધાર્મિક ક્રિયાકાંડો એટલે...

મનમહેલના જ્યાં-ત્યાં ભટકીને પશુથી ય બદતર બનતાં

મનને સમ્યક યોગ્ય દિશામાં વાળવાના સાધનો.

મૂર્તિપૂજા વડે પણ તે જ કાર્ય સિદ્ધ કરાય છે,

તેથી ભગવાનની મૂર્તિની પૂજા ઉપાદેય છે.

આ વિશ્વમાં પરમાર્થ - પરમ પદાર્થ - પરમ તત્ત્વ,

પદાર્થવિશેષ - તત્ત્વવિશેષ કોઈ હોય,

તો ચૈતન્ય મૂર્તિ એક આત્મા છે.

એના જેવો ચમત્કારિક પદાર્થ વિશ્વમાં બીજો કોઈ નથી.

આત્મા જ સર્વ આશ્ચર્યોનું આશ્ચર્ય

અને સર્વ ઐશ્વર્યનું ઐશ્વર્ય છે.

હરિનું નામ પાપનું હરણ કરે છે, માટે તે સાર્થક છે.

ભગવાનને નમનારને પણ હું નમું છું.

ભગવાનના દાસનો પણ હું દાસ છું. દાસના દાસનો પણ

દાસ અને પ્રભુના સેવકના સેવકનો પણ સેવક છું.

નિરાધારના આધાર, અશરણના શરણ તથા અસહાયના

સહાયદાતા એવા ભગવાનમાં જેને ભક્તિ જાગે છે,

તેનાં સર્વ પાપો ક્ષીણ થયાં છે.

પ્રભુનામના ઉચ્ચારણમાં અષ્ટાંગ યોગ સમાઈ જાય છે.

ત્રણ જાતનાં કર્મ : સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ.

પૂર્વજન્મોના કર્મોનો સમૂહ તે સંચિત કર્મ. ઈચ્છાથી, વૃત્તિથી, શક્તિથી વગેરે સર્વમાં સંચિત કામ કરે છે. બીજું પ્રારબ્ધ કર્મ છે, એ પણ સંચિતનો જ અંશ છે. આ જન્મના પૂરતું કે આપણાંશનું કારણ પ્રારબ્ધ છે. જન્મ આપનાર પણ એ છે અને એના ધોરણે જ જીવન ચાલે છે. સંચિતનો જ પાક પાકીને તૈયાર થયો હોય, તે મુજબ જન્મ મળે છે તથા જીવન વીતે છે,

એમાંથી નથી છૂટાતું, નથી બદલી શકાતું.

પ્રારબ્ધ કર્મ તો ભોગવવાથી જ છૂટે છે.

ત્રીજું જે ક્રિયમાણ કર્મ - એ ભાવિને સર્જે છે.

કર્મના આ ચક્રને પણ ભેદી શકાય છે.

ફળને જાણવું અને ફળરૂપ થવું, એ મનુષ્યનો પહેલો અને છેલ્લો ધર્મ છે. એ વડે એનું સંચિત તૂટે છે, છૂટે છે. વિચાર - વર્તનને દેહભાવથી છોડાવી દિવ્ય સાથે જોડી દેવા, ફળસંબંધ તોડી લેવો, ક્રિયમાણ માટે પ્રાયશ્ચિત્તો કરવાં, નિમિત્ત ભાવે ભગવાનનું યંત્ર બની રહેવું અથવા સાક્ષીભાવ રાખી મન - ઈંદ્રિયોના વ્યવહાર પ્રત્યે ઉદાસીન રહેવું. મનુષ્યને ભોગસ્વાતંત્ર્ય નથી, પરન્તુ ક્રિયાસ્વાતંત્ર્ય છે.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।'
આ જન્મની ક્રિયા - ક્રિયમાણ કર્મ વડે પ્રકૃતિ પણ
શકાય છે. સંસ્કારો અને ઇચ્છાઓ બદલી શકાય છે.
મનુષ્ય ધારે તો વાસનાઓથી છૂટી શકે છે, સંસ્કારોને
શુદ્ધ કરી શકે છે, વર્તનને સાત્ત્વિક બનાવી શકે છે.
નવનિર્માણનું મુહૂર્ત અત્યારે જ છે.

**કર્મનાં પાંચ આવશ્યક અંગો**

**કર્તા** - કર્મ કરનારો.
**અધિષ્ઠાન** - શરીર જે કર્મનું આલંબન છે.
**કરણ** - જ્ઞાનનાં સાધનરૂપ ઇંદ્રિયો તથા મન.
**ચેષ્ટા** - વિભિન્ન વ્યાપારો. **દૈવ** - દૈવશક્તિ, ભાગ્ય.

**નૈષ્કર્મ્ય સિદ્ધિ એટલે...**

કર્મો કરવા છતાં નિર્લેપ રહેવાની શક્તિ.
સંન્યાસ યા કર્મયોગનું અંતિમ લક્ષ્ય બ્રહ્મસાક્ષાત્કાર છે
અને એ માટેનો ઉપાય ઈશ્વરની અનન્ય ભક્તિ છે.
મનથી સર્વ કર્મનું ફળ ભગવાનને અર્પણ કરી દઈ
જેઓ પોતાના મનને ઈશ્વરપરાયણ બનાવે છે,
તેઓ સર્વ મુશ્કેલીઓને ઓળંગી જાય છે.
ગીતાનો અંતિમ ઉપદેશ આ વાક્યમાં આવી જાય છે:

सर्व धर्मान् परित्यज्य, मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि न संशयः ।

આપણે જો માનસિક વિચારોને દૈવરૂપ આપવા માટે ચાહતાં હોઈએ તો સંયમનો આશ્રય લેવો જોઈએ.

શ્રદ્ધાપૂર્વક ઉપરાંત ઈર્ષારહિત ભાવથી જ
તેનું પૂરું ફળ મેળવી શકાય છે.

ઘનઘાતી કર્મોની ગાંઠ કઈ રીતે છેદાય ?

અસંયમથી કર્મનો આસ્રવ અને સંયમથી સંવર થાય છે.
મન-ઇંદ્રિયોના સંયમથી જ વાસ્તવિક ધર્મની સિદ્ધિ છે.
તે વડે ઘનઘાતી કર્મોની ગાંઠ છેદાય છે.
અંતરંગ શત્રુઓને જીતવા એજ પરાક્રમ છે.

પરાક્રમી સાધુ કોણ ?

સાધુ તે કે જે ૧૭ પ્રકારનો સંયમ પાળે, રત્નત્રયની આરાધનામાં શક્તિ ન ગોપવે, સૌ કષાયોને નિર્મૂળ કરે.

દંડક = મહાપાઠ, ગુરુમુખે ઉચ્ચાર,
આત્મા ગુરુની અને ઉપદેશ અરિહંતોનો માને.

સાધુના ૨૭ ગુણ: ૬ વ્રત, ૬ કાયરક્ષા, ૫ ઇંદ્રિયોનો નિગ્રહ, ક્ષમા, લોભત્યાગ, ચિત્તનિર્મળતા, સંયમ, પ્રમાર્જના, ત્રિદંડત્યાગ, પરિષહ - ઉપસર્ગસહન, પ્રમાર્જના, પ્રતિલેખના, સંયમ.

## કઈ ચાર વસ્તુઓ દુ:જેય જણાય?

अक्खाण रसणा कम्माण मोहणी तह वयाण बंभवयं ।
गुत्तिण य मणगुत्ती, चउरो दुक्खेहिं जिप्पंति ॥१॥

ઇંદ્રિયોમાં રસના, કર્મોમાં મોહનીય, વ્રતોમાં બ્રહ્મચર્ય અને ગુપ્તિમાં મનોગુપ્તિ દુ:જેય જણાય છે.

ધર્મ કરતી વખતે વિશિષ્ટ ભાવનાથી કર્મની નિર્જરા અને સામાન્ય ભાવનાથી પુણ્યકર્મ બંધ થાય.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૦૦૮ નામ આદેય નામકર્મ અને યશ નામકર્મના ઉદયથી જ છે.

૮ કર્મની કુલ મળીને ૧૫૮ પ્રકૃતિ તો સ્થૂલ છે, કિન્તુ તેના અવાંતર પ્રકૃતિ તો અસંખ્યાત છે. દાખલા તરીકે: ગણધર નામકર્મ તીર્થંકર નામકર્મની અવાંતર પ્રકૃતિ છે.

બંધ = વિશિષ્ટ સંયોગ, સંયોગ = અપ્રાપ્તની પ્રાપ્તિ.

## નિત્યાનિત્ય એટલે...

નિત્યતા અને અનિત્યતાનો સ્વભાવ એક નહિ પણ પરસ્પર વ્યાપીને રહેલો વિલક્ષણ યોગ સમજવો.

કેટલાક વસ્તુઓ એવા હોય છે કે એકલા હોય, તો દોષ કરે પણ બીજી વસ્તુની સાથે વિલક્ષણ યોગ હોય, તો બંને વસ્તુના સર્વ દોષોનો નાશ થાય છે.

## ગુરુની ગુણગરિમા

(૧) ગુરુ મોહવિષનો ઘાત કરે છે.

(૨) શિવમાર્ગના ઉપદેશરૂપી રસાયણ આપે છે.

(૩) ગુરુજી મંગળરૂપ છે (મમતાને ગાળે છે).

(૪) યોગ્ય આત્માને વિનીત બનાવે છે.

(૫) માર્ગાનુસારિતા રૂપી પ્રદક્ષિણાવર્ત કરે છે.

(૬) ગંભીર હોવાથી ગુરુ - ભારે - વજનદાર છે.

(૭) ગુરુ ક્રોધાગ્નિથી અદાહ્ય છે અને

(૮) ગુરુ શીલવ્રતથી - શીલભાવથી અકુથ્ય છે.

ગુરુ આઠ કારણથી સુવર્ણની જેમ પરિશુદ્ધ છે:

(૧) ગુરુની વિશિષ્ટ લેશ્યા એ કષ છે.

(૨) એકસારતા એ છેદ છે.

(૩) આપણા ઉપર પણ અનુકંપા રૂપી તાપ છે.

(૪) કષ્ટમાં અતિનિશ્ચલ ચિત્ત - તે ગુરુની તાડના છે.

'ગુરુકુલવાસો બ્રહ્મચર્ય ।'

ગુરુસેવા પણ બ્રહ્મચર્યનો જ એક પ્રકાર છે.

દુઃખમય સંસારમાં લાભ પ્રાપ્ત કરીને
મનુષ્ય કેવી રીતે મુક્ત થાય? આ પ્રશ્નનો જવાબ
યોગ અને અધ્યાત્મ વિદ્યા આપે છે.

## 'ગુરુ' શબ્દને યોગ્ય કોણ ?

ભવજલધિને તરવામાં સમર્થ અને નિર્વાણને
આપવામાં સમર્થ એવા જ્ઞાન - દર્શન - ચારિત્ર આદિ
ગુણોને ધારણ કરનારા હોય, તે 'ગુરુ' શબ્દને યોગ્ય છે.

## ઉપદેશકને યોગ્ય દશ ગુણવાળા સાધુ

સ્વપર સમયના જ્ઞાતા, સંવિગ્ન, સંવેગજનક, મધ્યસ્થ,
કૃતજ્ઞ, ગાહણાકુશળ, પરોપકારમાં રત, દૃઢ પ્રતિજ્ઞ,
અનુવર્તક અને મતિમાન - દશ ગુણધારી વંદનીય છે.
યથાશક્તિ ઉદ્યમ કરનાર આત્મા 'મધ્યસ્થ' ગણાય.

જેમ કષાદિ સમસ્ત ગુણયુક્ત હોય,
તે સાચે સુવર્ણ છે તથા નામરૂપ માત્રથી
ગુણરહિત સુવર્ણ તે સુવર્ણ નથી, તેમ
નામરૂપ હોય પણ ગુણ ન હોય, તો તે સાધુ નથી.
જે રીતે કેવળ નામરૂપ હોય, તેથી સુવર્ણ બનતું નથી,
તેમ સાધુનું નામ અથવા સાધુનો વેષ હોય,
પરન્તુ સાધુના ગુણ ન હોય, તો સાધુ ગણાય નહિ.
એ કારણે પાસત્થા, ઓસન્ના, કુશીલિયા, યથાછંદા
અને સંસત્તા સાધુ નામ અને વેષને
ધારણ કરનારા હોવા છતાં અવંદનીય કહ્યાં છે.

<u>સાધુને ઇચ્છાસામાચારીનું પાલન ન કરવાથી થતી હાનિ:</u>

ગુરુની આજ્ઞા અથવા આજ્ઞાનો આદેશ,
'અભિયોગ પરિહાર પ્રધાન' અર્થાત્
જેમાં બલાત્કાર બિલકુલ નથી, તેવી મનોવૃત્તિ છે.
બીજાનું કાર્ય કરવું હોય અથવા
પોતાનું યા બીજાનું કાર્ય બીજા પાસે કરાવવું હોય,
ત્યારે '<u>इच्छाकारेण करोमि</u> ।' અર્થાત્
'આપને ઇચ્છા હોય તો...' એમ બોલવું જ જોઇએ.

(૧) વીર્યાચારનું ગોપન ન થાય, તે માટે સાધુએ
છતી શક્તિએ પોતાનું કાર્ય બીજા પાસે કરાવવું નહિ.
સાધુએ વિના કારણ અભ્યર્થના કરવી નહિ,
બીજાની અભ્યર્થના અસફળ કરવી નહિ.
પોતાને બીજું કાર્ય હોય તો પ્રગટ કરવું.
રત્નાધિક પાસે કાર્ય કરાવવું નહિ. પર અભિયોગના
પરિહારથી આભિયોગિક-પરતંત્રતાફલક કર્મોદય નથી,
લોકપૂજ્યતા નિબન્ધનભૂત ઉચ્ચ ગોત્ર કર્મબંધ થાય છે,
ગુણગ્રાહી લોકમાં જિન-પ્રવચનની ખ્યાતિ થાય છે કે:
'અહો! જૈનો કેવા નિપુણ છે' અને
અલ્પ બહુ પરના ખેદના પરિહાર માટે તત્પર રહે છે.

(૨) સાધુઓને આત્માભિયોગ - બલાભિયોગ વર્જ્ય છે.
તે પરની પીડાનો હેતુ છે અને
પોતાને આભિયોગિક કર્મબન્ધનો હેતુ છે.
ઇચ્છાકારનો પ્રયોગ કાર્ય પરત્વે જેમ રત્નાધિકને,
તેમ શૈક્ષ અને ક્ષુલ્લક પરત્વે પણ સમજવો.
(૩) અપવાદે યોગ્યને અસ્ખલના માટે આજ્ઞા છે અને
તેમને બલાત્કારે પણ માર્ગપ્રવર્તન વિહિત છે.
દુર્વચન વડે નિર્ભર્ત્સના પણ થઈ શકે છે. યોગ્યને
અનાભોગથી સ્ખલના થાય પણ અભિનિવેશથી નહિ.
અભિનિવેશ યોગ્યતાનો નાશક છે.
યોગ્ય જીવને માટે જ આજ્ઞા, બલાત્કાર કે નિર્ભર્ત્સના
ઉચિત હોય, તો વાંધો નહિ પણ અયોગ્ય ન જોઈએ,
કેમકે અયોગ્યથી પ્રદ્વેષવૈરાદિ દોષના કારણભૂત થાય છે.
યોગ્ય, પ્રજ્ઞાપનીય કે ઇષત્ પ્રજ્ઞાપનીયને નહિં, પરન્તુ
ગાઢ (અત્યંત) અયોગ્ય છે, તેને ખરંટનાદિનો નિષેધ છે.
'ઉપદેશો હિ મૂર્ખાણાં, પ્રકોપાય ન શાન્તયે;
પયઃ પાનં ભુજંગાનાં કેવલં વિષવર્દ્ધનમ્ ।' અર્થાત્:
મૂર્ખ મનુષ્યને ઉપદેશ પ્રકોપ માટે થાય છે, શાંતિ માટે
નહિ, સર્પને દૂધ પાવાથી પણ ફક્ત ઝેર જ વધે છે.

તપ એ કર્મનો ઉદય નહિ પણ ક્ષય - ક્ષયોપશમ છે.
તપનું ફળ પણ સંવર - નિર્જરા છે,
તેથી સ્વરૂપોપલબ્ધિ સહજ બને છે.

જે વ્યક્તિ અસંયમી છે, પાપી છે, દુરાચારી છે તથા જેનું મન ચંચળ છે, તે ઊભો રહે તો પણ ચાલે-ચંચળ છે અને જે નિર્મળ છે, ઉદાત્ત છે, સંયમી છે તથા સદાચારી છે, તે ચાલતો રહે છતાં સ્થિર છે.

સર્વ વ્રતો જીવદયા માટે છે, માટે દાનધર્મમાં સમાય અથવા સર્વ વ્રતો પચ્ચક્ખાણરૂપ છે, તેથી તપધર્મમાં પણ સમાઈ જાય છે. ચોથું વ્રત શીલધર્મમાં સમાય છે.

બ્રહ્મચર્ય = The path of absolute.

'જિતેન્દ્રિય' તે કુમાર અથવા તો કુમારી પણ કહેવાય.

## તપનું ઉત્તમ ધ્યેય શું ?

આત્માના કલ્યાણ માટે જાતે તપવું, તે તપ.

ઉપવાસ, ઉપાસના, મૌન, ધ્યાન દ્વારા પોતાના અંગત જીવનને તપાસી, તેમાં રહેલી ત્રુટિઓ દૂર કરવી અને જીવનને સ્વચ્છ અને પવિત્ર કરવાનો પ્રયત્ન કરવો, તે તપનું ઉત્તમ ધ્યેય છે. તપ માટે નિશ્ચય જરૂરી છે અને નિશ્ચયના મહેલમાં તો ખુદ પ્રભુનો વાસ છે.

**પ્રતિક્રમણનું મહત્ત્વ એ છે કે:**

પ્રતિક્રમણ દ્વારા ભૂલને ભૂલીને શુદ્ધિ પામી અને
શુભ એવા વર્તમાનનો પ્રારંભ કરો.
પ્રતિક્રમણ આધ્યાત્મિક સંસ્કૃતિની મહત્ત્વપૂર્ણ દેન છે.

**પર્યુષણ એ આત્મપર્વ છે.**

પર્યુષણ આત્મા અને આત્મા સાથે સંબંધિત ગુણો
અને સર્વ શક્તિઓને વિકસાવવાનું પર્વ છે.
જાગૃત આત્મા માટે હર ક્ષણ પર્યુષણ છે.
ભૂલ થઈ તો તુરત તેનો મિચ્છામિ દુક્કડં દેવો, તે જ
સાચી આરાધના છે અને તેટલી જાગૃતિ ન રહે,
તેને માટે વાર્ષિક પ્રતિક્રમણ છે.
જાગૃત સાધક માટે નિરંતર દિવાળી અને આઠે પ્રહર
અહિંસા, દયા, પ્રેમ, ક્ષમા તથા કરૂણાની વસંત છે.
સંવત્સરી એ ક્ષમાપનાનું પર્વ છે.
ક્ષમા એ સંવત્સરી મહાપર્વનો પ્રાણ છે.
પોતાની ભૂલની ક્ષમા માંગવામાં નમ્રતા અને
બીજાની ભૂલને ભૂલી જવામાં ઉદારતા પ્રગટ થાય છે,
તેથી તે નમ્રતા અને ઉદારતા કેળવવાનું પર્વ પણ છે.
પર્યુષણમાં કર્મનિર્જરા કરવા અનેક તપસ્યા કરાય છે.

'मिच्छामि दुक्कडं ।' એટલે ભૂતકાળમાં ભૂતકાળ ભૂલી જાઓ, પ્રેમભાવમાં વર્તમાન ખડો કરો.

मि - मृदुत्व: भाव: - कायतोविनयावनम्रस्य
मार्दवस्य भाव: - भावतो नम्रता दर्शिता

छा - असंयमयोग लक्षणानां दोषाणां छादने -
स्थगने - अपुनरासेवने

मि - चारित्ररूपायां मर्यादायां व्यवस्थितोऽहं

दु - जुगुप्से - निन्दामि दुष्कृतकर्मकारिणमात्मानम्

क - कृतं मया नान्येन विराधना सेवनरूपं पापं

ड - डीयेलंघयामि तत् पापं उपशमेन
करणभूतेन दहामि भस्मसात्करोमि ।

## मिच्छा सामाचारी

'मिच्छामि दुक्कडं'नो प्रकटार्थ : स्वदोष प्रतिपत्तिपूर्वक पश्चात्ताप प्रकर्ष प्रकाशन - गर्भं वाक्यम् ।

(૧) સંવેગગર્ભ: શુદ્ધ ભાવ, પ્રશસ્ત અધ્યવસાયપૂર્વક 'ફરી આ ભૂલ નહિ જ કરું' એ તીવ્ર અધ્યવસાયથી કરેલું વાક્ય.

(૨) જે અધ્યવસાયથી મિથ્યાચાર થયો હોય, તેના કરતાં તીવ્રતર અધ્યવસાયથી મિથ્યા દુષ્કૃતનું દાન મિથ્યા આચરણજનિત દોષ કર્મનો છેદ કરે છે.

(3) કાયા અને મનથી બધુ જાણીને દોષોના સ્થગન-અપુનરાસેવનના નિશ્ચય સાથે ચારિત્રમર્યાદામાં રહેલો હું મારા દુષ્કૃતકર્મકારિ આત્માને નિંદુ છું.
મેં કરેલાં પ્રણ જાળવ્યાં નહિ, એવા પાપને તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, પૃચ્છા, પ્રતિપૃચ્છા, છંદના, ઉપસંપદા ઉપરાંત નિમંત્રણા વગેરેથી નિંદુ છું.
સિંહાવલોકન ન્યાયે મન-વચન-કાયાના વ્યાપારોની સાર્થકતા-નિરર્થકતા વારંવાર જોયા તથા વિચારવા.

પરિણામ દુઃખ

વિષયસુખનું પરિણામ દુઃખ છે,
કારણકે વિષયસુખો ભોગવવાથી તૃષ્ણા વધે છે,
તેથી અધિક મેળવવાની ઇચ્છા વધે છે.
પરિણામે અશાંતિ અને દુઃખ વધતું જ રહ્યાં કરે છે.
વિષયનું સુખ પ્રથમ અમૃતરૂપ પ્રતીત થાય છે,
પરિણામે વિષરૂપ બની જાય છે, એનું આ રહસ્ય છે.
દુઃખને રડે તે દુર્ધ્યાન, પાપને રડે તે ધર્મધ્યાન.
સુખ-દુઃખ વિષે એક કહેવત છે કે:
સુખમાં રમે, તે ભવમાં ભમે અને
દુઃખમાં રડે, તે ભવકૂપમાં પડે.

## તાપ દુઃખ

વિષયસુખના અનુભવકાળે પણ વિષયના ઉપભોગમાં અંતરાય નાંખનારી વસ્તુઓ પ્રત્યે દ્વેષ ચાલુ હોય છે, તેમાં વિષયસુખો મેળવવાની ઉત્સુકતા અને તે સર્વ સુખ ચાલી જવાની અરતિ જોડેલી હોય છે. સુખાનુભવકાળે જે અરતિ - ભય - ઉત્સુકતા અને દ્વેષ કાયમ રહે છે, તે તાપ - ચિંતાના સંતાપરૂપ દુઃખ છે.

## સંસ્કાર દુઃખ

સુખાનુભવથી ચિત્ત ઉપર તેના સંસ્કાર પડે છે, વળી સુખનું સ્મરણ થાય છે અને સુખમાં ફરી રાગ જન્મતાં તેને વશ બની તેને પ્રાપ્ત કરવા શુભાશુભ કર્મ કરે છે. કર્મથી જન્મ અને જન્મથી કર્મ થયાં જ કરે છે. કર્મથી સુખદુઃખાનુભવ અને તેના સંસ્કારો ઇત્યાદિની પરંપરા લંબાતી જ જાય છે. એમ આ સંસ્કારદુઃખો એક સ્કંધથી અન્ય સ્કંધે ભાર બદલાય છે, પરન્તુ તે ભાર નિવૃત્ત થતો નથી, તેમ તે ઇંદ્રિયોના આહ્લાદમાં દુઃખનો સંસ્કાર દૂર કરે છે પણ દુઃખ નિવૃત્ત થતું નથી. સુખ, દુઃખ કે મોહ - આ ત્રણે ત્રણ વૃત્તિઓ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં દુઃખત્વ - જાતિથી એક જ છે.

## પૂઠ તથા વિવેકીઓને મન વિષયસુખ

ઇંદ્રિયોના ભોગોથી ઉદ્‌ભવતો વિચિત્રરૂપ વિલાસ વિવેકીઓને મન ક્રોધાયમાન સર્પની ફેણના વિસ્તારની ઉપમાને લાયક છે. અવિવેકી પુરુષ આ સર્વ દુઃખોનો વિચાર કરી શકતો નથી, તેથી તે વિષયસુખમાં ફસાય છે અને જ્યારે તેનું પરિણામ ભોગવવું પડે છે, ત્યારે દુઃખી થાય છે, પરંતુ ભોગવતા રહ્યા બાદ ભૂલી જાય છે.

વિચારશીલને આ સૂક્ષ્મ દુઃખ પણ ખટકે છે.

વિષયસુખમાં છૂપું દુઃખ રહેલું છે, તે સાધારણ લોકને જ્ઞાત હોતું નથી પણ વિવેકી અને જ્ઞાની લોકને તો

સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ પણ જ્ઞાત હોય છે,
તેથી તેઓ વિષયસુખમાં ફસાતાં નથી.

વિનય એ દિવ્ય વશીકરણ છે અને
સદાચાર એ સાચી સ્વર્ણસિદ્ધિ છે.

જગતને સુધારવા હોય, તો સૌ પ્રથમ જાતને સુધારો.

જે પરમાત્માને ચાહે, તેને સમસ્ત જગત ચાહે છે.

પુણ્યકર્મ પણ પાપકર્મની જેમ બંધન-બેડી છે,
પુણ્યનું ફળ સુખ પણ એક પ્રકારનું દુઃખ જ છે.
પાપની જેમ પુણ્ય પણ કર્મોદયકૃત છે.

મૂઢ આત્માઓને દુઃખના પ્રતિકારમાં જ સુખબુદ્ધિ થાય છે.
દેવેન્દ્રો અને ચક્રવર્તીઓની દેહપુષ્ટિ
મહાન [illegible] ભોગ પરિણામે અતિદારૂણ છે.
સુખમાની જળોરુધિરને પીવાથી અધિક દુઃખી થાય છે.
દુનિયામાં બધું આપણી ઇચ્છા મુજબ જ થાય, એવી
અપેક્ષા રાખવામાં ભારોભાર અજ્ઞાન - મૂર્ખતા રહેલાં છે.

<u>ઉત્તમમાં ઉત્તમ સદ્ભાગ્યની નિશાની કઈ?</u>

પ્રભુશાસનની ભાવથી પ્રાપ્તિ કરવાની લાલસા પણ
ખરેખર ઉત્તમમાં ઉત્તમ સદ્ભાગ્યની નિશાની છે.
પ્રભુશાસનનો સ્વાદ સમજ્યા વિના ભાવથી
પ્રભુશાસન પ્રાપ્ત કરવાના મનોરથો પણ થતાં નથી.
પ્રભુશાસનના સ્વાદને પામેલાં જીવો
એના સિવાય અન્યત્ર સાચો સ્વાદ પામતાં નથી.
નિર્ભયતા સારી પણ નિર્ભય દેખાવા માટે આક્રમક થવાની
કે બીજાનું અપમાન કરવાની જરૂર નથી. સ્પષ્ટ અને
સત્યવક્તા થવું સારું, એ માટે કડવા થવાની જરૂર નથી.
સાથે નમ્રતા અને મધુરતાથી કહેવાય તો સાંભળનારને
ધક્કો ન લાગે. મધ્યમ માર્ગે ચાલવું. સુખ, સમૃદ્ધિ અને
સ્નેહસંબંધોની સ્થિરતા માટે પ્રમાણભાન જરૂરી છે.

## કાયોત્સર્ગ એટલે...

ધ્યાનથી મનને, મૌનથી વચનને અને એક જ સ્થાનથી કાયાને સ્થિર કરી કાયાના મમત્વનો ત્યાગ કરવો તે.

આપણી સઘળી પ્રવૃત્તિ એક આત્મશોધનના ધ્યેયથી જ થયા કરે, એટલી વિચક્ષણતા પામી જવાય, તે પછી બીજા કરવાનું કશું જ કારણ રહેતું નથી. પ્રાણાયામ (રેચક, પૂરક, કુંભક)ના અભ્યાસમાં ધ્યાનનો વિષય શરૂ કરીને ષટ્ચક્રભેદમાં પ્રભુચિંતવન સાથે આત્મપરિણતિ ઉત્તમ બનાવનાર મૈત્ર્યાદિ ભાવનાઓના સતત ચિંતવનથી ઉત્તમાત્માનંદનો અનુભવ થઈ શકે છે. સમુદ્રની અહોનિશ ગર્જનાની જેમ વાયુમંડળમાં અનાહત નાદ સતત ગુંજતો રહે છે. શ્વાસ લેતી વખતે 'સો' અને મૂકતી વખતે 'હં' એવો શબ્દ પ્રકટ થાય છે, તે પ્રયત્ન વિના થતો હોવાથી '<u>અજપાજપ</u>' કહેવાય છે. વર્ણમાળાનો પ્રત્યેક અક્ષર મંત્રરૂપ છે. વર્ણોમાંથી શબ્દો બને તથા તેના આધારે ગદ્ય-પદ્યની રચના થાય અને તે વિચારો તથા ભાવોનું માધ્યમ બને છે. શાસ્ત્રો અને ગ્રન્થોનું મહત્ત્વ એટલાં માટે છે કે તેના દ્વારા આપણે શાસ્ત્રકર્તાના ભાવો જાણી ભાવવૃદ્ધિ કરી શકીએ છીએ.

## ચિત્તવૃત્તિની વાસનાઓ - સ્થાયી ભાવો

જન્માદિ જ જન્તુ જે સંવિદ્ વડે - સંવિદ્‌સહિત જન્મે છે,
તે સંવિદ્ - ચિત્તવૃત્તિઓ નીચે પ્રમાણે હોય છે:

રતિ : સર્વે જન્માદિ જ દુઃખદ્વેષી અને સુખાસ્વાદના લાલચુ હોય છે, તેથી સર્વે સુખની ઇચ્છા - રતિથી વ્યાપ્ત છે.

હાસ્ય : આત્મામાં ઉત્કર્ષના ગર્વથી પરની હાંસી કરે છે.

શોક : ઉત્કર્ષના અપહારની શંકાથી શોક કરે છે.

ક્રોધ : અપહાર પ્રત્યે ક્રોધ કરે છે.

ઉત્સાહ : અપહારના હેતુના પરિહારાર્થે ઉત્સાહ ધારણ કરે છે.

ભય : વિનિપાતથી ભય પામે છે.

જુગુપ્સા : કાંઈક અયુક્તપણું માનીને જુગુપ્સા કરે છે.

વિસ્મય : પરકર્તવ્યની વિચિત્રતા જોઈને વિસ્મય પામે છે.

શમ : કાંઈક છોડવાની ઇચ્છાવાળો સાધક
વૈરાગ્યપૂર્વક પ્રશમને ભજે છે.

## ચિત્તવૃત્તિની વાસનાઓ - સ્થાયી ભાવોમાં...

રતિ = પરસ્પરાસ્થા બન્ધાત્મિક, હાસ = ચિત્તવિકાસ,
શોક = ચિત્તની વિધુરતા, ક્રોધ = તીક્ષ્ણ પ્રબોધ,
ઉત્સાહ = સંરંભ સ્થેયાન્, ભય = વૈક્લવ્ય,
જુગુપ્સા = સંકોચ, વિસ્મય = વિસ્તાર, શમ = તૃષ્ણાક્ષય.

## ચિત્તવૃત્તિની વાસનાઓ - વ્યભિચારી ભાવોમાં...

ધૃતિ = સંતોષ, સ્મૃતિ = સ્મરણ, મતિ = અર્થનિશ્ચય,
વ્રીડા = ચિત્તસંકોચ, જાડ્ય = અર્થ અપ્રતિપત્તિ,
વિષાદ = મનઃપીડા, મદ = આનંદસંમોહ સંભેદ,
વ્યાધિ = મનસ્તાપ, નિદ્રા = મનઃ સંમીલન,
સુપ્ત = નિદ્રાની ગાઢાવસ્થા, ઔત્સુક્ય = કાલાક્ષમત્વ,
અવહિત્થ = આકારગોપન, શંકા = અનિષ્ટ ઉત્પ્રેક્ષા,
ચાપલ = ચિત્તનું અનવસ્થાન,
આલસ્ય = પુરૂષાર્થોને વિષે અનાદર,
હર્ષ = ચિત્તનો પ્રસાદ, ગર્વ = પરની અવજ્ઞા,
ઔગ્ર્ય = ચંડત્વ, પ્રબોધ = વિનિદ્રત્વમ્,
ગ્લાનિ = બલાપચય, દૈન્ય = અનૌજસ્યમ્,
શ્રમ = મનઃશરીર ખેદ, ઉન્માદ = ચિત્તવિપ્લવ,
મોહ = મૂઢત્વ, ચિન્તા = ધ્યાન, અમર્ષ = પ્રતિચિકીર્ષા,
ત્રાસ = ચિત્ત ચમત્કાર, અપસ્માર = આવેશ,
નિર્વેદ = સ્વઅવમાનન, આવેગ = સંભ્રમ,
વિતર્ક = સંભાવના, અસૂયા = અક્ષમા, મૃતિ = મ્રિયમાણતા.

### ચિત્તવૃત્તિમાં અધિકતા - ન્યૂનતા

આ જાતની ચિત્તવૃત્તિની વાસનાથી શૂન્ય પ્રાણી હોતો નથી.

કોઈમાં કોઈ અધિક હોય છે, કોઈમાં કોઈક ન્યૂન હોય છે.
કોઈની ઉચિત વિષયોથી નિયંત્રિત - કોઈની અન્યથા હોય,
તેથી ફરક જ પુરુષાર્થને ઉપયોગી હોય છે.
એ વિભાગોથી જ ઉત્તમ પ્રકૃતિ આદિનો વ્યવહાર થાય છે.

## કાળજીપૂર્વકનું જીવન કેવી રીતે જીવવું?

ઘી રાખમાં જાય, તો ઢોળાઈ ગયું ગણાય પણ અગ્નિમાં
પડે તો ખરેખર ભડકો થઈને આજુબાજુનું બધું બાળી નાંખે,
એમ જ્યારે મળેલ બુદ્ધિ, શક્તિ અને મનન-
ચિન્તનની શક્તિઓનો ઉપયોગ નિરર્થક કાર્યોમાં જ
ઢોળાઈ ન જાય અને આત્મોન્નતિના કાર્યોમાં જ
તેનો સદુપયોગ થાય, તેવા કાળજીપૂર્વકનું
જીવન જીવતાં આપણે શીખવું જોઈએ.
આહારની અસર શરીર અને મન ઉપર થાય છે,
તેથી ભોજન સાદું અને સાત્વિક જોઈએ.
નિષ્કામ ચરિત ભાવના - ઈચ્છાનો અભાવ અને
તે આત્માપાલનના અધ્યવસાય વડે જ શક્ય છે.
તે દ્વારા ચિત્તશાંતિ, ચિત્તશુદ્ધિ અને ચિત્તપ્રસન્નતા
સાધી શકાય છે. જીવન પરિવર્તનની પ્રક્રિયા આપણા
જીવનમાં અધ્યાત્મને મુખ્ય બનાવવાથી જ થાય છે.

षोडशक ४ - गाथा : १५ नहीं

षोडशक १३ - गाथा : ८ - ९ - १० - ११ - १२

करुणासार : करुणा - आतुर अपथ्य - आसेवनविषया-
स्वतंत्रताने आगळ करीने अपथ्य सेवन करनार
आतुरनी उपेक्षा जाणनारने करुणा करवी पडे छे ते.

अनुबन्धसार : कार्यविषयक प्रवाह परिणाम.
परिणामे लाभदायी अविरत कार्यने विषे
हितशिक्षा आपवा छतां अवधारणा करनारनी अवधारणा.

निर्वेदसार : सर्व गतिमां जन्म प्रकरणां दुःखोने
अनुभवतो जीव क्वचित् मनुष्य - देवादि गतिने विषे
सर्व इंद्रियोने उत्सव करावनारा अने सांसारिक
प्राणीओने आह्लाद आपनारा सुखविशेषने पामवा
छतां तेनी असारता अने कदाचित्कताने लईने तेनी
उपेक्षा करनार निर्वेदसारमां समावेश पामे छे.

तत्त्वसार : परमार्थ - वस्तु स्वभाव.
मनोज्ञ - अमनोज्ञ, ज्वालज्वालमक वस्तुओना
स्वभाव ने परमार्थने जाणतो - लोकने 'परमार्थथी
ज्वालज्वालमक वस्तुओ राग - द्वेषनी उत्पादक नथी,
किन्तु मोहादि विकल्पथी उत्पन्न थईने पोताना

દોષ - અપરાધ, એ જ કારણ છે' એમ વિચારતો નથી.
'પદાર્થો તો પોતાના સ્વરૂપમાં જ રહેવાને વ્યવસ્થિત
થયેલા છે' એમ જાણતો તે પદાર્થોને સુખદુઃખના હેતુનો
આશ્રય નહિ માનતો મધ્યસ્થભાવને અવલંબન કરે, તે
તત્ત્વસાર ઉપેક્ષા છે. નિર્વેદના અભાવે પણ તે હોય છે.

પ્રતિષ્ઠા એટલે... પોતાના આત્મામાં
પરમાત્મવિષયક ભાવનું બાહ્યસ્થાપના દ્વારા સ્થાપન.

'મૂર્તિમાં ભગવાનના ગુણો સ્થાપન કરેલા છે'
એવા જ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલ ભક્તિવિશેષથી
ભગવાનની જ પૂજાનું ફળ મળે છે.

તત્ત્વથી પ્રભુના ગુણોનું સ્થાપન સ્વ-આત્મામાં થાય છે,
પરન્તુ અભેદોપચારથી મૂર્તિમાં પણ થાય છે.
પરમાત્મવિષયક પોતાનો ભાવ ઉપચારથી પ્રભુમૂર્તિમાં
આરોપાય છે. ઉપચારનું નિમિત્ત સદૃશ આકારાદિ છે
અને તેનું પ્રયોજન ભગવાનના ગુણોનું સ્મરણાદિ છે.
(૧)'પ્રતિષ્ઠા કરાવનારનું અદૃષ્ટ પૂજાનું ફળ આપે છે'
એ મત ખોટો છે, એમ માનવાથી પ્રતિષ્ઠા કરાવનારના
અદૃષ્ટનો ક્ષય થવાથી પ્રતિમા અપૂજ્ય બનવાની આપત્તિ
આવે નથી. બીજાનું અદૃષ્ટ બીજામાં સંક્રમી શકતું નથી.

(૨) અન્ય મીમાંસકનો મત પણ ખોટો છે કે:
'પ્રતિજ્ઞાદિ ઉત્પન્ન થયેલ ચાંડાલાદિ સ્પર્શનિષ્ઠ
શક્તિ મૂલના ફલની પ્રયોજિકા છે.'
ચાંડાલાદિ સ્પર્શનું અધિકરણ
અને પ્રતિજ્ઞાનું અધિકરણ એક નથી.
વળી શક્તિ માનવાથી અપ્રતિષ્ઠિતપણાંના ભયવાળાને
મૂલફલની પ્રાપ્તિની આપત્તિ આવે છે.
(૩) ભિન્નાધિકારનો અન્ય મત પણ ખોટો છે કે:
'અસ્પૃશ્યસ્પર્શાભાવ વિશિષ્ટ પ્રતિજ્ઞા
અધ્વંસ મૂલફલ પ્રયોજક છે.' વળી તે ઉપરાંત
'અસ્પૃશ્યસ્પર્શાદિ સ્નાન - ભક્તિવિશેષમાં વ્યાઘાતક છે'
એ વાત સાચી હોવા છતાં અસ્પૃશ્યસ્પર્શાભાવ
વિશિષ્ટ પ્રતિજ્ઞા અધ્વંસ મૂલફલ પ્રયોજક નથી.
ચાંડાલ આદિ સ્પર્શવ્યધિકરણ - ભિન્નાધિકરણ હોવાથી
પ્રતિજ્ઞાધ્વંસમાં રજ ભળતો નથી.
(૪) પ્રતિજ્ઞા એ ભક્તિવિશેષની આધાયક છે,
તેથી ફલવતી છે. સ્વપ્રતિજ્ઞા પિતૃત્વાદિ વિશેષો
પુરુષવિશેષમાં વિશેષ ભક્તિ આધાયક છે,
તેથી તે પણ ઉપકારક છે. -ષોડશક

## ષડ્દર્શનમાં આત્મા - અનાત્માના નામ

આત્માને જૈનો અને વેદાંતીઓ 'પુરુષ' કહે છે,
બૌદ્ધો તેને 'જ્ઞાન' અને સાંખ્યો તેને 'પુરુષ' કહે છે.
આત્માથી અન્ય વસ્તુ - તેને જૈનો 'કર્મ' કહે છે,
બૌદ્ધો અને વેદાંતીઓ 'અવિદ્યા' કહે છે અને
સાંખ્યો તેને 'પ્રકૃતિ' કહે છે.
આત્મા અને કર્મના સંયોગને જૈનો 'બંધ' કહે છે,
બૌદ્ધો અને વેદાંતીઓ 'ભ્રાંતિ' કહે છે તથા
સાંખ્યો તેને 'પ્રવૃત્તિ' કહે છે.
કર્મનો બંધ, અવિદ્યાની ભ્રાંતિ અને પ્રકૃતિની પ્રવૃત્તિ.
કર્મબંધની યોગ્યતાને જૈનો 'ભવ્યત્વ - અભવ્યત્વ' કહે છે,
સાંખ્યો તેને 'દિદૃક્ષા' (પ્રકૃતિના વિકારોને દેખવાની
ઇચ્છા) કહે છે, શૈવો તેને 'ભવબીજ' કહે છે, વળી
વેદાંતીઓ તેને 'અનાદિ ભ્રાંતિ' અને
બૌદ્ધો તેને અનાદિ ક્લેશરૂપ 'વાસના' કહે છે.

० हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ।
अनिच्छयाऽपि संस्पृष्टो दहत्येव हि पावकः ॥१॥
अच्युतानन्तगोविन्दनामोच्चारणभेषजात् ।
नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहम् ॥१॥

(પરિશિષ્ટ-૧૨)

ધ્યાન = બ્રહ્મની વિરાટ ચેતના સાથે તાદાત્મ્ય

જ્ઞાનમાર્ગમાં સકળ જ્ઞાનના આધાર એવા આત્મતત્ત્વ સાથે ધ્યાન વડે સીધો સંબંધ પ્રસ્થાપિત કરવાનો ધ્યેય છે. પ્રથમ અંતરાત્મા સાથે અને ત્યારબાદ પરમાત્મા યા બ્રહ્મની વિરાટ ચેતના સાથે તાદાત્મ્ય સાધવાનું રહે છે. લોકો જેને જ્ઞાન કહે છે, એ તો માત્ર માહિતી છે.

જે વ્યક્તિને આત્મતત્ત્વનો અનુભવ અથવા સાક્ષાત્કાર થયો નથી, તેને જ્ઞાનની ગહનતા સમજાય નહિ. પુસ્તકો વાંચીને કોઈ જ્ઞાની બનવાનો દાવો કરી શકે નહિ. પુસ્તકિયો જ્ઞાની મુશ્કેલીમાં ડગી જાય, જ્યારે અનુભૂતિ પામેલો જ્ઞાની વિકટ પરિસ્થિતિમાં અચલ રહી શકે છે. ધ્યાન એ સત્યની શોધનું માધ્યમ છે. ધ્યાનના બે પ્રકાર ધર્મ - શુક્લ, તેમાં ધર્મ એ વસ્તુસ્વભાવ છે. વસ્તુના અસલ પર્યાયોને જ્ઞાત કરવાનું સાધન ધ્યાન છે. નિર્વાણ કોઈ સ્થિતિનું નહિ પણ મુક્તાત્માનું નામ છે. પ્રાણીમાત્ર પ્રતિ આત્મૌપમ્ય દૃષ્ટિ અહિંસાનું બીજ છે. મોક્ષમાં નિમિત્ત કારણ દેહ - ગુરુ - ધર્મ છે અને ઉપાદાન કારણ આત્મા પોતે છે.

નિર્વાણ તે શુદ્ધ સ્વરૂપમાં અવસ્થાન છે.

## મૂળ તત્ત્વ બે છે : જીવ અને અજીવ.

બાકીના પાંચ તત્ત્વ પણ આ બેથી ભિન્ન નથી.
ભાવાસ્રવ, ભાવસંવર, ભાવબંધ, ભાવનિર્જરા અને
ભાવમોક્ષ જીવ રૂપ છે, દ્રવ્યાસ્રવાદિ અજીવ રૂપ છે.
દ્રવ્ય અને ભાવ પરસ્પર સંબંધે છે.
દ્રવ્ય વિના ભાવ નહિ અને ભાવ વિના દ્રવ્ય નહિ.
દ્રવ્યાસ્રવાદિનું મૂળ તો જીવનો ભાવ જ છે.
જીવ પોતાના ભાવોની સંભાળ રાખે, તો મુક્ત બની શકે.
સમ્યગ્દૃષ્ટિ એ તત્ત્વથી આત્મદૃષ્ટિ જ છે.
દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ આત્મગુણ હોવાથી આત્મરૂપ છે.
મોક્ષ અને મોક્ષનું કારણ પણ આત્મા જ છે.
કર્મમલથી ભિન્ન આત્મા ધ્યાનાદિ પ્રક્રિયા દ્વારા
કર્મમલનો નાશ કરી સ્વયં શુદ્ધ બની શકે છે.
'કાષ્ઠા સ્થિતિ' શબ્દ 'નીચે ન પડવું' એમ જણાવે છે.
'કૃતનિર્વાહણ' પદ 'ઉપર ન ચઢવું' તેમ કહે છે.
'કૃતનિર્વાહણ' શબ્દ એટલે સદા - સર્વદા
એક જાગૃત અને સ્થિર જ્ઞાનની દશામાં રહેવું તે.
જીવનો પોતાનો સ્વભાવ માને જ્ઞાન - દર્શન લક્ષણ
એ જ એકમાત્ર શરણ - ધર્મસ્વોપલબ્ધિનો માર્ગ છે.

ધર્મ એટલે સ્વભાવ - અને આત્માને માટે
દ્વીપ, પ્રતિષ્ઠા, ગતિ, ત્રાણ અને શરણ છે.

કાયોત્સર્ગની ક્રિયા એટલે...

કાયાને આત્માથી અલગ અનુભવવાની ક્રિયા.
તે વડે કાયાના માત્ર દૃષ્ટા બનાય છે.
તપનું તાત્પર્ય દેહથી આત્માને ભિન્ન અનુભવવો તે છે.

ભાવ કાયોત્સર્ગ એટલે...

અહં - મમભાવનો ઉત્સર્ગ - વિસર્જન.
ઉત્સર્ગની ક્ષણમાં જ સ્વરૂપનું દર્શન થાય છે.

'મોક્ષ' એટલે શેની પિછાન?

નિશ્ચય દૃષ્ટિથી આત્મા સ્વયં મોક્ષસ્વરૂપ છે.
નિશ્ચયથી આત્મામાં બંધ - વિકલ્પ - દ્વન્દ્વ - દ્વૈત નથી.
તે કદી પુદ્ગલરૂપ થતો નથી. સદા અંતરંગ, સ્વચ્છ,
ચિદાનંદ જ્ઞાનદર્શનસ્વરૂપ છે. સૌથી નિકટ - ઉજ્જ્વળ છે.
સમસ્ત બંધનો, ઉલઝનો અને દ્વન્દ્વોની ઉપર ઉઠી
પોતાની સ્વતંત્ર સત્તાની પિછાન કરવી, તે 'મોક્ષ' છે
અને આત્માનુભવ તેનું મુખ્ય સાધન છે. કહ્યું છે કે:
'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ...(૨)'

## આઠ પ્રકારના આનંદ

પરમાનંદ, સહજાનંદ, વરાનંદ અને યોગાનંદ.

શરીર નૌકા છે, આત્મા નાવિક છે,
સંસાર સમુદ્ર છે તથા પરમેષ્ઠિ નિર્યામક છે. મુમુક્ષુ પરમેષ્ઠિ નમસ્કાર વડે સંસારસાગરને તરી જાય છે.

'સમાધિ' એટલે ધ્યેયાકાર થવું, પોતાપણું ભૂલી જવું,
બ્રહ્મ અને અહંનું ઐક્ય થવું.

તદેવાર્થમાત્ર નિર્ભાસં સ્વરૂપશૂન્યમિવ સમાધિઃ ।

બરફનો ટુકડો પાણીમાં ઓગળી પોતાપણું ભૂલી જઈ જલરૂપ થઈ જાય કે મીઠાનો ગાંગડો સમુદ્રમાં ઓગળી જઈ પોતાપણું વિસરી સમુદ્રરૂપ થાય, તેમ જે વૃત્તિ ધ્યેયાકાર થઈ જાય, અહંપણું આત્માકાર થઈ જાય, તે 'સમાધિ'.

વૃત્તિનું બ્રહ્મરૂપ થવું, એનું નામ 'સમાધિ' છે.

તેને ઉન્મની, મનોન્મની, લય, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, સહજાવસ્થા, તુર્યાવસ્થાદિ નામથી સંબોધાય છે.

શરીર - ઇન્દ્રિયશુદ્ધિ કરનારા આસન - પ્રાણાયામાદિ બહિરંગ તથા મનશુદ્ધિ કરનારા ધારણા - ધ્યાનાદિ અંતરંગ સાધન છે.

ત્રિપુટી રહે, ત્યાં સુધી સવિકલ્પ - સંપ્રજ્ઞાત તથા તેનો લય થાય, ત્યારે નિર્વિકલ્પ - અસંપ્રજ્ઞાત સમાધિ છે.

સંપ્રજ્ઞાત - અસંપ્રજ્ઞાત સમાધિને અનુક્રમે
સવિતર્ક - નિર્વિતર્ક, સબીજ - નિર્બીજ પણ કહે છે.
પ્રાણસહિત વૃત્તિ બ્રહ્મરંધ્રમાં જાય, ત્યારે
જે સમાધિ થાય, તે મુક્તિનું અનંતર કારણ છે.
કાળવંચન કરવું હોય, તો મરણ નજીક આવે, ત્યારે
પ્રાણસહિત વૃત્તિને બ્રહ્મરંધ્રમાં લઈ જઈને જો
સમાધિ કરવામાં આવે છે, તો મૃત્યુ પણ ટળાય છે.
મરણ સમય પહેલાં જો અભ્યાસ સિદ્ધ કર્યો હોય,
તેનાથી જ શક્ય છે. પ્રાણ અને મન બ્રહ્મરંધ્રમાં
સ્થિર થવાથી શરીરનો બધો જ વ્યાપાર બંધ થાય છે.
ત્યારે નાડીઓમાં લોહીનું અભિસરણ, પવનનું ચાલવું,
શરીરનું હલન - ચલન આદિ સર્વ બંધ થાય છે તથા
નખ અને વાળ પણ વધતાં અટકી જાય છે.
સમાધિમાંથી જાગૃત થયાં પછી શ્વાસ-પ્રશ્વાસની ગતિ
ચાલુ થાય અને પછી જ નખ-વાળનું વધવું શરૂ થાય છે.
આ સમાધિ પ્રાપ્ત કરનાર ધન્ય છે.
તે ફરી માતાના ઉદરમાં આવતો નથી, જન્મ-મરણ
પામતો નથી અને પરમ પદને, સ્વસ્વરૂપને પામે છે.
અહંનો બ્રહ્મમાં લય થવો, તે 'નિર્વિકલ્પ સમાધિ' છે.

V.V. Imp.

## જ્યોતિનાં દર્શન ક્યારે થાય ?

'નિર્વિકલ્પ સમાધિ' વખતે આત્માથી સહસ્ત્રદલમાં જતાં
વચ્ચે પાતળાં કાચ જેવો કફનો પડદો રહેલ છે,
તે પ્રભુની ગરમીથી ઓગળી જાય છે.

મન સાધારણ રીતે પાયુ (મૂલાધાર),
ઉપસ્થ (સ્વાધિષ્ઠાન) અને નાભિચક્ર (મણિપુર) - આ
ત્રણેમાં રહી આહાર - વિહારાદિ વિષયોપભોગ કરે છે.
એ ત્રણ ચક્રને વટાવીને આપણું મન જ્યારે
અનાહતચક્રમાં આવે, ત્યારે જ્યોતિનાં દર્શન થાય છે.
અહીંથી પણ નીચલી ભૂમિ ઉપર ઉતરી પડી શકે છે.
હૃદયચક્ર પસાર કરી જ્યારે મન કંઠચક્રમાં આવે છે,
ત્યારે ઈશ્વરીય વાર્તાલાપ ગમે છે. વિશુદ્ધિમાંથી તે
આજ્ઞાચક્રમાં આવે, પછી નીચે ઉતરી પડવાનો ભય નથી.
ત્યાં તેને ઈશ્વરનાં દર્શન થાય છે. ત્યાંથી નીચે ઉતરે
તો ય માત્ર કંઠ કે હૃદય સુધી, તેથી નીચે ઉતરતું નથી.

સ્વરૂપની ઉપલબ્ધિ, પછી સ્વરૂપનું ધ્યાન અને
છેલ્લે સ્વરૂપમય થવું, તે સમાધિ છે.

'સિદ્ધિઓ સમાધિમાં બાધક છે' તેનો અર્થ
સિદ્ધિઓ નિવૃત્તિમાંથી પ્રવૃત્તિમાં જોડે છે, તે છે.

લોકોને માટે જે મનહર છે,
તે યોગીને પ્રવૃત્તિ વધારનાર હોય છે, તેથી સમાધિમાં બાધક છે. સર્વોત્તમ સિદ્ધિ સ્વરૂપલાભ છે અને અન્યોને સ્વરૂપ સન્મુખ કરવા તે છે, તેથી જનહિત અને આત્મહિત - ઉભય સધાય છે.

## મરણ આગાઉ શું થાય છે?

મરણ આગાઉ નાદ સંભળાતો બંધ થાય છે, અંદર પ્રકાશ અને ચક્રના દેવો ય દેખાતાં બંધ થાય છે પણ સ્વસ્વરૂપનું ભાન કાયમ રહે છે.

મરણ સમયે રોગાદિ પીડાથી શરીરનાં પ્રાણ પોતપોતાના સ્થાનને છોડવા માંડે છે, વળી વૃત્તિ અંતર્મુખ થાય છે. તેથી બેભાન અવસ્થા વખતે દુઃખ જણાતું જ નથી. શરીર છોડતી વખતે ૧૦ ઇંદ્રિય, ૫ પ્રાણ અને મન-બુદ્ધિ મળીને ૧૭ તત્ત્વોનું સૂક્ષ્મ શરીર નીકળી જાય છે. તેને વાયુમય - લિંગ શરીર કે અંતવાહક પણ કહે છે. આ શરીર અનેક જન્મ-જન્માંતરોના શુભાશુભ કર્મોનાં સંસ્કારયુક્ત હોવાથી તેને વાસનામય શરીર પણ કહે છે. આ શુભાશુભ સંસ્કારો પ્રાણ સાથે વરાળરૂપે રહેલ જળની જેમ ઓતપ્રોત હોવાથી જળશરીર પણ કહે છે.

ભાવશરીર એ સૂક્ષ્મ શરીર રૂપ પ્રકૃતિ
વાયુ અને જળ મિશ્રિત શ્વેત વરાળરૂપ હોય છે.
એની ગતિ વાયુ, સૂર્ય તથા અગ્નિ દ્વારા ઊર્ધ્વ થાય છે.
શરીર છોડતી વખતે પાપાત્માને શ્યામ પુરુષ દેખાય છે
અને ધર્માત્માને શ્વેત પુરુષ દેખાય છે.
કાળો એ યમ છે અને શ્વેત એ ધર્મ છે.

Imp મનુષ્ય શરીરમાં જળનું પ્રાધાન્ય છે.
અનેક વાસનાઓથી સંસ્કારિત વરાળરૂપ જળની અગ્નિમાં
આહુતિ થવાથી સોમ થાય છે. સોમની પર્જન્યરૂપ અગ્નિમાં
આહુતિથી પૃથ્વીરૂપ અગ્નિમાં રૂપાંતર થઈ અન્ન થાય છે.
અન્નની પુરુષાગ્નિમાં આહુતિથી વીર્ય થાય અને વીર્યની
યોષિતાગ્નિમાં આહુતિથી રૂપાંતર થઈ ગર્ભ થાય છે.
ગર્ભનું કારણ વીર્ય, વીર્યનું કારણ અન્ન,
અન્નનું કારણ જળ અને જળનું કારણ અગ્નિ તથા
તેનું મૂળ શ્રદ્ધા પ્રકૃતિ જાણવું.
જળ મિશ્રિત દૃઢ વાસનાઓ એ શ્રદ્ધાશરીર છે.
જીવ એ પાંચે અવસ્થામાં બેભાન - મૂર્છિત રહે છે.
વાયુમાં, અન્નમાં, વર્ષામાં, સોમમાં અને શ્રદ્ધા
(આપ-જળ)માં જીવ સાથે અંતઃકરણનો સંબંધ રહે છે.

પ્રથમ અગ્નિ દ્યુલોક (સ્વર્ગ: પરલોક, પૃથ્વી: આકાશલોક),
બીજો અગ્નિ પર્જન્ય, ત્રીજો અગ્નિ પૃથ્વી,
ચોથો અગ્નિ પુરુષ અને પાંચમો અગ્નિ સ્ત્રી.
જન્મ્યા પછી ગર્ભમાં હલનચલન અને શુદ્ધિ આવે છે.
જન્મનું કારણ વાસનામય શરીર છે, તેનો ક્ષય થાય,
એટલે કે સૂક્ષ્મ શરીરનો લય થાય છે. એ લય પછી
એનો જન્મ થતો નથી, તેથી મરણ પણ નથી.
દેવયાન, ઉત્તરાયન અને અર્ચિમાર્ગ સમાનાર્થક છે.
પિતૃયાનને ધૂમમાર્ગ અને દક્ષિણાયન પણ કહેવાય છે.
એ બે સિવાયની ભૂત-પ્રેતાદિ ગતિને 'અવગતિ' કહે છે.
મૃત્યુથી ભય કેવો? એ તો જીવનની સર્વોત્તમ ક્ષણ છે.
મૃત્યુનો ભય કાલ્પનિક છે. તે એક અનિવાર્ય પ્રાકૃતિક
તત્ત્વ છે. જીવન એક યજ્ઞ છે. જન્મ એ પ્રથમ આહુતિ
અને મૃત્યુ એ જીવનયજ્ઞની અંતિમ-પૂર્ણ આહુતિ છે.
નિદ્રા વખતે સ્થૂળ દેહથી સૂક્ષ્મ શરીર જુદું પડે છે.
તેને વિચારવાથી સ્થૂળ-સૂક્ષ્મ શરીર અને
આત્માનું પાર્થક્ય અનુભવી શકાય છે. શરીર જ્યારે
શાંત થાય છે, તે વખતે પણ જીવ તેને જાણે છે.
આ પ્રકારના ધ્યાનથી મૃત્યુનો સાક્ષાત્કાર થાય છે.

धर्मादर्थः प्रभवति धर्मात्प्रभवते सुखम् ।
धर्मेण लभते सर्वं धर्मसारमिदं जगत् ॥ (परिशिष्ट-१३)

સદ્ગુરુના સમાગમથી દિલમાંના મિથ્યાત્વના
પડળ ભેદાય છે અને દુર્ગતિના દરવાજા બંધ થાય છે.
નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ થાય છે અને
અનંત જન્મ-મરણની પરંપરા નાશ પામે છે.

રામકૃષ્ણ પરમહંસ કહે છે કે :

પોતાની લાકડી અને મૃત્યુરૂપી વાઘ સદા ય ત્રાડ પાડતાં
ઉભા હોય, ત્યારે પાપમાં રક્ત કેવી રીતે રહી શકાય?
તું નાવ તો છોડ! સઢ તો ખોલ!
પ્રભુની દયા પ્રતિક્ષણ તને લઈ જવા ઉત્સુક છે.

મહર્ષિ અંગીરા કહે છે કે :

જેવી રીતે નદીના ધસમસતાં પ્રવાહમાં રેતીનાં કેટલાંક
કણો ભેગાં થાય છે, અમુક સમય સુધી સાથે રહે છે
અને ફરીથી વિખરાય છે, એવી રીતે
સંસારના પ્રવાહમાં પ્રાણીઓ ભેગાં થાય છે,
અમુક સમય સાથે રહે છે અને ફરીથી છૂટાં પડે છે.
'આ તારો પુત્ર અને તું એનો પિતા'
એવો કોઈ સનાતન નિયમ નથી.

## જીવનમાં સદ્ગુરુની સહાય પરમ ઉપયોગી

કામ - ક્રોધ - લોભ - મોહ - માયા - મમતા આદિના યુદ્ધમાં સદ્ગુરુની સહાય, એમના વચનનું પાલન, એમના ઉપદેશના લગામ બહુ જરૂરી - ઉપયોગી નીવડવાના છે.

એવા સાધુ સોંઘા નથી, પ્રયત્ને મળે એવા છે. આવા સાધુ મળે, આવા સાધુતાનો સ્પર્શમાત્ર થાય, તો જ તારા - મારાનું મમત્વ છૂટે, સૌ જીવો તરફ આત્મભાવ વ્યાપી રહે, મન રાગ-દ્વેષરહિત નિર્મળ બને. એ મન પરબ્રહ્મ પરમાત્મામાં તદ્રૂપ રહે, તો અભિમાન-ગર્વ ગળે, કામવાસના ટળે, ઈંદ્રિયો કાબૂમાં આવી જાય, મનનાં તરંગો આડાં ન આવે, આંતરઆનંદ વ્યાપી રહે, જીવન પરને ઉપકારી બની રહે અને એ રીતે સાચા જોતાના સાંનિધ્યમાં, સુખધામમાં જીવન મહેંકી ઊઠે, આપત્કાળમાં દુઃખ ન રહે. અતિ બળિષ્ઠ રિપુઓ સાથેની લડાઈમાં આપણે એ રીતે સાબદા થઈ જવાની જરૂર છે.

ધારણા = અવિચ્યુતિ, સ્મૃતિ, વાસના.

બુદ્ધિ = ઔત્પત્તિકી આદિ - અપાયરૂપ.

ઈહા = વિચારણારૂપ. મતિ = અવગ્રહરૂપ.

વિતર્ક = ઊહરૂપ. ઉપયોગ = વાસનારૂપ.

## ધર્મ = અહિંસા - સંયમ - તપ

અહિંસાસ્વરૂપ ધર્મના પાલન માટે સુખમાં સંયમ
અને દુઃખમાં તપ યા સહિષ્ણુતા - એ બે સાધન છે.
સુખ અને દુઃખ ઉભય પ્રસંગો ધર્મમય બને,
એ માટે સંયમ અને તપ - ઉભયની જરૂર છે.
અહિંસા = આત્મૌપમ્ય યા આત્માના ભાવપ્રાણની રક્ષા,
તે સંયમ અને તપના અભ્યાસ વડે જ થઈ શકે છે,
તેથી ધર્મનું સ્વરૂપ અહિંસા - સંયમ - તપને કહેલ છે
અને તે ધર્મ ઉત્કૃષ્ટ મંગળરૂપ બને છે. ધર્મ સ્વભાવ
રૂપ હોવાથી અતર્કગોચર છે, તર્કમાં સ્વયં બળ નથી.
સ્વભાવ તર્કથી નહિ પણ સત્ય વસ્તુ ઉપરની
શ્રદ્ધાથી જ ગ્રહણ થઈ શકે છે.
વિશ્વ ઉપર પ્રભાવ ધર્મનો યાને વસ્તુસ્વભાવનો છે.
સ્વભાવ અપરિહાર્ય છે. આત્મા સ્વસ્વભાવમાં આવે,
ત્યારે બીજું બળ અપરિમેય બની જાય છે.
ધર્મની ક્રિયા જીવને સ્વભાવ તરફ લઈ જાય છે.

## ધર્મ તથા અધર્મની સ્પષ્ટ વ્યાખ્યા

જે સ્વભાવ તરફ લઈ જાય, તે ધર્મ અને
જે વિભાવ તરફ લઈ જાય, તે અધર્મ.

સુખનો વિરોધી શબ્દ દુઃખ છે પણ આનંદનો વિરોધી કોઈ શબ્દ નથી, તેથી આનંદ એ આત્માનું સ્વરૂપ છે અને તે સંયમ અને સંતોષમાં વસે છે.

દ્વીતી એટલે દ્વૈત અને અદ્વીતી એટલે અદ્વૈત.

ભેદબુદ્ધિ સર્વ દુઃખોનું મૂળ - હું અને મારું એનાં સંતાન.

માયા એટલે કાયાનું સ્મરણ તથા આત્માનું વિસ્મરણ.

સ્વર્ગ - નરક = ભોગભૂમિ. મનુષ્યયોનિ = કર્મભૂમિ.

સંયમ = સુખનો સદુપયોગ. તપ = દુઃખનો સદુપયોગ.

સુખદુઃખ ઉભયને અહિંસારૂપી ધર્મનાં સાધન બનાવવા, એકનું નામ સંયમ અને એકનું નામ તપ છે.

પુદ્ગલને પોતાનું માનવું, તે નિશ્ચય મિથ્યાત્વ છે. કુદેવાદિને સુદેવાદિ માનવા, તે વ્યવહાર મિથ્યાત્વ છે. પરસ્પર ભેદ હોવા છતાં ભેદભાવ ન હોવો, એ જ સાચી સાધના છે. અરિહંતાદિ શ્રદ્ધેય પદો ઉપર શ્રદ્ધા રાખવી એ શુભભાવ - અશ્રદ્ધા કરવી, તે અશુભભાવ છે. કેવળ ચિત્તનિરોધ એ જ ધ્યાન નથી, યોગોનો સુદૃઢ પ્રયત્નપૂર્વક પ્રશસ્ત વ્યાપાર અથવા વિદ્યમાન એવા યોગોનો નિરોધ એ પણ ધ્યાન જ છે. પરિજપન એ કેવળ વાગ્વ્યાપારરૂપ ક્રિયા નથી, ધારાવાહિક રટણ છે. મૌન જપ એ ફલસિદ્ધિનું સાધારણ કારણ છે.

સત્ત્વને નિર્મળ - લેશ્યાને વિશુદ્ધ કરવાના હેતુ છે:
તપ, ત્યાગ, ધ્યાન, વ્રત વગેરે અનુષ્ઠાનો.

સત્ત્વશુદ્ધિ, લેશ્યાની વિશુદ્ધિ, અધ્યવસાયની નિર્મળતા,
પરિણામની શુદ્ધિ વગેરે સર્વ પર્યાયવાચક શબ્દો છે.

સત્ત્વ જ્યારે રજસ્ (વિષય) - તમસ્ (કષાય)થી આવરાય,
ત્યારે તે સંસારનો હેતુ બને. રજ-તમોગુણરહિત સત્ત્વ
એ શક્તિથી ભરપૂર બને, સ્વર્ગ - મોક્ષનું કારણ થાય છે.
ધર્મથી સંતાન પેદા થાય, તે સત્પુરુષ - વીરપુરુષ બને છે.

ભાર પાપનો છે, મનુષ્યની વસતીનો નહિ.

સેવાથી લાભ શું ? આત્માનું સમાધાન અને શાંતિ.
પછી એ સેવા ભગવાનને અર્પણ કરી દેવાય,
તો તેથી મુક્તિ પણ મળે.

રોગીની પાસે પ્રાર્થના કરવાથી રોગીને શાંતિ મળે છે,
કદાચ મરણ પામે તો શાંતિપૂર્વક સદ્ગતિગામી બને છે.
'ચરકસંહિતા'માં લખ્યું છે કે :
રોગી પાસે બેસીને વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરવો.

બોધ માનસિક (Conceptual) હોય છે,
સંવેદન આત્મિક હોય છે. તત્ત્વબોધ જ્યારે
સંવેદનમાં પરિણમે, ત્યારે સ્વરૂપ - કાર્યસાધક થાય છે.

બુદ્ધિગમ્ય = Coceptual fact,
પ્રત્યક્ષગમ્ય = Perceptual fact,
ઋતં ચ સત્યં ચ | Real and factual.

પ્રત્યક્ષ કાર્ય કરનાર સત્ત્વગુણી, પ્રવૃત્તિક કાર્ય કરનાર રજોગુણી, ક્ષણિક જીવન જીવનાર તમોગુણી છે.
મગજની તંદુરસ્તીને જાળવી રાખવા માટે યોગ, જપ, પ્રાર્થના અને બીજાં આધ્યાત્મિક સાધનોની શક્તિઓ આજે સ્વીકારવામાં આવી રહી છે.

ખરો ઉદ્દેશ તો જીવન જ છે.

અપરિગ્રહના વ્રતનું રહસ્ય વિચારીએ જ કહી શકે છે. અપરિગ્રહ વ્રતની સાથે આજ્ઞાપાલન અને બ્રહ્મચર્ય વ્રત પણ આવશ્યક છે. ઉપરીઓની આજ્ઞા અને સાથીદારોનો સહકાર - બંને વસ્તુઓ પરસ્પર પૂરક છે.
'પોતાનું કામ પોતાનું નહિ પણ સાથીદારોનું છે' એમ માનવાથી સમૂહનો ટેકો અને હૂંફ મળે છે.
દુઃખ વેઠવાથી આત્મીયતા બંધાય છે. પરને સુધારવા કરતાં જાતને સુધારવાનો પ્રયત્ન વધુ કિંમતી છે.
આધ્યાત્મિકતા = આત્માભિમુખતા, તે દ્વારા આત્માનુભૂતિ અને સદાચાર અભિવ્યક્તિ શક્ય છે.

આધ્યાત્મિકતા = હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ.

આત્માને ઉદ્દેશીને થતી મન - વચન - કાયાની શુદ્ધ પ્રવૃત્તિ - તેને કહો 'આધ્યાત્મિકતા' કે તેને ટૂંકમાં આત્માને ઉદ્દેશીને થતું પંચાચારનું પાલન કહેવાય છે.

ઊર્જા = energy - શક્તિ.

ગાયત્રી મંત્ર : તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ,
ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

આ મંત્રમાં સૂર્યનારાયણની સર્જકશક્તિની પ્રાર્થના છે. સવારે ઉઠ્યાં બાદ અને રાત્રે સૂતાં પહેલાં રોજ ઓછામાં ઓછો એકેક કલાક પ્રાર્થના માટે કાઢવો જ જોઈએ અને એ પ્રાર્થના પોતાના એકલાં માટે નહિ, કિન્તુ પોતાના જેવા સૌ જીવોને માટે કરવી જોઈએ.

ચિત્તને કોની સાથે બાંધવું જોઈએ?

ધર્મશ્ચિત્તપ્રભવઃ । ચિત્તની વિશુદ્ધિ તે ધર્મ.

બાહ્ય સંયોગો અને આભ્યંતર ચિત્ત - એ બે જુદી વસ્તુઓ છે. ચિત્તને ભગવાન અને તેમના શ્રુત - ચારિત્રધર્મ સાથે બાંધવું જોઈએ.

આંતરિક વિશુદ્ધિ ચોવીસે કલાક રાખી શકાય.

કરજું દેવું ચૂકવવામાં દીનતા ન હોવી જોઈએ.

શ્રવણ કીર્તન ચિંતવન, સેવન વંદન ધ્યાન;
લઘુતા સમતા એકતા, નવધા ભક્તિ પ્રમાણ ...(૬)

કાયાથી વંદન, અર્ચન, સેવન, વચનથી શ્રવણ, કીર્તન, સ્મરણ ઉપરાંત મનથી લઘુતા, સમતા તથા એકતા.

૭ વ્યસનનો શું આપણે ખરેખર ત્યાગ કર્યો છે ખરો ?

દેહભાવમાં નિમગ્ન થવું - તે માંસભક્ષણ છે.
માંસભક્ષણ = દેહભાવમાં નિમજ્જન.
અશુભ વડે શુભને હારી જવું - તે દ્યુત છે.
જુગાર = અશુભ વડે શુભને હારી જવું.
મિથ્યાત્વમદિરાનું પાન - તે મદિરાપાન છે.
મદિરાપાન = મિથ્યાત્વનું સેવન.
કુમતિને વશ થવું - તે વેશ્યાગમન છે.
વેશ્યાગમન = કુમતિકુલટાનું વશવર્તીપણું.
નિર્દયતાથી પ્રાણનો ઘાત - તે શિકાર છે.
શિકાર = નિર્દયતાથી પ્રાણનો ઘાત.
પરપદાર્થ પ્રત્યે પ્રેમ - તે પરદારાસેવન છે.
પરદારાસેવન = પરપદાર્થ પ્રત્યે સ્નેહ.
પરભાવ વડે સ્વભાવની ચોરી - તે ચૌર્ય છે.
ચોરી = પરભાવ વડે સ્વભાવને લુંટવો.

જિનવચનનો રંગ = મનને જિનવચન સાથે બાંધવું.
જિનવચન કહે છે કે સંસારમાં સારું - નરસું થવામાં
કારણ ફક્ત જીવના પોતાના જ શુભ - અશુભ કર્મ છે.

મનુષ્યને મળેલું મન એ મહાન સંપત્તિ છે,
તેનું રક્ષણ કરવું, એ પરમ કર્તવ્ય છે.

સમકીત એ વ્રતનો પાયો છે.
સમકીત ગયાં પછી વ્રત ક્યાંથી રહે?

સાધર્મિકોને ધર્મની આરાધનામાં અનુકૂળ થવું,
એ 'વાત્સલ્ય' નામનો સમકીતનો આચાર છે.

મુનિને મમત્વ કાયા પર નહિ પણ આત્મા પર હોય છે.
આત્માનું સુધરતું હોય, તો તે કાયાને જતી પણ કરે.
શરીર ઉપરના ઉપસર્ગોને સહવામાં આત્માનું અનંત
સુખ રહેલું છે. કાયા તુચ્છ અને વિનાશી છે, જ્યારે
આત્મા મહાન અને અવિનાશી છે.

ચિત્તસમાધિનો ઉપાય આત્માને થતાં લાભનો વિચાર છે.
પ્રશસ્ત વિષયોના ધ્યાન અને ચિન્તન કરવાથી ચિત્ત
પ્રસન્ન બને છે. પ્રસન્ન બનેલાં ચિત્તમાં ઉત્તરોત્તર
કષાયોનું શમન થાય છે, તેથી ચિત્ત પ્રશાંત બને છે.
શાંત ચિત્ત ક્રમથી સમાહિત બને છે.

વિનય ગુરુ વડે પ્રસન્નતા, શ્રુત વડે પ્રશાંતતા તથા
શીલ વડે સમાહિતતા અનુભવાય છે.

વિનય વડે બહિરાત્મભાવનો ત્યાગ,
શ્રુત વડે અંતરાત્મભાવનો લાભ અને
શીલ વડે પરમાત્મભાવની અનુભૂતિ થાય છે.
તેને 'આત્મસમર્પણ' પણ કહેવાય છે.

ઇંદ્રિયોને વશ કરી મનને પરમાત્માના ગુણચિન્તનમાં જોડવાથી બુદ્ધિ સ્થિર થાય છે. ધ્યાનથી પ્રસન્નતા અને પ્રસન્નતાથી સ્થિરતા અનુભવાય છે.

ચિત્તપ્રસાદ ભાવઆરોગ્ય રૂપ છે, તેથી
બોધિ અને સમાધિલાભ થાય છે.

બોધિ પ્રશાંતતારૂપ છે તથા સમાધિ સમાહિતતારૂપ છે.

પ્રણિધાન = અશુભથી નિવર્તન,
સમાધાન = શુભમાં પ્રવર્તન, સમાધિ = માધ્યસ્થ્યાવલંબન,
કાયા = એકાગ્રતા વડે શ્વાસનું રૂંધન.

'નમો' નૈપાતિકપદ છે, તે શબ્દમાંથી નિઃશબ્દમાં અને ભેદથી અભેદ તરફ પ્રયાણ કરાવે છે. અર્થભાવનાથી-અર્થરૂપ થવું અને તે માટે અર્થની વિચારણા કરવી. વિચારણા objective - તે રૂપ થવું, તે subjective છે.

ઉહાવા, પોષ સુ - ૧૦ ને ગુરુવાર

ઉચિત વ્યવહારના પાલનપૂર્વક આત્મધ્યાન કરવાની આશા છે.
ઉચિત વ્યવહારના પાલન વિના ચિત્તશુદ્ધિ થતી નથી તથા
ચિત્તશુદ્ધિ વિના આત્મધ્યાન લાગુ પડતું નથી.

ઉચિત વ્યવહારનું પાલન એટલે...

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યયુક્તનું યથાયોગ્ય વર્તન. તેમાં દુષ્કૃતની ગર્હા, સુકૃતાનુમોદના, ચતુઃશરણગમન, અન્યના દાનાદિ ગુણો, અપુનર્બંધક અવસ્થા સુધીના ગુણનું અનુમોદન અને પોતાના નાના ગુણને પણ મોટાં તથા બીજાના નાના દોષને પણ ભયંકર માની લઘુતાનું ભાવન વગેરે સઘળી વસ્તુઓ આવી જાય છે. એ રીતે ચિત્તશુદ્ધિ કરીને પછી જે આત્મધ્યાન થાય છે, દેહ-વાણી-મન-બુદ્ધિ-ભાવ પણ કર્મકૃત ભાવોથી ભિન્ન એવું આત્મસ્વરૂપનું ભાવન થાય છે, તે જો તીવ્ર બને તો અંતર્મુહૂર્તમાં ઘાતીકર્મ ખપાવી કેવલજ્ઞાન અને મુક્તિનાં અવ્યાબાધ સુખને આપનાર થાય છે. જે આપણે કરવો છે, તે ધર્મ આપણા પહેલાં અને આપણાથી અધિક લોકોએ કર્યો છે, તેનું અનુમોદન, પ્રમોદ અને હર્ષ તથા જેથી તે

ધર્મને હજુ પામ્યા નહિ પણ પામવાની યોગ્યતાવાળા છે, તેઓને ધર્મ પમાડવાની ભાવના તથા જેઓ ધર્મને પામવા હજુ યોગ્ય નહિ, તેઓ પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ એ વિગેરે સર્વ ઉચિત વ્યવહારમાં સમાઈ જાય છે. સ્વઆત્માનો વિકાસ કરવા માટે અન્ય આત્માઓ સાથે ઉચિત ન્યાયપૂર્વકનો વ્યવહાર પ્રથમ કર્તવ્ય છે.

'ધર્મ' શબ્દનો પર્યાય જ 'ન્યાય' શબ્દ છે.

ધર્મ શબ્દની વ્યાખ્યા અંતે ન્યાયબુદ્ધિમાં સમાઈ જાય છે.

ધર્મનો પ્રારંભ પણ ન્યાયબુદ્ધિ છે અને ધર્મનો અંત પણ ન્યાય્ય વર્તનમાં જ પરિણામ પામે છે.

એ ન્યાય જ વિશ્વવ્યવસ્થાના મૂળમાં છે, તેથી ન્યાય એ સમગ્ર જગતનો સ્વભાવ છે, તેનો ભંગ શિક્ષાને પાત્ર અને તેનો આદર અનુગ્રહકારક છે. દુઃખીની દયાથી દુવા - ગુણીની ભક્તિથી મુક્તિ મળે, એ ન્યાયનું જ ફળ છે. કર્મવિજ્ઞાન ન્યાય શાસ્ત્ર છે અને ધર્મવિજ્ઞાન પણ ન્યાયના પાયા ઉપર રચેલ છે, તેથી મનુષ્ય જન્મનું કોઈપણ વિશિષ્ટ ફળ હોય, તો તે છે ન્યાયબુદ્ધિ કે બોધિ, તેના જ પાલનનું ફળ સમાધિ છે. બોધિ-સમાધિ જ અંતે સિદ્ધિગતિમાં પર્યવસાન પામે છે.

'મૈત્ર્યાદિભાવસંયુક્તં તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે ।'

ધર્મના લક્ષણમાં મૈત્ર્યાદિ ભાવોની અનિવાર્યતા

ઉચિત વ્યવહારના પાલન માટે જ છે.

મોક્ષ માટેનો ધર્મ કરો કે આનુષંગિક શુભ પરિણામ કરો,

બંને એક જ અર્થમાં છે.

કુદરતમાં પાપનો નાશ કરવાની તાકાત છે.

એક મહાપુરુષનું પુણ્ય ઘણાંનાં પાપનો નાશ કરે છે,

તેમ એક ધર્મ કરનારને અનેક લોકો વંદન કરે છે,

તે બધાંનાં પાપનો નાશ થાય છે.

તે ધર્મ ધર્મીઓથી ચાલી રહ્યો છે.

પોતાની જાત જ્યાં સુધી ઘાતીકર્મ રહિત ન બને,
ત્યાં સુધી તેને નિર્ગુણી માનવી, બીજાના નાના
ગુણને પણ મોટા માનવા, તે ઉચિત વ્યવહાર છે.

આપણું મન આપણું ઘર છે, આપણે ઇચ્છીએ તો તેને
સુરીલા લયબદ્ધ સંગીતથી ભરેલું, સ્વચ્છ, શાંત, સુંદર,
મહેલ સમું બનાવી શકીએ કે કટુ શબ્દો - કર્કશ ચીસોથી
ભરેલી અંધારી ભયાનક ગુફા પણ બનાવી શકીએ છીએ.

પ્રાચીન સ્તવનોમાં ભાવની પ્રધાનતા રહેલી છે,

આધુનિકમાં સંગીતની પ્રધાનતા રહેલી છે.

'અહિંસા શું છે ?' એનો જવાબ એક જ શબ્દમાં
આપી શકાય કે : 'આત્મભાન એજ અહિંસા છે.'

ભાન સ્વસંવેદનવાળું હોવું જોઈએ, એ માટે
અહિંસાને જીવનમાં ઉતારી તેનો અનુભવ લેવો જોઈએ.

'સંયમ' એટલે સ્વમાં સુખ અનુભવવું.
જ્યારે સ્વમાં સ્થિત, અડગ તથા અવિચલિત થવા
સર્વ ઇંદ્રિયો જ્યારે ભીતર તરફ વળવાનું શરૂ કરે છે,
ત્યારે વ્યક્તિ સંયમી બને છે.

તપનો અર્થ = ધ્યાન. તપની પ્રક્રિયા ધ્યાનનું રૂપાંતર છે.
'શરીર હું નહિ, આત્મા જ હું છું' એવું સતત ધ્યાન
અને મહાવીરનો તપ આત્મભાનપ્રેરક છે.

ઉપવાસ એ આત્માની સમીપે વસવાની ક્રિયા છે.

ઉણોદરી ભીતરમાં અટકી જવું, ચરમ સીમા સુધી ન પહોંચવું.
ઉણોદરી કેળવવાથી આત્મસંયમી બનાય છે.

વૃત્તિસંક્ષેપ = પ્રત્યેક વૃત્તિને એના કેન્દ્ર પર જ સંક્ષિપ્ત
કરવી - ભૂખ લાગે તો પેટથી લાગવી, મનથી નહિ.
જે ઇંદ્રિયનું જે કાર્ય છે, તે જ કાર્ય તેના પાસેથી લેવું.

રસપરિત્યાગ = સ્વમાં ડૂબી સ્વરસને પ્રગાઢ કરી લેવો.
ભોજનથી સ્વાદ લેવામાં મનને ન પરોવવું, તટસ્થ રહેવું.

કાયક્લેશ = કાયા અને ક્લેશ - શરીર અને દુઃખ છે,
એમ માની દુઃખની સ્વીકૃતિ કરી મનને આત્મામાં રાખવું.
સંલેખના = જેમ તલ્લીનતામાં વ્યક્તિ અન્યમાં લીન થઈ
જાય, તેમ સંલગ્નતામાં વ્યક્તિ સ્વમાં લીન થઈ જાય.
સંલગ્નતામાં માત્ર આત્મા જ રહી જાય છે.
પ્રાયશ્ચિત = ભૂલ જ ન થાય, એમ યત્ના જાગ્રત કરવી.
વિનય = ગુરુને સ્વસ્વરૂપ સ્વીકારવા તે. એમ લાગે કે
'મારા શિષ્યમાં સર્વ આવ્યા છે' ત્યારે વિનય પેદા થાય છે.
પોતાનામાં દોષ જોનાર જગત પ્રત્યે ઉદાર બની શકે છે.
જગતની ભૂલ ન જોવાથી આવી ક્ષમા આવે છે.
વૈયાવૃત્ય = સેવા. એનો મારા ઉપર કોઈ ઉપકાર હતો,
કોઈ ઋણ હતું, તે સેવાથી ઘટે છે, અને આવી સેવા છે.
કોઈ પ્રયોજનથી સેવા કરવી, તે સેવા નહિ પણ
ઋણમુક્તિ માટે પ્રયત્ન કરવો, તે સેવા છે.
સ્વાધ્યાય = સ્વનું અધ્યયન, આત્માનું વાંચન.
'હું કોણ છું' એ જાણવું, તે સ્વાધ્યાય છે.
ધ્યાન = આ એક પ્રક્રિયા - અનુભવ છે.
ધ્યાન વડે આત્મા કદીય સમજાતો જ નથી,
કિન્તુ તે સાધકનો અનુભવાય પણ છે.

અંતિમ આંતરતપ છે: કાયોત્સર્ગ.
વ્યક્તિ જ્યારે પૂર્ણ ધ્યાનસ્થ થઈ જાય છે, ત્યારે
કાયાનો બોધ - કાયાનું ભાન જ મટી જાય છે અને
વ્યક્તિ ઊંડા અવચેતન મનમાં ઉતરી જાય છે.
કાયોત્સર્ગ = 'હું શરીર નહિ, આત્મા છું' એવો બોધ.
આ રીતે ધર્મમાં આત્મજ્ઞાનને પ્રધાનતા છે.
આત્મજ્ઞાન પછી સંપૂર્ણ દોષ સમાપ્ત થઈ જાય છે.
આત્મજ્ઞાની સંપૂર્ણ વિશ્વને સ્વયં સમાન જ સમજવા
લાગે છે. આ સમજ વ્યક્તિમાં આવે, ત્યારે જ તે
આત્મજ્ઞાની બની શકે છે અને ત્યારે જ સર્વનું
મંગલ અને સર્વ જગનું કલ્યાણ શક્ય બને છે.
'સર્વ ધર્મમાં જૈન ધર્મ એ પ્રધાનધર્મ છે'
તેનો અર્થ તે સર્વ જીવો પ્રત્યે સમાન વાત્સલ્યવાળો છે
અને સર્વના હિતની રક્ષા કરવા માટે સ્થપાયેલો છે.
તેણે બતાવેલ અહિંસા, સંયમ અને તપધર્મ વડે જ
સ્વ અને પર, સર્વની સુરક્ષા થઈ શકે છે.
સર્વ જીવો પ્રત્યે સરખું વાત્સલ્ય, તે અહિંસા છે,
અહિંસાની ઉત્પત્તિ માટે બે સાધનો છે:
ઇંદ્રિયોનો સંયમ અને મનનો નિરોધ.

પાંચે ઇંદ્રિયોમાં વાગિન્દ્રિયનો સંયમ સ્યાદ્વાદ વડે અને અન્ય ઇંદ્રિયોનો સંયમ ત્યાગથી સધાય છે. મનનો રોધ અનેકાન્ત વિચારધારા વડે અને સર્વ પ્રકારની બાહ્ય ઇચ્છા તથા વાસનાઓનો નિરોધ ત્યાગ વડે સધાય છે.

આત્મરમણતા એજ તાત્ત્વિક અહિંસા છે.

અહિંસાનું અંતિમ તાત્પર્ય છે : આત્માનું, આત્મામાં, આત્મા વડે તથા આત્મા માટે જોડાવું અને અન્ય સર્વત્યાગ વડે આત્માથી પર સઘળી વસ્તુથી છૂટું થવું.

अप्पा खलु सययं रक्खियव्वो,
सव्विंदिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ,
सुरक्खिओ सव्वदुहाण मुच्चइ (त्तिबेमि) ॥

चूलिका नं - २ श्री दशवैकालिक, गाथा १६

અર્થ : સર્વ ઇંદ્રિયોના વિષયવ્યાપારની નિવૃત્તિ કરીને સમાહિતકારી કષ્ટોથી નિરંતર પોતાના આત્માનું રક્ષણ કરવું. જો તમે ઇંદ્રિયોના વિષયોથી આત્માનું રક્ષણ નહિ કરો, તો ભવોભવ સંસારમાં રખડવું પડશે. જો અપ્રમાદી થઈ આત્માનું રક્ષણ કરશો, તો શારીરિક-માનસિક સર્વ દુઃખમાંથી તમે મુક્ત થશો, એમ હું કહું છું.

વસ્તુતઃ માનવદેહે, અહીં મળેલ ઈંદ્રિયો, મન, બુદ્ધિ-
સઘળું આત્માની રક્ષા માટે અહિતકર રાગ-દ્વેષ આદિ
અંતરંગ શત્રુઓને જીતવા માટે છે, કેમકે
એ સઘળું પુણ્યથી મળે છે. 'પુણ્ય' તેને કહેવાય કે
જેના બળે આત્મા નિર્મળ બને, પવિત્ર-શુદ્ધ થાય.
જો એ સઘળું પુણ્ય દ્વારા મળવા છતાં તેનાથી આત્મા
શુદ્ધ ન થાય તો એ પુણ્ય કહેવા માત્ર જ ગણાય કે
પાપાનુબંધી બનવાથી તેને વસ્તુતઃ 'પાપ' જ કહેવાય.

પુણ્ય દ્વારા દૈહિક શારીરિક સુખ ભોગવવું,
એ સુખ નથી, કિન્તુ સુખાભાસ છે, દુઃખમાં સુખની
ભ્રમણા છે. આત્મા શુદ્ધ થાય તો જ સાચું સુખ ગણાય.
આત્માની રક્ષા ભૂલીને શરીરની રક્ષા કરનાર આખરે
ઠગાય છે. સારી રીતે પાળેલું પોષેલું પણ શરીર અંતે નાશ
પામે છે અને રક્ષા વિનાનો આત્મા જન્મ-મરણની
મહાવિડંબનાઓ ભોગવતો રહે છે, માટે કહેવાયું છે કે:

'આત્માની રક્ષામાં સર્વ ધર્મ સમાઈ જાય છે.'

એ રીતે સુરક્ષિત બનેલો આત્મા સર્વકાળને માટે સર્વ
પ્રકારે દુઃખમુક્ત થઈ શાશ્વત સુખનો ભોક્તા બને છે
અને કર્મથી મુક્ત થઈને અવ્યાબાધ સુખને પામે છે.

આત્મવૈભવ પાસે દુન્યવી વૈભવ તણખલાં સમાન છે.

'સુખદ યા દુઃખદ સ્થિતિ અનવસ્થિત - અનિત્ય છે'
એમ જાણવાથી મિથ્યાઘમંડ - ખોટી નિરાશાથી બચાય છે.
મનને સંયમિત કરવાથી માનસિક દુરાગ્રહોની સાથે
વાચિક અને કાયિક દુરાગ્રહોથી પણ ઉગરી જવાય છે.

ધૈર્યં યસ્ય પિતા ક્ષમા ચ જનની શાન્તિશ્ચિરં ગેહિની,
સત્યં સૂનુરયં દયા ચ ભગિની ભ્રાતા મનઃ સંયમઃ ।
શૈયા ભૂમિતલં, દિશોઽપિ વસનં જ્ઞાનામૃતં ભોજનં,
એતે યસ્ય કુટુમ્બિનો વદ સખે ! કસ્માત્ ભયં યોગિનઃ ॥

(૧) ધૈર્ય જેનો પિતા (૨) ક્ષમા જેની માતા
(૩) શાંતિ જેની પત્ની (૪) સત્ય જેનો પુત્ર
(૫) દયા જેની બહેન (૬) મનઃસંયમ જેનો ભાઈ
(૭) ભૂમિ જેની શય્યા (૮) દિશાઓ જેના વસ્ત્ર
(૯) જ્ઞાનામૃત જેનું ભોજન હોય,

એવા યોગીને પછી હે સખા ! શેનો ભય હોય?
યોગના અભ્યાસથી ઉપરના ગુણો જીવનમાં કેળવીને
અથવા તેની ભાવના રાખીને યોગાભ્યાસ કરવો જોઈએ,
તો જ સ્વભાવના જીવનમાં પરિવર્તન આણી શકાય.
યોગીએ આ વાતનું સતત સ્મરણ રાખવું જોઈએ.

વર્તમાનમાં ૪૫ આગમ છે, તેમ
બધાનું ધ્યાન શ્રુતની જ ભક્તિરૂપ છે.
એક પદનું પણ ધ્યાન આત્મોદ્ધાર કરવાને સમર્થ છે,
જો તે જીવનમાં અસરકારક રૂપે આવે તો.
જ્ઞાન એ બોધરૂપ હોવાથી સમ્યક્ત્વનું મૂળ છે,
ધ્યાન એ ક્રિયારૂપ હોવાથી ચારિત્રનું મૂળ છે.
જીવો અનંત છે, આત્મા એક છે.
આત્માનું ભાવઆરોગ્ય તે અનંતાનુબંધીનો ક્ષય છે,
તેથી બોધિલાભ અને તેનાથી સમાધિ-સિદ્ધિ મળે છે.
ભેદનો છેદ કરવો = ભિન્નતાને છેદી એકતાનો સ્વીકાર.
બીજાનાં સુખ-દુઃખને સ્વના જ સુખ-દુઃખ માનવા,
એ જ્ઞાન વધારવાથી પુણ્યાનુબંધી પુણ્યનો સંચય થાય
અને સર્વને સમાન દૃષ્ટિએ જોવાથી રાગ-દ્વેષ ઘટે છે.
જે દૃષ્ટિ કર્મબંધથી બચાવે, તે સમ્યગ્દૃષ્ટિ અને
જે દૃષ્ટિ કર્મબંધ કરાવે, તે કુદૃષ્ટિ - મિથ્યાદૃષ્ટિ છે.
નિશ્ચયથી આત્મા એક હોવા છતાં પણ
વ્યવહાર માટે ભેદદૃષ્ટિ જરૂરની છે.
વ્યવહાર જો ભેદથી થાય,
તો જ નિશ્ચયથી એકતાની દૃષ્ટિ જાળવી શકે.

'રમણતા રચું શુભ ભાવથી, કરું કર્મનો છેદ...'
એનો અર્થ છે કે : શુભાશ્રવ, પુણ્યનો અનુબંધ અને
નિર્જરાની ત્રિવેણીરૂપ ભાવમાં
અશુભાશ્રવ, પાપનો અનુબંધ અને કર્મબંધ રૂપી
હરણાયાઓને મુંઝવણ થાય, તેમાંથી છૂટવા પ્રયત્ન કરે,
તેથી રમણતાથી શુભમાં પ્રવૃત્તિ અને
અશુભથી નિવૃત્તિરૂપ ભાવો દ્વારા
જીવન કર્મની જંજાળમાં જાય જાણે ફરી મુક્ત થાય છે.
શુભની અનુમોદનાથી પુણ્યબંધ થાય - પાપાનુબંધ તૂટે.
કરવા - કરાવવાથી કોઈનું થઈ શકે?
મોટો ધર્મ અનુમોદનાથી થાય છે.
અનુમોદના ઘણા લોકના - ઘણા કાળના શુભકાર્યોની
થઈ શકે અને મોટો કર્મનો ભાર તે રીતે જ ઉતરે.
શરીર સઘળાં દુઃખોનું કારણ છે,
તેનું કારણ કર્મ છે, કર્મનું કારણ રાગ-દ્વેષ છે.
સુખનો રાગ અને દુઃખનો દ્વેષ - એ બે કર્મબંધનાં
મુખ્ય કારણો છે, તેમાંથી કષાયાદિ રૂપ મોહનીય અને
અંતરાયાદિ ઘાતી કર્મોનો બંધ થાય છે.
દુઃખનો દ્વેષ નહિ, તેને કોઈ સાથે વેર-વિરોધ હતો નહિ.

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં કહ્યું છે કે:
કેટલાંક કર્મને વીર્ય કહે છે.
કેટલાંક સુવ્રતી મુનિઓ અકર્મને વીર્ય કહે છે.
પ્રમાદ એ કર્મ છે અને અપ્રમાદ એ અકર્મ છે.
જે જે પ્રવૃત્તિઓ પ્રમાદયુક્ત યાને સત્યધર્મથી વિમુખ છે,
તે બધી પ્રવૃત્તિઓ કર્મરૂપ છે, તેથી ત્યાજ્ય છે.
જે જે પ્રવૃત્તિઓ પ્રમાદરહિત અર્થાત્ સદ્ધર્મને અનુસાર છે,
તે અકર્મ છે અને તે કરવા યોગ્ય છે.

કર્મરોગનાં ઔષધિરૂપ શું?

રોગ જેમ આકરો, તેમ દવા પણ આકરી.
નારકીના ભવો ઉપવાસ કરે, પશુના ભવોમાં ઓછું ખાય,
મનુષ્યના ભવમાં નિર્દોષ ભિક્ષા કરે, તેથી કર્મ ના છૂટે.
'કેવી રીતે આહારમાંથી મુક્ત થાઉં અને
ક્યારે અણાહારી પદને પામું' એ ભાવનાપૂર્વકના
ઉપવાસ, આયંબિલ વગેરે કર્મરોગનાં ઔષધિ બને.
'જેટલું શરીરનું સુખ - તેટલું આત્માનું બંધન'
એમ માને, તેનો જ તપ અભ્યંતર તપ ગણાય.
જેના ઉપર રાગ હોય, તેને તોડવો અને જેના ઉપર
દ્વેષ થતો હોય, તેના પરની અપ્રીતિને છોડવી, તે તપ છે.

બે <u>પ્રકારનું વીર્ય : બાલવીર્ય અને પંડિતવીર્ય.</u>
અજ્ઞાની જીવો વિષય-કષાયાદિમાં જે શક્તિ વાપરે છે,
તે કર્મબંધનો હેતુ હોવાથી બાલવીર્ય - કર્મવીર્ય છે.
પંડિત પુરુષો અપ્રમત્ત દશા મેળવવા
જે શક્તિનો ઉપયોગ કરે અને તેથી કર્મક્ષય થાય,
તેને પંડિતવીર્ય અથવા અકર્મવીર્ય કહે છે.
પ્રમાદ એ કર્મબંધનો હેતુ હોવાથી કર્મ છે અને
અપ્રમાદ કર્મબંધ ન કરવાનો ઉપાય હોવાથી અકર્મ છે.

<u>કર્મવીર અને અકર્મવીર કોણ</u> ?

વિષયોની આસક્તિ અને કષાયોની રમણતા વડે પાપી
મનુષ્યો ચાર ગતિમાં ભ્રમણ કરે છે, રાગ-દ્વેષ અને
અજ્ઞાનથી ઘણું પાપ બાંધે છે, તેને <u>કર્મવીર</u> કહેવાય છે.
આ બધું અજ્ઞાની જીવોનું બાલવીર્ય - સકર્મવીર્ય છે.
જેઓ રાગ-દ્વેષથી રહિત છે અને જેમણે
હિંસાદિ પાપકર્મોને તોડી નાંખ્યા છે, તેઓ <u>અકર્મવીર</u> છે.
તેઓ અપ્રમાદ વડે કર્મશલ્યને મૂળમાંથી કાપી નાંખે છે.
તેઓ વિચારે છે : સંસાર સર્વત્ર દુઃખોથી ભરેલો છે,
અનેક પ્રકારે તે અશુભ છે, ઇંદ્રાદિ પદો પણ વિનાશી છે,
સ્વજનો અને મિત્રોના સંબંધો પણ અનિત્ય છે.

આમ સમજીને સંસારના પદાર્થોમાંથી આસક્તિ ખેંચી
લઈને મોક્ષ તરફ પ્રયાણ કરવું જોઈએ અને તે માટે
ધર્મના માર્ગનો આશ્રય લેવો જોઈએ.
સ્વબુદ્ધિથી વિચારી અને શ્રુતધરો પાસેથી સાંભળીને
બુદ્ધિમાન મનુષ્યે પાપનાશક ધર્મનું પાલન કરવા માટે
ઉદ્યમી બનવું જોઈએ. મૃત્યુની ક્ષણ આવે તે પહેલાં
જ સમાધિમૃત્યુ પામવાની કળા શીખી લેવી જોઈએ,
મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓ બંધ કરવી જોઈએ.

## પંડિતવીર્યનું સ્વરૂપ શું ?

વિષય અને કષાય ઉપર વિજય મેળવવા વપરાય,
તે જ વીરપુરુષનું સાચું વીર્ય છે.
કાચબો જેમ પોતાના અવયવોને
પોતાના શરીરમાં સંકોચી લે છે, તેમ
હિંસાદિ તથા વિષય - કષાયાદિ પાપની પ્રવૃત્તિઓમાંથી
આત્માને અધ્યાત્મબળ વડે પાછો ખેંચી લેવો જોઈએ.
અણુ જેટલું પણ માન ન કરવું જોઈએ કે
અણુ જેટલી પણ માયા ન કરવી જોઈએ.
સુખશીલતા ત્યજીને તથા ઉપશાંત બનીને સંયમના
અનુષ્ઠાનનું આચરણ કરવું, એ પંડિતવીર્યનું સ્વરૂપ છે.

## પ્રભુની સાધનાનો માર્ગ સામાયિકનો છે.

સામાયિકમાં રાગ-દ્વેષ રહિત થવું, તટસ્થ રહેવું,
આસક્તિ ન થવા દેવી, તે સાચી સમતા છે.
બે ઘડીના સામાયિકના અભ્યાસથી તે સ્થિતિ લાવી શકાય.
'પ્રભુના હાથમાં દોરી છે' એમ કહીએ તે 'પ્રભુ' કોણ?
તે પોતાના અંતરમાં બિરાજમાન શુદ્ધ ચેતન સ્વરૂપ
આત્મા છે, એનું જ નિત્ય ધ્યાન કરવું આવશ્યક છે.

## યોગ - એક મહત્વનું આલંબન

પ્રાથમિક ભૂમિકામાં આલંબન ઉપયોગી છે.
ધીરે ધીરે ઉપર ચઢવાથી સ્વતઃ આલંબન છૂટી જાય છે
અને એક આત્માનું જ ધ્યાન રહે છે. કહ્યું છે કે:

आलंबनादरोद्भूत - प्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥ (परिशिष्ट-१४)

પરમાત્માનો વિયોગ એક મહારોગ છે.
એ વિયોગરૂપી રોગનો નાશ કરવાનું સાધન યોગ છે.
યોગના અનેક પ્રકારો ભક્તિયોગ, જ્ઞાનયોગ, રાજયોગ,
હઠયોગાદિમાં ભક્તિયોગ સરળ છે. મંત્ર - જપસાધના,
યોગાસન, સ્તુતિ - સ્તોત્ર આદિ તેના વિવિધ અંગો છે.
આચાર - વિચારની શુદ્ધિ પણ જરૂરી છે.

વિદ્યાધન એ સર્વ ધનોમાં પ્રધાન ધન છે,
યોગમાર્ગે તેની પણ તેટલી જ આવશ્યકતા છે.
યોગી બનો અથવા રોગી રહો. - વિનોબા

મનુષ્યને રોગ થાય, તો તેણે ઈશ્વરની ભેટ તરીકે
તેનો સ્વીકાર કરવો જોઈએ, અને માનવું જોઈએ કે
ભક્ત થવા માટેનો તે નિર્દેશ છે.
દર્દીએ ઈશ્વરના નમ્ર ભક્ત થતાં શીખવું જોઈએ.

યોગનાં ૮ અંગોમાં પહેલાં પાંચ એ હઠયોગનાં અંગ છે.
પ્રાણાયામથી કુંડલિની શક્તિ જાગૃત થાય અને
પ્રકાશને આડે આવતું આવરણ દૂર થાય
તથા મન ધારણાને લાયક થાય,
એટલે હઠયોગ પૂરો થઈ રાજયોગ શરૂ થાય છે.
૮ વર્ષથી ૩૫ વર્ષની ઉંમર હઠયોગને લાયક ગણાય.
શરીરના અવયવો કોમળ હોય, ત્યાં સુધી જ હઠયોગ
યોગ્ય છે, તે પાકટ થયાં પછી હઠયોગ સુસાધ્ય નથી.
'રાજયોગ' એટલે સુખાસન ઉપર બેસી,
વૃત્તિ સ્થિર કરી અંતર્મુખતાનો અભ્યાસ કરવો.
રાજયોગથી પૂર્વ યા પશ્ચિમ માર્ગે જઈ
સમાધિ વડે જ્ઞાન મેળવી શકે છે.

રાજયોગના અધિકારી મોટી ઉંમરનાં, બુદ્ધિવાળા અને
આસક્તિ વિનાના હોય તે છે.
ગત જન્મમાં અભ્યાસ કર્યો હોય,
એવા સુસંસ્કારયુક્ત 'યોગી' કહેવાય છે અને
આ જન્મમાં જ જેણે અભ્યાસ આરંભ કર્યો હોય,
તે 'યુંજાન યોગી' કહેવાય છે. આ સંસ્કારભેદના કારણે
અભ્યાસની સિદ્ધિમાં વધુ કે ઓછો સમય લાગે છે.
લયયોગમાં નાદાનુસંધાનપૂર્વક મનને સ્થિર કરી
આત્મસ્થ થવાનું હોય છે. આ લયયોગ માટે પણ
મોટી ઉંમરના ઘડાયેલાં ખાસ અધિકારી ગણાય.
મંત્રયોગમાં સદ્ગુરુએ આપેલ મંત્રથી ઇષ્ટની ઉપાસના
કરી ઇષ્ટદેવની પ્રસન્નતાને મેળવવી, તે મુખ્ય છે.
વૃત્તિ સ્થિર કરી પૂર્વ માર્ગે, પશ્ચિમ માર્ગે અથવા ઉત્તર
માર્ગે લય પ્રાપ્ત થાય છે. આમાં મુખ્ય સાધન શ્રદ્ધા,
ભક્તિ, પ્રેમ અને પુરૂષાર્થ છે. પાપી આત્માઓ પાપનો
પશ્ચાત્તાપ કર્યાં પછી આ યોગના ખાસ અધિકારી છે.
ખરા દિલથી પશ્ચાત્તાપ કર્યાં બાદ જે પ્રભુને ભજે છે,
તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે અને
તે સાધક સરળતાથી ભવસાગર તરી જાય છે, તદુપરાંત

સ્વપ્નયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ભૈષજયોગ આદિના આસેવન વડે શરીરની શુદ્ધિ, અંતઃકરણની શુદ્ધિ થઈ સત્ત્વગુણની પ્રધાનતા વડે ચિત્ત સ્થિર થાય છે.

ચિત્ત સ્થિર કરવાના અનેક ઉપાયો છે.

યોગના આ સદ્‌ગુરુ દ્વારા જે માર્ગદર્શન મળે, તે પ્રમાણે અભ્યાસ કરી અવશ્ય લાભ પ્રાપ્ત કરવું.

દરેક યોગના અભ્યાસમાં પાંચ વાનાં જરૂરી છે:
યમ - નિયમ - સ્મરણ - અભ્યાસ અને વૈરાગ્ય.

આ પાંચ વડે જ યોગ સિદ્ધ થાય છે.

જેની વૃત્તિ જપ - ધ્યાન કરતી વખતે ચંચળ રહે, અનેક વિચાર કરતી હોય, મનમાં સંકલ્પ - વિકલ્પ, તરંગો ઉઠ્યાં કરતાં હોય, તેણે માનસિક પૂજા કરવી. રોજ કલાક - દોઢ કલાક એમાં ગાળવાથી ચંચળતા મટી વૃત્તિ સ્થિર થશે. મનનો સ્વભાવ સંકલ્પો કર્યા કરવાનો છે, માટે એ મનને કાંઈક કામ સોંપવું જોઈએ. આ માનસિક પૂજા કરતાં વૃત્તિ સ્થિર થાય, ત્યારબાદ નાભિ આદિ સ્થાને વૃત્તિ લઈ જઈ સુષુમ્ણા માર્ગે બ્રહ્મરન્ધ્રમાં જવું કે શિરોમાર્ગે ભ્રૂકુટી, લલાટાદિ સ્થાને વૃત્તિ લઈ જઈ બ્રહ્મરન્ધ્રમાં જવું અને કૃતકૃત્ય થવું.

જે દેવની જે ઉપાસના કરતાં હોય,
તે દેવની માનસિક મૂર્તિ ચંચળ વૃત્તિવાળાએ કરવી.

<u>મુદ્રાના છ પ્રકાર</u>

(૧) <u>શાંભવી</u> : વૃત્તિ અંતર્મુખ, દૃષ્ટિ નિર્નિમેષ.
પદાર્થ સામે રાખીને તેનો અભ્યાસ કરી શકાય.
(૨) <u>ભૂચરી</u> : દૃષ્ટિ ૪॥ હાથ દૂર ભૂમિ પર, વૃત્તિ અંતર્મુખ.
(૩) <u>ચાચરી</u> : વૃત્તિ અંતર્મુખ, દૃષ્ટિ ચોતરફ.
(૪) <u>ખેચરી</u> : વૃત્તિ હૃદયના સહસ્રદળમાં,
દૃષ્ટિ ઊર્ધ્વ આંખની કીકી ન દેખાય તે રીતે અથવા
જીભ તાળુના છિદ્રમાં રાખવી, તે જીભની ખેચરી છે.
(૫) <u>અગોચરી</u> : વૃત્તિ ભ્રૂમધ્યમાં અને દૃષ્ટિ ઊર્ધ્વમાં.
(૬) <u>ઉન્મની</u> : વૃત્તિ બ્રહ્મરંધ્રમાં અંતર્મુખ અને
દૃષ્ટિ ઊર્ધ્વમાં - નહિ બંધ ઉઘાડી રહે.
ઉપરની બધી મુદ્રાઓમાં વૃત્તિ અંતર્મુખ અને
દૃષ્ટિ નિર્નિમેષ - પલકારારહિત જોઈએ.
આસનસિદ્ધિ એ જરૂરી છે, નહીં તો દૃષ્ટિ અસ્થિર રહે.

<u>મુદ્રાઓનો હેતુ દૃષ્ટિ સ્થિર કરી,
વૃત્તિ અંતર્મુખ કરી પૂર્વ અથવા પશ્ચિમ માર્ગે બ્રહ્મરંધ્રમાં
જઈ સમાધિ કરી સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવી, તે છે.</u>

'દેખાદેખી સાધે જોગ, પડે પિંડ ને વાધે રોગ.'

ગુરુ વિના જ્ઞાન નહિ. અનુભવી ગુરુથી પાસેથી
અભ્યાસની રીત જાણી યોગાભ્યાસાદિ હિતકારી છે.
લખાણમાં પૂર્ણ અનુભવની કુંચી આપી શકતી નથી,
તેમાં હંમેશાં ગુરુગમ બાકી રહી જાય છે.
શરીરનું જીવન પ્રાણ છે. પ્રાણને લગતી પ્રાણાયામાદિ
ક્રિયાઓ તો છેડાયેલાં સર્પની જેમ જોખમકારક છે.
દરેક વિદ્યા ગુરુ દ્વારા જાણવાથી જ સિદ્ધ થાય છે,
માટે અનુભવી પાસેથી શીખવું ને જાણવું એ ઉત્તમ છે.
જે કોઈ યોગાભ્યાસીઓ હોય, ધ્યાની, સમાધિનિષ્ઠ
તપસ્વીઓ હોય, તપ - જપ - પૂજન - ભક્તિપરાયણ
ધર્મનિષ્ઠો હોય, સદ્ગુરુ અને સંતમહાત્માઓ હોય,
તેવા આધ્યાત્મમાર્ગના સાધક અભ્યાસીઓને જોઈતી
જીવનવસ્તુઓ પૂરી પાડવી, સાધન - સામગ્રીઓ આપવી,
તેમની સેવા કરવી, આશ્રય આપવો, વૈયાવચ્ચ - સેવા
- શુશ્રૂષા કરવાનું ફળ અનંતગણું છે, લક્ષ્મી આદિનો
સર્વશ્રેષ્ઠ ઉપયોગ છે. વિશ્વમાં સુપાત્ર દુર્લભ છે, તેમ
એ દુર્લભ સુપાત્રમાં દાન છે, તેમ શુભાશિષો મળે છે
ઉપરાંત સુપાત્રની સેવા વડે જીવન ધન્ય બને છે.

હંસ જેમ નીરનો ત્યાગ કરી ક્ષીરને ગ્રહણ કરે છે,
તેમ સજ્જનો અને સત્પુરુષો હંમેશાં
દરેક વસ્તુમાંથી સાર ગ્રહણ કરી અસારને છોડી દે છે
તથા સાર ભાગ ગ્રહણ કરી પોતાનો વિકાસ સાધે છે.

## યોગનું ભોજન શું?

ભવોદ્વેગ યાને સંસારવૈરાગ્ય અને પાપનો પશ્ચાત્તાપ
- એ બે ભવભ્રમણને ભગાવનાર અમૃતના કણ છે.
પાપી જીવને પ્રભુની ભક્તિ મળે, ત્યારે નવનિધાન
અને આઠ મહાસિદ્ધિઓના લાભથી પણ અધિક લાભ
મળ્યો કે ભક્તિના મહત્ત્વ આગળ મોટા મોટા ભુવનનું
સામ્રાજ્ય પણ કાંઈ વિસાતમાં જ નથી, એમ લાગે.
'જિનેષુ કુશલં ચિત્તં ।' એ યોગનું ભોજન છે.

પ્રભુનું શરણ એટલા માટે કે
આપણે અજ્ઞ છીએ, પ્રભુ અનંતજ્ઞાની છે, આપણે
મોહ-મૂઢ છીએ, પ્રભુ વીતરાગ - અમોહી - નિર્મોહી છે.
પરલોકમાં જગદીશ એક શરણ, જગત અશરણ છે.
પાળેલી પ્રભુઆજ્ઞા જ શરણભૂત છે.
'આજ્ઞાપાલનમાં અનંત કલ્યાણ છુપાયેલાં છે.'
આ શ્રદ્ધા વીર્યોલ્લાસ વધારનારી છે.

આરાધ્યોગ વિધિબહુમાનનું કારણ છે. આરાધપાલનને સર્વશ્રેષ્ઠ ધર્મ માનવાથી નિરાશંસભાવ દૃઢ થાય છે. પ્રવૃત્તિધર્મ દાન - પૂજા - તપ - સંયમ છે, નિવૃત્તિધર્મ પાપનાં પચ્ચક્ખાણ છે. એ બંનેની પાછળ શ્રદ્ધારૂપી સઢ

Imp મોક્ષ પ્રતિ પ્રયાણ જીવનનાવને વેગીલું બનાવે છે.

સંયમ = હિંસાદિ પાપ, ક્રોધાદિના પરિહાર સાથે મનને અહિંસાદિ ધર્મ અને ક્ષમાદિ ઉપશમમાં જોડેલું રાખવું તે.

દેહની ખાતર અનંતકાળથી કર્મપીડિત આત્માને ભૂલવો, એ કેવી બુદ્ધિમત્તા? અનંતકાળથી દુઃખે રીબાતાં આત્માની ચિંતા કરનાર દેવ-ગુરુ સિવાય કોણ છે? જીવ પ્રથમ સમકીત પામે છે, ત્યારે અનાદિ ભવચક્રમાં કદી પ્રાપ્ત ન થયો હોય, એવો અવર્ણનીય આનંદ અનુભવે છે. આત્મામાં શક્તિ અનંત છે પણ તે શક્તિનો વ્યય હિંસાદિ અશુભ કાર્યોમાં થતો હોવાથી અશુભ કર્મોનું સર્જન-બંધન થતું રહે છે. જગતના પદાર્થોને આપણે ફેરવી શકતા નથી પણ આપણા મન-વચન-કાયાના વ્યાપારને ફેરવવા સમર્થ છીએ. હિંસા અને વિષય-કષાયાદિ અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી અહિંસા અને સંયમ-તપરૂપી ધર્મમાં તત્પર બનીએ, તો મોક્ષ હથેળીમાં છે.

માનવજીવનની મહાન સંપત્તિ એટલે...
હૃદય, મન અને પાંચ ઇંદ્રિયો. તેનો અભ્યાસ દ્વારા
જો સત્કાર્ય, સદ્વિચારોમાં ઉપયોગ કરવામાં આવે, તો
દુર્ગતિનાં દ્વારો બંધ થઈ સદ્ગતિના દ્વાર ખૂલી જાય.
આત્મજ્ઞાનનો પ્રકાશ છે, તે સદા નિર્ભય રહે છે.
જ્ઞાનરૂપી વજ્ર દ્વારા મિથ્યાત્વપર્વતના ચૂરેચૂરા થાય છે.
જ્ઞાનામૃતના પાનથી જીવ અજરામર બની જાય છે.
અજ્ઞાન એ આત્માનું ભાવમરણ છે. દુઃખમાત્રનું
મૂળ સંકલ્પ-વિકલ્પો છે, જે જ્ઞાન વડે શાંત થાય છે.
સુખ, શાંતિ અને આનંદનું મૂળ એક જ્ઞાન જ છે.

મોહને મારવાનો મહામંત્ર છે...

'હું શુદ્ધાત્મા છું, જ્ઞાનાદિ ગુણો મારાં છે, તે સિવાય
અન્ય પદાર્થો મારા નહિ અને હું પણ કોઈનો નહિ.'
પારકાને પોતાનું માનવું, એજ 'મોહ' છે.

નિર્મમ અને નિરહંકારનો ભેદ

નિર્મમ એટલે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાવાળો,
મારું - તારું ન માનનારો. નિરહંકાર એટલે
'મેં કર્યું' એમ ન માનનારો અને ઈશ્વર કર્તૃત્વવાદી.
કાર્યમાત્રની પાછળ અંતિમ કર્તૃત્વ પ્રભુનું માનનારો.

ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ -
એ ચાર સદ્ગુણો આત્માનો અમૂલ્ય ખજાનો છે.
ઉપશમ, શમ, સમતા, સમભાવ, ક્ષમાદિ એકાર્થક છે.
ક્ષમાશ્રમણ મુનિઓને નમસ્કાર ક્ષમાગુણ વિકસાવે છે.
જ્ઞાન, ધ્યાન અને તપનું મૂળ શમ, દમ તથા ક્ષમા છે.
સજ્જન પુરુષોની સંખ્યા સંસારમાં અતિવિરલ હોય છે.
સર્વ તત્ત્વોમાં આત્મતત્ત્વની રુચિ એ શ્રેષ્ઠ તત્ત્વરુચિ છે,
સમ્યક્ત્વનું લક્ષણ = આત્મસાક્ષાત્કારની તીવ્ર તાલાવેલી.

અરિહંત પરમાત્મા વીતરાગ હોવા છતાં
પોતાના આદર્શ, ઉપદેશ, આલંબન વડે શરણું આપે છે,
રક્ષણ કરે છે, ભવોદધિમાં ડૂબતાં જીવોને ઉગારી લે છે.
ધ્યેયરૂપે તેમનું શરણું સ્વીકારી ધ્યાનાવસ્થામાં તેમના
સ્વરૂપ સાથે તન્મય બની આત્મા અખંડાનંદનો ભોક્તા
બને છે. જીવવહ અપ્પવહો જીવદયા અપ્પણો દયા હોઈ।
શુદ્ધ વ્યવહાર એ શુદ્ધ નિશ્ચય એટલે કે
આપણાં શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરાવે છે.
પરમેષ્ઠિ ધ્યેય છે, આત્મા ધ્યાતા છે,
બંનેનાં જ્ઞાનગુણ સમાન છે,
તે અપેક્ષાએ બંનેમાં અભેદ છે.

દ્રવ્યાર્થિક નયે આત્મા અને પરમાત્મા
એક છે, શાશ્વત છે, જ્ઞાનાનંદમય છે, અક્રિય, અવિકારી છે.
આત્મા અરૂપી પણ સૂક્ષ્મ અને આકાશથી ય મહાન છે.
**Imp** એકવાર પણ આત્માની અનુભૂતિ થતાં
તત્ત્વદૃષ્ટિ સ્થિર બની જાય છે, અંતરાત્મા જ ભેદ-
ખેદ - ઉદ્વેગ લાગે છે. વચનથી અગોચર, મનથી અગમ્ય
એવા આત્માને ભાવવાથી અને તેમાં જ તન્મય બનવાથી
આત્માનો પૂર્ણ શુદ્ધ એવો સ્વભાવ પ્રગટે છે.
કર્મજન્ય ભાવોની અસરમાં ન આવતાં
કર્મો ઉપર અધિકાર જમાવવો, તે ઉદાસીનતા છે.
તે ક્યાંય ન અટકે તેવો મોક્ષમાર્ગ છે.

આત્મજ્ઞાનપ્રાપ્તિના મુખ્ય બે અંગો : જિજ્ઞાસા તથા શ્રદ્ધા.
વિજ્ઞાનનો પાયો શંકા છે, આત્મજ્ઞાનનો પાયો જિજ્ઞાસા છે.
શંકામાં રહેલ જ્ઞાનના ગર્ભિત અહંકારથી
વિવાદ અને વિતંડાવાદ સર્જાય છે.
જિજ્ઞાસામાં અજ્ઞાનનો સ્પષ્ટ નિખાલસ એકરાર હોય છે,
આથી જે અંગે પૂછાય છે, તેમાં વિનમ્રતાપૂર્વક પોતે
ખાલી છે, તેમાં કંઈક વૃદ્ધિ કરવાની ઉત્સુકતાની સાથે
પોતે અને જ્ઞાન વધુ પામે, એવો શુભાશય પણ હોય.

## જીવનમાં છ ત્યાજ્ય વસ્તુ

(૧) અતિઆહાર (૨) અતિક્રોધ (૩) અતિજલ્પ
(૪) અતિવિગ્રહ (૫) અતિસંસર્ગ (૬) અતિલૌલ્ય.

જીવન નિરહંકારી, નિખાલસ, નમ્રતા અને સંયમભાવ હોવું જોઈએ, પોતાની જાતને સદાને માટે મધ્યસ્થતાપૂર્વક જોવાની ટેવ પાડવી જોઈએ.

આશાતના = પવિત્રતા ખંડિત થાય તેવું આચરણ.

જીવનમાં દેવ - દેવીઓનો અપલાપ પણ નહિ અને આધીનતા પણ નહિ રાખવા જોઈએ.

## મૂર્ખશિરોમણિ અને મિથ્યાજ્ઞાની કોણ?

આત્માને ભૂલાવનારું જ્ઞાન જ્યારે અજ્ઞાન બની જાય, આખી દુનિયાને જાણી પણ પોતાના નામ, ઠામ વિગેરેને ભૂલી જાય, તેને લોક દુનિયા મૂર્ખ નહિ પણ મૂર્ખશિરોમણિનો ઈલ્કાબ આપે છે, અને સ્વઆત્માના સ્વરૂપને ન જાણનાર આખા જગતનું જ્ઞાન ધરાવતો હોય, તો પણ જ્ઞાનીઓ તેને 'અજ્ઞાન' જ કહે છે. એવો અજ્ઞાની પોતાને જ્ઞાની તરીકે ખપાવવા પ્રયત્ન કરે, ત્યારે તેને મિથ્યાજ્ઞાનીની ઉપમા આપવામાં આવે છે. મિથ્યાજ્ઞાન અજ્ઞાન કરતાં પણ ભૂંડું છે.

ધર્મનું લક્ષણ = અનંતાનુબંધી કષાયનો અભાવ.
ધર્મ = આત્માનું ધન, તે જ એક શરણભૂત વસ્તુ છે.

અરિહંત, સિદ્ધ, સાધુ શરણ એટલા માટે છે કે તેઓ આત્મધનરૂપી ધર્મ બતાવનારા, પામનારા અને પામવા માટેનો પુરુષાર્થ કરનારા છે, તેથી દૃઢ આલંબનરૂપ છે. આલંબનોના આદરથી શુભ કર્મ ઉપાર્જન થાય છે અને પ્રતિબંધક કર્મ નાશ પામે છે.

જે વસ્તુ પોતે પ્રાપ્ત કરવી છે, તે જેઓએ પ્રાપ્ત કરી લીધી, પ્રાપ્ત કરતાં હોય કે જેઓ પ્રાપ્ત કરવામાં માર્ગદર્શક બનતા હોય, તેઓ પ્રત્યે આદર રાખી લક્ષ્ય કેળવવાથી જ મોક્ષરૂપી સદ્‌વસ્તુની પ્રાપ્તિ થઈ શકે છે.

## ઉપયોગે ધર્મ એટલે શું?

ઉપયોગે ધર્મ અર્થાત્ ઉપયોગવાળી દશા એ જ તરણતારણહાર છે, કારણકે અંતિમ સાધ્ય તે છે અને વીતરાગતામય શુદ્ધ કેવળજ્ઞાનના ઉપયોગમાં જવું, તે જ સાધ્ય છે. આત્માના શુદ્ધ ઉપયોગમાં ભળતા વડે જ કેવળજ્ઞાન દશા સુધી પહોંચાય છે. જ્ઞાનથી આત્મા બની આત્મામાં જ રમણ કરવા માટે ઉપયોગ એ જ અનન્ય સાધન છે. વીતરાગતાને પ્રતિબંધક એક પ્રમાદ જ છે.

મતિ - શ્રુત - અવધિજ્ઞાન આદિ પ્રતિપાતી છે,
એક કેવળજ્ઞાન જ અપ્રતિપાતી છે.
આત્મા શુદ્ધ જ્ઞાનમય, શુદ્ધ દર્શનમય અને
શુદ્ધ વીતરાગ ચારિત્રમય છે. આત્માનું સ્વરૂપ એટલે...
રાગ-દ્વેષાદિ વિનિર્મુક્ત વસ્તુસ્વરૂપનું જ્ઞાન.

એ વિચાર જ સાચી નમ્રતા, લઘુતા, મૃદુતા લાવે છે કે:
છદ્મસ્થનું જ્ઞાન કેવળીની અપેક્ષાએ સાગરમાં બિન્દુ
રૂપ પણ નહિ. વીતરાગ પુરુષોની સાધના આગળ
છદ્મસ્થની ઉગ્રમાં ઉગ્ર સાધના પણ કંગાળ છે.

મહાપુરુષની ખરી કિંમત તનથી નહિ, મનથી આંકવી જોઈએ.
મનરૂપી મહાસાહસિક - ભયંકર - દુષ્ટ અશ્વ ઉન્માર્ગે
દોડી રહ્યો છે, તેને સત્પુરુષો સ્વાધ્યાય અને ધ્યાન
રૂપી લગામથી કાબુમાં રાખે છે તથા સન્માર્ગે ચાલે છે.

## જીવનમાં પ્રેમનું માહાત્મ્ય

મનમોહક શિક્ષણમાં સૌથી વધારે
કોઈ શબ્દની જરૂર હોય, તો તે 'પ્રેમ' શબ્દની છે.
પ્રેમ સાથે જ્ઞાન જોડાય, ત્યારે તે દિવ્ય બની જાય.
પ્રેમશૂન્ય જ્ઞાન પશુથી પણ બદતર છે, કારણ કે એ જ્ઞાન
વડે તે વધુ હિંસક, વધુ સ્વાર્થી બને છે.

વધુ હિંસક, વધુ સ્વાર્થી આત્મનો મહારોગ છે, તેમાંથી જો
તેને બચાવનાર કોઈ હોય, તો તે કેવળ પ્રેમભાવ છે.

પ્રત્યેક સદ્ગુણનું મૂળ પ્રેમ છે અને
પ્રત્યેક દુર્ગુણનું મૂળ સ્વાર્થ છે.

આત્મા પ્રત્યે પ્રેમ = શુક્લ ધ્યાન

ક્ષત્રિયો બીજાનો વિચાર - વણિક પોતાનો વિચાર કરે,
તેમ ભવ્યાત્મા પોતાની પહેલાં બીજાનો વિચાર કરે છે.
અભવ્ય પોતાનો જ વિચાર કરે છે, બીજાનો નહિ.

આર્તધ્યાન = દુઃખનો ભય, ધર્મધ્યાન = પાપનો ભય.
રૌદ્રધ્યાન = જીવ પ્રત્યે દ્વેષ, ધર્મધ્યાન = કર્મ પ્રત્યે દ્વેષ.
દેહ પ્રત્યે મમત્વ એ આર્ત - રૌદ્રધ્યાન રૂપ છે અને
આત્મા પ્રત્યે પ્રેમ તે ધર્મ - શુક્લધ્યાન રૂપ છે.
ધ્યાનથી આર્ત અને ક્રમથી મન નાશ પામે છે.

૧૮ પાપસ્થાનકોમાંથી પ્રથમના પાંચ પાપ પ્રવૃત્તિરૂપ છે,
બાકીના ૧૩ પાપ વૃત્તિરૂપ છે. વૃત્તિરૂપી પાપથી તંદુલમત્સ્ય
સાતમી નરકનો અધિકારી બને છે, તેથી તે વધુ ત્યાજ્ય છે.

તત્ત્વ લક્ષમાં આવે, ત્યારે રાગદ્વેષ ભયંકર નાગ સમ લાગે.

યત્ર જીવઃ શિવસ્તત્ર ન ભેદઃ જીવશિવયોઃ ।
ન હિંસ્યાત્ સર્વભૂતાનિ શિવભક્તિસમુત્સુકઃ ॥૧॥
(પરિશિષ્ટ-૧૫)

## અવસરવશ પૂછાતો એક પ્રશ્ન:

ધર્મનો અનુક્રમ દાન - શીલ - તપ - ભાવ કેમ?

જે દોષ વધુ ઊંડો, તેને દૂર કરવા માટેનો ધર્મ પહેલો,
અને ઉત્તરોત્તર દોષો દૂર કરવા શીલ - તપ - ભાવ છે.
લોભ છેક દસમે ગુણસ્થાનકે જાય, તેથી દાન સૌ પ્રથમ.
વેદ નવમે ગુણસ્થાનકે જાય, તેથી શીલ તે પછી છે.
આહારસંજ્ઞા છઠ્ઠે ગુણસ્થાનકે જાય, તેથી પછી તપ છે.
ભયસંજ્ઞા ચોથે ગુણસ્થાનકે જાય, તેથી છેલ્લે ભાવ છે.
તેથી ધર્મનો અનુક્રમ દાન - શીલ - તપ તથા ભાવ છે.

## આગમના ચાર અનુયોગમાં...

ગણિતાનુયોગથી બુદ્ધિ તથા કથાનુયોગથી શ્રદ્ધા વિકસે છે,
દ્રવ્યાનુયોગથી આત્મજ્ઞાન તથા સમકીત નિર્મળ થાય છે
અને ચરણકરણાનુયોગથી સર્વવિરતિથી જલ્દી
સ્વસ્વરૂપ પ્રાપ્તિમાં ઉદ્યમવંત થવાય છે.

જો પૂર્વનું પુણ્ય હોય, તો
દ્રવ્યમંગલ ફળ આપે છે, અન્યથા નહિ, જ્યારે
ભાવમંગલ તો નવું જ પુણ્ય ઉત્પન્ન કરે છે.

o

ધર્મો જગતઃ સારઃ સર્વસુખાનાં પ્રધાનહેતુત્વાત્,
તસ્યોત્પત્તિર્મનુજાત્, સારં તેનૈવ માનુષ્યં । (પરિશિષ્ટ-૧૬)

વૃક્ષનું મસ્તક નરક તરફ અને પગ સિદ્ધશિલા તરફ,
મનુષ્યના પગ નરક તરફ અને મસ્તક સિદ્ધશિલા તરફ.

ગર્ભાવસ્થામાં બાળક ઊંધે મસ્તકે રહે છે,
તે એકેન્દ્રિયપણાની અવસ્થા છે.
જન્મ્યા પછી બાલ્યાવસ્થામાં તિર્યંચની અવસ્થા અને
યુવાવસ્થામાં મનુષ્યપણાની અવસ્થા આવે છે.

ધર્મક્રિયામાં પ્રભુનું લક્ષ્ય જરૂરી

સાંસારિક કાર્યોમાં શ્રમ વધારે તથા ફળ ઓછું છે,
જ્યારે ધર્મના કાર્યોમાં શ્રમ ઓછો, ફળ ઘણું છે.

ધર્મક્રિયા દ્વારા વિષય-કષાય ઘટે, રાગાદિ ઘટે,
તો જ તે ધર્મક્રિયા યથાર્થ ગણાય.
ક્રિયા દ્વારા ધર્મ આત્મસ્પર્શી બને, એ જરૂરી છે.
આત્મા પ્રભુતાનો પિપાસુ છે.
અપૂર્ણ આરાધના પણ પ્રભુના લક્ષ્યપૂર્વકની હોય,
તો તે બીજના ચંદ્ર જેવી બને છે.
દિવસ અને રાતની જેમ સુખ પછી દુઃખ અને
દુઃખ પછી સુખ આવ્યા જ કરે છે.
દુઃખ આવે, ત્યારે પાપ ઘટાડીને પુણ્ય વધારવું જોઈએ.
દુઃખમાં સુખને ઇચ્છવું નહિ, પરન્તુ ધર્મને ઇચ્છવો.

દુઃખ દૂર કરવાની ઇચ્છા એ આર્તધ્યાન છે અને
સુખ મેળવવાની ઇચ્છા એ રૌદ્ર પરિણામ બને છે.

મનુષ્યને તન અશુચિભર્યું મળ્યું છે, કિન્તુ
મન અનુત્તરના દેવથી પણ ઉત્તમ મળ્યું છે.

નકામા વિચારો ભરી રાખવા, એ પણ પરિગ્રહ છે.

આત્માની શુદ્ધિ સિવાયની કોઈપણ શુદ્ધિ ધાર્મિક નથી.

## ચિત્ત નિર્મળ કરવા મહામંત્રજાપ

મહામંત્રનું સ્મરણ ચિત્તની સર્વ મલિન વાસનાઓને માર્જન કરે છે. દાનથી અહિંસા, પૂજનથી સંયમ અને મહામંત્રના સ્મરણ-ધ્યાનથી તપનો લાભ થાય છે. મહામંત્રના જાપથી પાપ કરવાની રૂચિનો નાશ થઈને સમ્યક્ ધર્મ કરવાની રૂચિ પ્રગટે છે.

જડ સંસ્કારોના કારણે પશુ બને છે,
બુદ્ધિના કારણે મનુષ્ય - ધર્મના કારણે દેવ બને છે.

સૂરજને જોવા માટે જેમ આંખ જોઈએ, તેમ ધર્મરૂપી સૂરજને જોવા કેવળજ્ઞાનરૂપી ચક્ષુ જોઈએ. એ ન હોય, તો જે રીતે સૂરજ માટે દેખતાંની સહાય લેવી જોઈએ, તેમ ધર્મ માટે શ્રી જિનવચનનો આધાર લેવો જોઈએ, અન્યથા નરક અથવા તિર્યંચરૂપી દુર્ગતિના ખાડામાં પડે.

## શબ્દબ્રહ્મ અને નાદબ્રહ્મ

સાહિત્ય એ શબ્દબ્રહ્મનો વિવર્ત છે અને
સંગીત એ નાદબ્રહ્મનો વિવર્ત છે.
આ દેખાતું જગત એ બ્રહ્મનો વિવર્ત છે.
જગત જગતરૂપે સત્ છે, બ્રહ્મના સંદર્ભે અસત્ છે.
સાહિત્ય અને સંગીત તે રૂપે સત્ છે, છતાં
અક્ષરબ્રહ્મ અને નાદબ્રહ્મની અપેક્ષાએ વિવર્તમાત્ર છે.
તાટસ્થ્ય તે નથી ઉદાસીનતા નહિ અહિત
Non-involvement ≠ Indifferance.
સંસારરૂપી કરુણ નાટકનું હિત અને
આનંદમય નાટકમાં રૂપાંતર કરવું, તે કર્તવ્ય છે.
સાહિત્ય દ્વારા રસને પામવાની ચાવી ઉપલબ્ધ થાય.
નાટકની Tragedy - કરુણ પર્યવસાન ભાવક માટે
સુખ અથવા આનંદ પર્યવસાયી બને છે, તેનું કારણ
એ છે કે કરુણરસમાં ભાવક પક્ષે સહાનુભૂતિ છે.
સહાનુભૂતિમાં ભાવક પોતે બહુ ઊંડેક આપે છે,
એવી લાગણી અનુભવે છે.
સાહિત્યના આનંદને pleasure કહેવાને બદલે
વૃત્તિઓની તલ્લીનતા - તલ્લીનિત પ્રસન્નતા કહી શકાય.

જે વાંચન - ચિન્તન પ્રેરે નહિ, તેમ જ
જે કોઈ વાંચન ચિન્તન માટે હોય નહિ, તે વાંચનને
દારૂ, બીડી, તમાકુના વ્યસન સમાન સમજવું.
ઘણાં ખરા મનુષ્યો વ્યસન તરીકે જ વાંચતાં હોય છે.
નિરૂદ્યોગી મનુષ્યોના અન્ય વ્યસનો જેવું જ તે ગણાય.

## રસનાનો સંયમ દુષ્કર શા માટે ?

દાંત ઘણું કામ કરે, છતાં તેને કાંઈ ન મળે.
જીભ કાંઈ ન કરે, છતાં બધો સ્વાદ તે લે.
દાંત અને પેટ બગાડે, જીભ તેવી ને તેવી જ રહે છે.
તેને વશ પડીને જીવ જાતે જાતને હારી જાય છે,
માટે રસનાનો સંયમ દુષ્કર કહ્યો છે.

વાયુની ચંચળતાથી છીંક - બગાસું વગેરે આવે છે, પિત્તની
ચંચળતાથી મૂર્છા, કફની ચંચળતાથી શ્લેષ્માદિ આવે છે.
વાતનો વિજય જ્ઞાનથી - પિત્તનું વારણ દર્શનથી થાય છે
અને કફનો નાશ ચારિત્રથી થાય છે, તેથી
ધર્મ એ અમૃતની ઉપમાને પામે છે.

ધર્મમાં દોષનું પ્રતિક્રમણ, નિંદન, ગર્હણ અને
વ્યુત્સર્જન રહેલું છે અને પ્રતિપક્ષમાં જોઈએ તો
ગુણ પ્રત્યે ક્રમણ, કીર્તન, વંદન અને મનન રહેલું છે.

દુષ્કૃતગર્હા એ મહાકાલી છે, સુકૃતાનુમોદના એ મહાલક્ષ્મી છે
અને શરણાગમન એ મહાસરસ્વતી છે.

જોવું તે દર્શન, જાણવું તે જ્ઞાન અને
આચરવું તે સમાધિનું કારણ છે.

દુષ્કૃતની ગર્હા વડે સર્વ દુષ્કૃતનું વર્જન થાય છે અને
સુકૃતની અનુમોદના વડે સર્વ સુકૃતનું સર્જન થાય છે.

સમગ્ર ધ્યાન અંતરાત્મામાં કેન્દ્રિત કરી મનને કેમ વશ કરવું?

તેનો સરળમાં સરળ ઉપાય: પાદ વડે પ્રાણને - પ્રાણ
વડે મનને વશ કરવાને કાયોત્સર્ગ ધ્યાનની ક્રિયા છે.

મનનો ચાલક પ્રાણ, પ્રાણનો ચાલક પાદ,
પાદનો ચાલક નાદ અને નાદનો આશ્રય લય છે.

મન એ સત્વનો શત્રુ છે.
સાધકે એ શત્રુનો પરાજય કરવો જોઈએ.

કાયોત્સર્ગમાં પ્રમાણ નિયત છે પણ ધ્યેય અનિયત છે.
ધ્યેય તરીકે સ્થાપનેશના ગુણો, તત્ત્વ, સ્થાન, વર્ણ,
અર્થ, આલંબન, સ્વદોષ - પ્રતિપક્ષ આદિ છે.
સ્થાપનેશ = પરમેષ્ઠિઓના સ્વરૂપનું ચિન્તન - ધ્યાન.
ધ્યાન મુખ્ય છે, તે દ્વારા વિવેકની ઉત્પત્તિ થાય છે.
આ ધ્યેયનું ધ્યાન વિવેકની ઉત્પત્તિમાં કારણ છે.

એ રીતે જ ઉપયોગની શુદ્ધિ થાય છે. શુદ્ધ લાભથી ઉપાર્જન કરેલ કર્મ અવન્ધ્ય હોય છે અને ઉત્તરોત્તર શુદ્ધ લાભનું કારણ બને છે. એવા પ્રશસ્ત હેતુથી તેનું ફળ વિવેક અને વિવેકનું ફળ શુભ લાભ જાગે છે.

શુભ લાભ એટલે વૈરાગ્ય લાભ - ભક્તિ લાભ.

એનું ફળ મોક્ષમાર્ગે પ્રયાણ છે.

પહેલાં આદર અકૃત્રિમ ઉદ્દેશ શુદ્ધિ, પછી અનુષ્ઠાન. જ્ઞાનીઓનો સંગ કૃતજ્ઞતા - જિજ્ઞાસાતુષ્ટિ રૂપે હોય છે.

સાધક પ્રભુ પંચ પરમેષ્ઠિ રૂપે ક્યારે પ્રતીત થાય?

સાધક આત્મસાધનામાં પ્રવૃત્ત થાય, ત્યારે સાધુ બને છે, ઉપાધિ દૂર કરી આત્મઅધ્યયન કરે, ત્યારે ઉપાધ્યાય બને, જ્ઞાનાદિ આચારમાં પ્રવર્તે, ત્યારે આચાર્ય બને છે, ઘાતી કર્મને હણે, ત્યારે અરિહંત બને છે અને અઘાતી કર્મને પણ હણે, ત્યારે સિદ્ધસ્વરૂપી બને છે.

एतद् विद्या जन्मबीजं तत्पारमेश्वरम्।

अतः इत्थमेवोपयोग शुद्धेः।

शुद्धभावोपात्तं कार्य अवन्ध्यम्। सुवर्णघटाद्युदाहरणात्।

एतदुदतो विद्याजन्म, कारणानुरूपत्वेन।

- ललितविस्तरायाम्।

## મોક્ષ સત્ય હકીકત

જેમ અજાણ્યા મહાત્માની સાથે રહેવામાં આવે, તો
મુંઝવણ થાય, તેમ મંદિર અજાણ્યું છે, ઘર જાણીતું છે,
તેથી જીંદગીભર ઘરનો કંટાળો નહિ આવતો.
મંદિરમાં વધુ સમય થાય, તો કંટાળો આવે છે.

**શુદ્ધ ધર્મનું લક્ષણ એ છે કે:**

'હું જે છું, તેમાંથી જરા ય વિચલિત ન થવું.'
સ્વયંમાં અસ્તિત્વ ધરાવવું, તે જ મોક્ષ છે.
સ્વયંના અનુભવથી જ ધર્મ પામી શકાય છે.
સ્વને છોડી અન્ય તરફ દોડવું = વાસના = દુઃખ છે.
સ્વના અનુભવથી જે સુખ મળે, એ જ સુખ છે.
પોતાની ભીતર દોડવું = સ્વર્ગ - એ જ મંગળમય છે.
જીવનમાં અહિંસા - સંયમ - તપ આવી જાય, તો જ
સ્વયંમાં સ્થિર થઈ શકાય, માટે તે જ ઉત્કૃષ્ટ મંગળ છે.
અન્યને કે સ્વયંને સતાવવું, તે હિંસા છે. એ ઉપરથી
આગ્રહ = હિંસા, અનાગ્રહ = અહિંસા ફલિત થાય છે.
પ્રભુની વાણી સ્યાદ્વાદમય છે = અનાગ્રહથી પૂર્ણ છે.
વાસ્તવમાં સત્ય મહાન વસ્તુ છે,
તેના અભાવ અસત્ય વામન છે.

સંપના મધુર ફળકુણો

પોતાના અપરાધની માફી માંગવી,
બીજાના અપરાધથી વિરમવું અને ઉપકારમાં પ્રવર્તવું.

વિશ્વાસ અને શ્રદ્ધાની જુગલબંધી શું કરે?

વિશ્વાસ ગુરુના વચન ઉપર, શ્રદ્ધા સ્વપ્રયત્ન ઉપર,
બન્ને મળવાથી જ અભ્યન્તર કાર્યની સિદ્ધિ થાય છે.
ગુરુનું જ્ઞાન ગુરુવચન ઉપર વિશ્વાસ રાખનારને
પ્રાપ્ત થાય છે અને એ વિશ્વાસ જ
શ્રદ્ધાને જન્માવાને સ્વરૂપ પ્રયત્ન કરાવે છે.

o भवानी-शंकरौ वन्दे, श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाः स्वान्तस्थमीश्वरं ॥१॥
न शक्यः चक्षुषा द्रष्टुं, देहे सूक्ष्मतमो विभुः ।
दृश्यन्ते ज्ञानचक्षुर्भिः तपश्चक्षुभिरेव च ॥२॥

o श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
अज्ञश्च अश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥

o केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला ।
न स्नानं न विलेपनं न कुसुमं नाऽलंकृता मूर्धजाः ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।
क्षीयन्ते खलु भूषणानि सततं वाग् भूषणं भूषणं ॥१॥

(પરિશિષ્ટ-૧૭)

Dt 31-12-74, Mehsana

એક અંતર્મુહૂર્ત પણ આત્મસ્વરૂપનું ચિંતવન થાય તો
સર્વ કર્મનો નાશ મરૂદેવા માતાના દૃષ્ટાંતથી થાય.

'આઠ કર્મોથી આત્મા જુદો છે.
કર્મો અનિત્ય છે, આત્મા નિત્ય છે.
કર્મો જડ છે, આત્મા ચેતન છે.
કર્મો અધોગામી છે, જીવ ઉર્ધ્વગામી છે.
કર્મ સકલંક છે, આત્મા નિષ્કલંક - જ્ઞાનાનંદથી પૂર્ણ છે.'
એ રીતનો વિચાર કરવાથી
કર્મોનું બળ ઘટે છે અને આત્મબળ વધે છે.
વિષયાભિલાષ એ રાગ-દ્વેષનું - કર્મબંધનું કારણ છે.
વિષયો વધે, તેમ આરંભ - સમારંભની સાથે કષાયની
પણ વૃદ્ધિ થાય છે, તેથી વિષયોનો સંગ ત્યાજ્ય છે.
પ્રભુની વાણીનો બધો ઝોક કષાય તથા
વિષયોની આગમાં બળતાને સમજાવવા ઉપર ખાસ છે.
વિરક્તિ દ્વારા શાંતિ અને સમતા તરફ લઈ જાય છે.
ધ્યાન પણ ત્યારે જ સહજ બને છે.
મલિન વૃત્તિઓના પાશમાંથી છૂટકારો મેળવવો,
એજ સાચો મોક્ષ છે.

## વૈખરી - મધ્યમા - પશ્યન્તી - પરાવાણી

પ્રભુની વાણીના સાક્ષાત્ સ્વાદમાંથી
જે પ્રકાશ પ્રાપ્ત થાય છે, તે જુદી જ હોય છે.
પરા - પશ્યન્તી ભાષા કેવળજ્ઞાનીને હોય,
છદ્મસ્થને વૈખરી - મધ્યમા ભાષા હોય.
વૈખરી = પ્રકટ ભાષા, જે બોલાઈ - ફેલાઈ જાય તે.
એક સ્થાને સ્થિર થવાથી કાયગુપ્તિ,
વાણી વડે મૌન ધારણ કરવાથી વચનગુપ્તિ અને
મન વડે એકાગ્ર ચિન્તનથી મનોગુપ્તિ સધાય છે.
વૈખરીમાં વાચકપદનું અને મધ્યમામાં વિકલ્પકપદનું
મૌન છે, તેમાં મંત્ર પૂરતી જ વિકલ્પરૂપતા રહે છે.
તેના પરિણામે જે નિર્વિકલ્પતા - નિષ્પ્રકંપતા પ્રગટે છે,
તે પશ્યંતી વાણી ધ્યાનરૂપ છે.
અપ્રયત્ન કે અનવસ્થિત ચિત્ત - તે ધ્યાન નહિ, કિન્તુ
આલંબન પ્રત્યે સજગતા તે ધ્યાન છે.
બાહ્ય સાથે શૂન્યતા અને ર આંતર સાથે એકતા હોય છે.
સ્થાન - કાયાની એકાગ્રતા વૈખરી વડે,
મૌન - વાણીની એકાગ્રતા મધ્યમા વડે અને
ધ્યાન - મનની એકાગ્રતા પશ્યંતી વડે સધાય છે.

એક 'નમો' પદ વડે
વૈખરી, મધ્યમા અને પશ્યંતી - ત્રણે વાણીનું
મૌન અભિપ્રેત છે અને માત્ર પરાવાણીમાં જવાનું છે,
તેનું જ નામ 'આત્મારામતા' છે.
કલ્પનાજાલાદિ વિમુક્તિ તે મધ્યમા,
સમત્વમાં સ્થિતિ તે પશ્યંતી અને આત્મારામતા તે પરા.
મનોગુપ્તિને સાધવાનું અનન્ય સાધન
'નમો' પદની ભાવના છે.

સાંભળવાના બે અર્થ છે: એક અર્થ માત્ર સાંભળવું અને
બીજો અર્થ: જે સાંભળ્યું છે, તે પ્રમાણે વર્તન કરવું.
સાચું શ્રવણ તે છે કે જે વચનોને સાંભળી,
જીવનમાં તેનો યથાશક્તિ અમલ કરવો.

હેય-જ્ઞેય-ઉપાદેયને જાણવું તે <u>જ્ઞાન</u>, સદ્દહવું તે <u>દર્શન</u>,
પ્રત્યાખ્યાનપૂર્વક હેયને છોડવું તે <u>ચારિત્ર</u> અને
ઉપાદેયને ગ્રહણ કરવું તે <u>તપધર્મ</u> છે.
છોડવાથી સંવર અને ગ્રહણથી નિર્જરા થાય છે.

કીર્તનથી પ્રાયશ્ચિત્ત અને મનઃપ્રસાદ વડે દર્શનવિશુદ્ધિ,
વંદનથી દર્શાવાતાં વિનય દ્વારા જ્ઞાનવિશુદ્ધિ તથા
મહન - માનસપૂજનથી વિશાલતા અને ચારિત્રવિશુદ્ધિ.

'આરૂગ્ગ બોહિલાભં સમાહિવર મુત્તમં દિંતુ |'
કીર્તનથી અધ્યાત્મપ્રસાદ - આરોગ્ય,
વંદનથી પ્રત્યલોક - બોધિ,
પૂજનથી પ્રશાંતવાહિતા - સમાધિ.
'વિશલ્યકરણ' એટલે મન - ઇંદ્રિયોનો સ્રોત
નિરૂદ્ધ થવાથી શુદ્ધ ચૈતન્યની જે અનુભૂતિ થાય તે.
મનની ક્રિયા નિરૂદ્ધ થયા પછી જ
શુદ્ધ ચૈતન્યનો દીપ પ્રદીપ્ત થાય છે.
કારણો ચાર છે: ઉપાદાનકર્તા, ઉપાદાનક્રિયા,
ઉપકારીકર્તા અને ઉપકારીકર્તાની ક્રિયા.
વિદ્વાન થવાની યોગ્યતાવાળો વિદ્યાર્થી,
તેની ભણવાની ક્રિયા, ભણાવનાર યોગ્ય અધ્યાપક અને
તેમની ભણાવવાની ક્રિયા મળીને વિદ્યાર્થી વિદ્વાન
બની શકે છે. એ રીતે મોક્ષમાર્ગ માટે પણ સમજી લેવું.
'યોગ' શબ્દનો એક અર્થ તાદાત્મ્ય સ્થાપિત કરવું.
ઈશ્વર સાથે તાદાત્મ્યનું નામ છે 'ઈશ્વર સાક્ષાત્કાર'.
૦ યોગકથામૃત - એક યોગીની આત્મકથા (અંગ્રેજીમાં)
લેખક : પરમહંસ યોગાનંદ, પ્રકાશક : વોરા એન્ડ કંપની,
3, રાઉન્ડ બાલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨.

ધમ્મપદ - ૨૬|૬માં 'વિપશ્યના' વિષે કહ્યું છે કે:
જે શીલસંપન્ન છે, વિપશ્યનાસંપન્ન છે, ધર્મસંપન્ન છે,
સત્યસંપન્ન છે, ધર્મનિષ્ઠ છે, સત્યવાદી છે અને
કર્તવ્યપરાયણ છે, તેને લોકો ચાહે છે.

વિપશ્યના = વિશેષ પ્રકારે જોવું.

વિપશ્યના એ સુખપૂર્વક જીવવાની એક વૈજ્ઞાનિક કળા છે.
Key to happy life is to see as it is.
પ્રતિક્ષણ ચિત્તને સપ્રમાણ રાખી વીતરાગતા તરફ લઈ જનારી અને ગ્રન્થિવિમોચનની વિધિનું નામ વિપશ્યના, જે કાયોત્સર્ગ વિધિને ઘણે અંશે મળતી આવે છે.
વિપશ્યનાકાર શીલવાન, સમાધિવાન અને પ્રજ્ઞાવાન બની ધર્મવાન બને છે. શુદ્ધ ધર્મ સંપ્રદાયથી પર છે.

ચિત્તશુદ્ધિ, મનઃશાંતિ અને પારસ્પરિક મૈત્રી સાર્વજનીન વસ્તુ છે, તેથી સુ + આખ્યાત કહેવાય છે.
સ્થૂલ પદાર્થના સહારેથી સૂક્ષ્મ પદાર્થ સુધી પહોંચી શકાય તથા અંતે પરમ સત્યરૂપી નિર્વાણને પામી શકાય છે.

પરમ સત્ય એ બુદ્ધિવિલાસ નહિ, કિન્તુ પ્રત્યક્ષ અનુભૂતિરૂપ છે અને આદિ - મધ્ય - અંતમાં કલ્યાણકારી - મંગળકારી - હિતકારી - સુખકારી છે.

## જાગ્રત - અજાગ્રત મનનો ભેદ પારખવા વિપશ્યના

વિપશ્યના સાધના દ્વારા જાગ્રત મનને સક્રિય કરી
અર્ધ જાગ્રત અને અજાગ્રત મનને જાગ્રત કરી
શકાય છે અને એ દ્વારા જાગ્રત - અજાગ્રત મનનો ભેદ
દૂર કરી અજાગ્રત મનના સંસ્કારોને દૂર કરી શકાય છે,
જાગ્રત મન ઉપર પડતાં વિકારોથી બચી જવાય છે.

શ્વાસનો મનની સાથે ગાઢ સંબંધ છે.
શ્વાસની સહાય લઈને મનની અંદર રહેલી ગ્રન્થિઓ
સુધી પહોંચી શકાય. બહિર્મુખ મનને અંતર્મુખ બનાવવા
માટે શ્વાસ ઉપર કેન્દ્રિત થવું સહાયરૂપ બને છે,
એથી મન સક્રિય અને સૂક્ષ્મ બને છે, તેથી
આંતરમનની સંવેદનાઓને પકડી શકે છે અને
તે સંવેદનાઓને દૂર પણ કરી શકે છે.

આનાપાન - સ્મૃતિ = શ્વાસોચ્છ્વાસ પ્રત્યેની જાગરૂકતા.

તેમાં સુખદ - દુઃખદ સંવેદનાઓ પ્રત્યે
જાગરૂક બનવાનું હોય છે અને તટસ્થભાવથી તેને
જોવાથી વિકારોનો છૂટકારો સહજ બને છે.
ભોક્તાભાવ મટી જવાથી નવા સંસ્કાર પડતાં નથી
અને જુના સંસ્કારો નાશ પામી જાય છે.

એકાગ્રતા અને સૂક્ષ્મતા જેટલા વધે છે,
તેટલા શુદ્ધિ વધતી જ જાય છે અને
આસક્તિ રોગોથી પણ મુક્તિ મળી જાય છે. મનનું
નૈસર્ગિક સ્વરૂપ પ્રેમ છે. પ્રેમસ્વરૂપ વિશાળ છે, તેને
મૈત્રી - મુદિતા - કરુણા - ઉપેક્ષા શબ્દથી ઓળખાય છે.
પ્રથમ આનાપાન સ્મૃતિ, પછી આંતરસંવેદનાઓને
વિષે જાગરૂકતા અને અંતે પ્રેમવિચાર સધાય છે, તેથી
રાગ - દ્વેષનો અને દુઃખમાત્રનો નિરોધ સિદ્ધ થાય છે.

વિપશ્યનાનો માર્ગ કેમ અધૂરો?

ગોયેન્કાના માર્ગમાં ઈશ્વરપ્રણિધાન ન હોવાના કારણે
ભક્તિ આવી શકતી નથી, તેથી એ માર્ગ અધૂરો છે.
એમાં મૈત્રીભાવ છે, પરંતુ મૈત્રીભાવ કરતાં પણ
પરમાત્મતત્ત્વ પ્રત્યેનો ભક્તિભાવ તો વધુ જરૂરી છે.
તે ન હોવાના કારણે એ માર્ગ અધૂરો અને
આગળ જતાં વિકાસ માટે બાધક થઈ પડે તેવો છે.

Forgiving love of God sets me free from the results of the mistakes of past. God's cleansing, healing & purifying love is always active.

'સોનારૂપા જે ફૂલડે સિદ્ધાચલ વધાવું...' પદનો રહસ્યાર્થ:

જ્ઞાન - ક્રિયારૂપી ફૂલો દ્વારા
સિદ્ધાચલ એવા સ્વઆત્માને વધાવવો અર્થાત્
જ્ઞાન - ક્રિયા દ્વારા આત્માને સંયમમાં સ્થિર કરવો.
તે વડે પ્રાપ્ત શુક્લ ધ્યાન દ્વારા પરમાત્માને ઓળખી,
'તેમની આજ્ઞામાં જ ધર્મ છે' એમ સદ્દહી
પ્રત્યેક ક્રિયામાં આનંદ અનુભવવો.

જિનશાસન પ્રતિ વફાદારી પ્રગટાવવા રૂપ
ભાવપૂજા દ્વારા આત્માને પુણ્યાનુબંધી પુણ્યનું પાત્ર
બનાવી, પ્રશાંત થયા છે વિષય - કષાય જેમાં એવા
મન - વચન - કાયાના શુભ યોગો દ્વારા
કર્મબદ્ધ અપવિત્ર એવા દેહાધ્યાસવાળો
મલિન આત્મા પણ નિર્મળ થાય છે.

'વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહિની સેવા...'
આ પદનો રહસ્યાર્થ એ છે કે:

અધ્યવસાયથી નિર્મળ અને અચલ એવા
આત્માની સેવા કરીએ, આત્માને બહિરાત્મ ભાવથી
છોડાવી અંતરાત્મ ભાવમાં લાવવો, એજ એની સાચી
સેવા છે, તે જ શિવતરૂફલને - પરમાત્મપદને આપે છે.

અતિનિર્મળ અને અચળ સિદ્ધસ્વરૂપી આત્મતત્ત્વ પ્રતિ
ન - મનભાવરૂપ સેવા એજ આત્માની સાચી સેવા છે,
જે નિર્જરા અને મોક્ષફળને શાશ્વતપણે મેળવી આપે છે.

'કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે...'

પદનો રહસ્યાર્થ: આત્મરૂપ તીર્થની તોલે કોઈ તીર્થ નથી.
બાહ્ય તીર્થોની યાત્રા જે ફળ આપે, તેના કરતાં આત્મામાં
રમણતારૂપ તીર્થયાત્રા અતિ શ્રેષ્ઠ ફળની દાતા બને છે.
આત્મગિરિ ઉપર આરોહણ કરનાર અંતર - આત્મા
સુખશાતાવાળી મોક્ષલક્ષ્મીને મેળવે છે.

'શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર...' પદનો રહસ્યાર્થ

રાગાદિ શત્રુનાશક આત્મા જ સ્વયં સિદ્ધક્ષેત્ર છે.
આત્મદર્શનમાં નિમગ્ન આત્મા કર્મબંધથી લેપાતો નથી.
ભાવપૂર્વક શિખર પર આરોહણ કરનાર ભવપાર પામે છે.
અનંતા સિદ્ધોના સ્થાનરૂપ સિદ્ધાચલ - સિદ્ધશિલાની સેવા
તથા ધ્યાન દ્વારા આપણો આત્મા સિદ્ધસ્વરૂપ બને છે,
તેથી જ સિદ્ધાચલ તીર્થ એ
સર્વ તીર્થોના રાજા એટલે 'તીર્થાધિરાજ' કહેવાય છે.
પૂર્વ ૯૯ વાર સિદ્ધક્ષેત્રમાં પ્રભુ સમોસર્યા, તેમ આત્માને
પરમાત્મદશાના લક્ષ્યપૂર્વક અંતરાત્મભાવમાં પ્રવર્તાવવો.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૬)**
અરિહંત પરમાત્માની પૂજાથી મનની પ્રસન્નતા મળે છે. પ્રસન્નતાથી સમાધિ અને સમાધિથી મોક્ષ મળે છે, માટે પરમાત્માની પૂજા કરવી જોઈએ.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૪૧)**
કષાયો અને ઈન્દ્રિયો વડે જીતાયેલો આત્મા જ 'સંસાર' છે અને તેને જીતનારાને જ જ્ઞાની પુરૂષો 'મોક્ષ' કહે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૫૯)**
જાપ કરવાથી જ બ્રાહ્મણ તરીકે સિદ્ધ થાય છે, એમાં સંશય નથી. બીજું કાંઈ કરે કે ન કરે, મૈત્ર 'બ્રાહ્મણ' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૦)**
'જ'કારથી જન્મનો નાશ થાય. 'પ'કાર પાપનાશક છે, તેથી જાપને જન્મ અને પાપનો નાશક કહ્યો છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૩)**
અશ્રદ્ધા વડે પણ જેનું નામકીર્તન કરાય કે સ્મરણ કરાય, તો તે પાપથી મુકત થાય અને મૃત્યુ પામે તો મોક્ષપદ મળે છે. (૧) તે સંસાર રૂપી ઘોર જંગલ માટે દાવાગ્નિ સમાન મધુસૂદનનું સ્મરણ કરવાથી જીવ સર્વ પાપોનો તત્કાળ નાશ કરે છે. (૨)

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૬૬)**
ભાવ વડે દેવનાં દર્શન કરવા, ભાવ વડે પરમ જ્ઞાન થાય, ભાવ વડે સર્વ પ્રાપ્ત થાય છે, માટે ભાવનું જ આલંબન લેવું.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૬)**
જાપ વિના મંત્ર સિદ્ધ થતો નથી, આહૂતિ વિના તે ફલ આપનાર બનતો નથી. અગ્નિકાર્ય વડે વિભૂતિપણું અને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

o જે દેવનું જેવું રૂપ, જેવા આભૂષણ અને વાહન હોય, તે રૂપે હંમેશા ધ્યાન કરાય, તેને સ્થૂલ ધ્યાન જાણવું.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૭૩)**

સર્વ મંત્રમય અને સર્વ દેવમય હોવાથી તીર્થંકર ભગવંતો બીજા કોઈ મંત્રમાં ન્યાસ કરવા યોગ્ય નથી.

o પરમેષ્ઠિ ભગવંતોની શ્રેણિના રત્નસ્વરૂપ હ્રીંકારને લક્ષ્ય બનાવીને એમાં જે શ્રી વીરપ્રભુનું ધ્યાન કરે છે, તે શ્રી ગૌતમસ્વામી અથવા શ્રી સુધર્માસ્વામી છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૦૯)**

જેવી રીતે ત્રણ લોકના મુગટ સમાન સિદ્ધશિલા ઉપર સિદ્ધ ભગવંતોની પ્રતિષ્ઠા છે તથા જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહેશે, ત્યાં સુધી આ પ્રતિષ્ઠા સારી રીતે સ્થિર રહો.

- પંચાશક ૮/૩૪

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૧૭)**

જ્ઞાન અને ક્રિયા સાથે મળવાથી મોક્ષ થાય છે. પોતાના જણાયે છતે જ્ઞાન કરવા યોગ્ય (આત્મા) જ બાકી રહે છે, એ ન જણાય તો બીજું જ્ઞાન નિરર્થક છે. - અધ્યાત્મસાર

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૧૮)**

જિનેશ્વર ભગવાન પ્રત્યે કુશળ ચિત્ત અને તેમને નમસ્કાર કરવો, તે જ યોગનું સમ્યગ્, શુદ્ધ, ઉત્તમ બીજ છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૪૭)**

દુષ્ટ ચિત્ત વડે પણ સ્મરણ કરાયેલા પાપો હરિ દૂર કરે છે. અનિચ્છાએ પણ સંસ્પર્શાયેલ અગ્નિ બાળે જ છે.

o અચ્યુત - અનંત એવા કૃષ્ણ ભગવાનના નામોચ્ચારરૂપી ઔષધથી બધા રોગો નાશ પામે છે, તે હું ખરેખર સાચું કહું છું.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૫૭)**

ધર્મથી ધન મળે છે, ધર્મથી સુખ મળે છે, ધર્મથી બધું જ મળે છે, માટે આ જગતમાં ધર્મ જ સાર છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૮૧)**
આલંબન અને આદરથી ઉત્પન્ન થયેલ અને વિઘ્નના ક્ષયથી ધ્યાનાદિમાં આગળ વધ્યા પછી યોગીઓનો ભ્રંશ થતો નથી.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૯૫)**
જ્યાં જીવ છે, ત્યાં જ શિવ છે. જીવ અને શિવમાં ભેદ નથી, માટે શિવભક્તિ કરવા ઉત્સુક થયેલ આત્મા કોઈ જીવની હિંસા ન કરે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૯૬)**
સર્વ સુખોનું મુખ્ય કારણ હોવાથી ધર્મ એ જ જગતમાં સાર છે. તેની ઉત્પત્તિ મનુષ્યથી થાય છે, માટે ધર્મ વડે જ મનુષ્યપણું સારભૂત છે.


**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૨૦૪)**
શ્રદ્ધા અને વિશ્વાસ સ્વરૂપ શંકર-પાર્વતીને હું વંદન કરૂં છું, જેના વિના સિદ્ધ પુરૂષો પણ પોતાના હૃદયમાં રહેલા ઈશ્વરને જોઈ શકતા નથી. (૧)
અત્યંત સૂક્ષ્મ પ્રભુ શરીરમાં ચક્ષુ વડે જોવા શક્ય નથી, તે તો જ્ઞાનચક્ષુ વડે અથવા તપરૂપી ચક્ષુ વડે જ દેખાય છે. (૨)

૦ શ્રદ્ધાવાન અને સંયત ઈન્દ્રિયવાળો અને તત્પર થયેલો જ્ઞાન મેળવે છે, અજ્ઞ અને અશ્રદ્ધાવાળો - સંશય કરનારો આત્મા વિનાશ પામે છે.
૦ બાજુબંધ કે ઉજ્જવળ હાર પુરૂષને શોભાવતાં નથી, સ્નાન, વિલેપન કે પુષ્પો વડે મસ્તક અલંકૃત થતું નથી, માત્ર એક સંસ્કારયુકત બોલાતી વાણી પુરૂષને અલંકૃત કરે છે. બીજા અલંકારો તો સતત ક્ષય પામે છે, વાણી એ જ ખરેખર અલંકાર રૂપ છે.



ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

ઈશ્વરની સાથે તાદાત્મ્યનું નામ છે:
'ઈશ્વરસાક્ષાત્કાર'.




'યોગ' શબ્દનો મૂળ અર્થ છે:
તાદાત્મ્ય સ્થાપિત કરવું.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in